**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૪.૦૮ |
| પાઉન્ડ | ૧૦૯.૦૧ |
| યુરો | ૯૦.૯૫ |
| સઉદી રિયાલ | ૨૨.૩૯ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૮૨,૦૭૫ |
| ચાંદી (૧ કિલો) | ૧,૦૯,૦૦૦ |

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991




Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૯૩ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# કેનેડામાં શીખ અલગતાવાદીઓ પર હુમલા પાછળ અમિત શાહનો હાથ, ટ્રુડો સરકારનો નવો આરોપ

## સરકારી સૂત્રો કહે છે કે અમિત શાહ આવા દાવાઓ પર ધ્યાન આપતા નથી કારણ કે કેનેડાના વડાપ્રધાન તેમની વોટ બેંકને ખુશ કરવા માટે કોઈપણ સ્તરે જઈ શકે છે. કેનેડાએ ભારતને લોરેન્સ બિશ્નોઈને પણ રોકવા માટે પણ કહ્યું છે





### શીખ અલગતાવાદીઓને 'ટાર્ગેટ' કરવાના કાવતરામાં અમિત શાહની કથિત સંડોવણીને લીક કરી હતી : કેનેડિયન અધિકારીએ પુષ્ટિ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

કેનેડાની સરકારે કેનેડામાં શીખ અલગતાવાદીઓની જાસૂસી અને હિંસા પાછળ ભારતના ગૃહ પ્રધાન અમિત શાહનો હાથ હોવાનો આરોપ મૂક્યો છે. તેણે ભારતને જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈને કેનેડામાં વધુ હિંસક ગતિવિધિઓ રોકવા માટે પણ કહ્યું છે. કેનેડાના નાયબ વિદેશ પ્રધાન ડેવિડ મોરિસને મંગળવારે પુષ્ટિ કરી હતી કે તેઓએ ધ વોશિંગ્ટન પોસ્ટને આ મહિનાની શરૂઆતમાં અમિત શાહ વિરૂદ્ધના આરોપો અંગે પ્રથમ અહેવાલ આપ્યો હતો. સરકારી સૂત્રએ કહ્યું છે કે, અમિત શાહ સામેના આ આરોપો અંગે અમે તેને ગંભીરતા સાથે લેતા નથી કારણ કે કેનેડાના PM તેમની વોટ બેંકને ખુશ કરવા માટે કોઈપણ સ્તરે જઈ શકે છે, તેનો અર્થ એ નથી કે ભારતના ગૃહ પ્રધાન આ નિવેદનને મહત્વ આપશે આવા દાવાઓ તિરસ્કાર સાથે તે લાયક છે. ભારત-કેનેડાના સંબંધો કેનેડાના આ આક્ષેપોથી વધુ ખાબ થયા છે કે વરિષ્ઠ ભારતીય સરકારી અધિકારીઓ કેનેડાની ધરતી પર હિંસક પ્રવૃત્તિઓનું આયોજન કરી રહ્યા છે, જેમ કે શીખ અલગતાવાદી અને ભારત-નિયુક્ત આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા. આ બંને દેશોએ પોતાના રાજદ્વારીઓને પાછા ખેંચી લીધા છે. મંગળવારે કેનેડિયન સ્થાયી સમિતિની સુનાવણીમાં, મોરિસને કહ્યું કે વોશિંગ્ટન પોસ્ટના પત્રકારોએ મને કોલ કર્યો અને મને પૂછ્યું કે શું તે વ્યક્તિ અમિત શાહ છે અને મેં પુષ્ટિ કરી કે તે એ જ વ્યક્તિ છે. કેનેડામાં ભારતીય ગતિવિધિઓની તપાસ કરી રહેલી રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP) એ હજુસુધી અમિત શાહ પર જાહેરમાં આરોપ લગાવ્યા નથી. આરસીએમપી કમિશનર માઈકલ ડુહેમે અગાઉની પ્રેસ બ્રીફિંગમાં તેમનું નામ લીધું ન હતું. માત્ર ધ વોશિંગ્ટન પોસ્ટે તેના અહેવાલમાં શાહનું નામ લીધું હતું. નેશનલ સિક્યુરિટી એન્ડ ઈન્ટેલિજન્સ એડવાઈઝર (NSIA) નાથાલી જી. ડ્રોઈને અમેરિકન પ્રકાશન સાથે શાહ વિશેની માહિતી શેર કરવાનો ઈન્કાર કર્યા પછી મોરિસને મંગળવારે જાહેર સલામતી અને રાષ્ટ્રીય સુરક્ષા પરની સ્થાયી સમિતિ સમક્ષ તેઓએ આ માહિતી લીક હોવાની પુષ્ટિ કરી હતી.

ધ વોશિંગ્ટન પોસ્ટના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે કેનેડિયન અધિકારીઓએ ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલને જણાવ્યું હતું કે અમિત શાહે ગુપ્તચર માહિતી એકત્ર કરવાની પ્રવૃત્તિઓ અને કેનેડામાં શીખ અલગતાવાદીઓ પર હુમલાને અધિકૃત કર્યા હતા. આ રિપોર્ટમાં એ પણ ખુલાસો થયો છે કે આરસીએમપી માત્ર ભારતીય અધિકારીઓ અને નિજ્જરની હત્યા વચ્ચેના સંબંધોની તપાસ કરી રહી નથી પરંતુ તેના પછી બીજા શીખ અલગતાવાદી સુખદૂલ સિંહની હત્યાની પણ તપાસ કરી રહી છે.

કેનેડિયન NSIA ડ્રોઈને એ વાતનો ઈનકાર કર્યો હતો કે કેનેડિયન સરકારે નિજ્જરની હત્યા અંગે રાજકીય રીતે પ્રેરિત તપાસ હાથ ધરી હતી અને વરિષ્ઠ અધિકારીઓ આ માહિતી આપવામાં સામેલ હતા તે સ્વીકાર્યા પછી, વાર્તાને વધુ વાઈરલ કરવા માટે સ્થાનિક મીડિયાનો ઉપયોગ કર્યો હતો. NSIA એ કહ્યું કે, અમે ભારતને સહકાર આપવા માટે જે કાર્યવાહી કરી હતી તેના પર અમે બિન-વર્ગીકૃત માહિતી પ્રદાન કરી છે અને આ પુરાવાઓ કેનેડિયનો વિરૂદ્ધ ગેરકાયદેસર પ્રવૃત્તિઓની ભારત સરકાર સાથે લિંક્સ દર્શાવે છે. ડ્રોઈનના જણાવ્યા અનુસાર, ઓટ્ટાવાએ તાજેતરના આરોપો સાથે જાહેરમાં જતા પહેલા ભારતને ત્રણ વિકલ્પો ઓફર કર્યા હતા. તેમાં રાજદ્વારી પ્રતિરક્ષા રદ કરવી, કેનેડિયન તપાસમાં સહયોગ કરવો અને કેનેડામાં આવી પ્રવૃત્તિઓ બંધ કરવા લૉરેન્સ બિશ્નોઈને રોકવો. ભારતે એકપક્ષીય વિકલ્પમાં ભારતીય રાજદ્વારીઓને હાંકી કાઢ્યા હતા. સિંગાપોરમાં ૧૨ ઓક્ટોબરની બેઠકમાં ડોભાલને આ વિકલ્પો ઓફર કરવામાં આવ્યા હતા. તે સમયે ભારતીય NSA અને કેનેડાની સરકાર તમામ માહિતી ગુપ્ત રાખવા સંમત થયા હતા. જો કે, ડ્રોઈને આરોપ લગાવ્યો હતો કે ભારત સરકારે રવિવાર, ૧૩ ઓક્ટોબરના રોજ જાહેરમાં નિવેદન આપ્યું જેના લીધે ઓટાવાએ આ માહિતી ધ વોશિંગ્ટન પોસ્ટને લીક કરી હતી.

કેનેડાની સરકારે નિજ્જરની હત્યામાં "હિત ધરાવતા વ્યક્તિઓ" તરીકે ભૂતપૂર્વ હાઈ કમિશનર સંજય કુમાર વર્મા સહિત છ રાજદ્વારીઓ માટે ભારત પાસેથી રાજદ્વારી માફીની માંગણી કર્યા પછી તાજેતરના અઠવાડિયામાં ભારત અને કેનેડા વચ્ચે રાજદ્વારી અવરોધ વધી ગયો છે.

૧૮ જૂન ૨૦૨૩ના રોજ બ્રિટિશ કોલંબિયાના સરેમાં એક ગુરુદ્વારાની બહાર નિજ્જરની હત્યા કરવામાં આવી હતી. ચાર ભારતીય યુવાનોની ધરપકડ કરવામાં આવી છે અને હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ચાર યુવાનોને ભારત સરકારના અધિકારીઓ સાથે જોડતી કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. ભારત સરકારે વર્મા અને અન્ય પાંચ રાજદ્વારીઓને કેનેડામાંથી પાછા બોલાવી લીધા હતા અને કાર્યકારી હાઈ કમિશનર સ્ટુઅર્ટ વ્હીલર અને ડેપ્યુટી હાઈ કમિશનર પેટ્રિક હેબર્ટ સહિત છ કેનેડિયન રાજદ્વારીઓને હાંકી કાઢ્યા હતા. આ પરિસ્થિતિ વણસી જતાં, ટ્રુડો, વિદેશ પ્રધાન મેલાની જોલી અને જાહેર સુરક્ષા પ્રધાન ડોમિનિક લેબ્લેન્કે સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. તે સમયે, જોલીએ કહ્યું હતું કે ભારત વિરુદ્ધ વધુ પ્રતિબંધો સહિત તમામ રાજદ્વારી ક્રિયાઓ અંગે વિચારણા કરવામાં આવી રહી છે. ઓટ્ટાવાએ વારંવાર ભારત સરકાર પર ખાલિસ્તાની અલગતાવાદીઓને નિશાન બનાવવાની ઝુંબેશમાં સામેલ થવાનો આરોપ લગાવ્યો છે, અને કહ્યું છે કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કથિત રૂપે આ કામગીરીનું નિર્દેશન કર્યું હતું. કેનેડાના એક વરિષ્ઠ અધિકારીએ મંગળવારે યુએસ મીડિયા સાથે સંવેદનશીલ ગુપ્ત માહિતી શેર કરવાની વાત સ્વીકારી અને આરોપ લગાવ્યો કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કેનેડાની અંદર શીખ અલગતાવાદી જૂથોને નિશાન બનાવીને હિંસા, ધાકધમકી અને ગુપ્ત માહિતી એકત્ર કરવાના અભિયાન માટે આદેશ આપ્યો હતો. આ ઘટસ્ફોટથી ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો વધુ વણસે તેવી શક્યતા છે. કેનેડાના ડેપ્યુટી ફોરેન અફેર્સ મિનિસ્ટરે નેશનલ સિક્યુરિટી કમિટીના સંસદ સભ્યોને જણાવ્યું હતું કે તેમણે વોશિંગ્ટન પોસ્ટને અમિત શાહના નામની પુષ્ટિ કરી હતી.
















# દિલ્હીની બસોમાં રાત્રે ૭૭ ટકા મહિલાઓ અસુરક્ષિતતા અનુભવે છે : ગ્રીનપીસ રિપોર્ટ

(એજન્સી) તા.૩૦

ગ્રીનપીસના એક અહેવાલમાં જણાવાયું છે કે, ૭૫ ટકાથી વધુ મહિલાઓ અંધારા પછી એટલે કે રાત્રે દિલ્હીની બસોમાં અસુરક્ષિતતા અનુભવે છે. શહેરમાં મહિલાઓ માટે સરકારની ભાડા-મુક્ત બસ મુસાફરી યોજનામાં ૧૦૦ કરોડ 'પિંક' ટિકિટનો સીમાચિહ્ન પાર કર્યો છે.

તાજેતરના એક અહેવાલ 'રાઈડિંગ ધ જસ્ટિસ રૂટ' માં, બિન-સરકારી સંસ્થા, ગ્રીનપીસ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે સર્વેક્ષણમાં સામેલ ૭૫ ટકા મહિલાઓએ કહ્યું કે, 'પિંક ટિકિટ' સ્કીમમાંથી નોંધપાત્ર બચત જોઈ છે, જેમાં ઘણી મહિલાઓ આ ભંડોળને ઘરની જરૂરિયાતો અને કટોકટી અને આરોગ્ય સંભાળ માટે રીડાયરેક્ટ કરે છે. વધુમાં સર્વેક્ષણમાં સામેલ મહિલાઓમાંથી ૨૫ ટકા મહિલાઓએ સાર્વજનિક બસોનો ઉપયોગ વધાર્યો છે, અને ઓક્ટોબર ૨૦૧૯માં આ યોજના શરૂ થયા બાદથી એવી મહિલાઓ જેઓ અગાઉ બસોમાં મુસાફરી ટાળતી હતી તેઓ હવે નિયમિત તેનો ઉપયોગ કરે છે.

જો કે, સલામતીના મુદ્દાઓ અંગે એઓ ચિંતિત છે, જેમાં ૭૭ ટકા મહિલાઓ સાંજ પછી બસોમાં નબળી લાઈટિંગ અને અવારનવાર બસના સમયપત્રકમાં થતાં ફેરફારને કારણે અસુરક્ષિત અનુભવે છે. ઘણી સ્ત્રીઓએ ઉત્પીડનના બનાવો પણ દર્શાવ્યા છે, ખાસ કરીને ભીડભાડવાળી બસોમાં તે વધુ થાય છે. 'પિંક ટિકિટ' સ્કીમ હેઠળ, કોઈ પણ મહિલાને દિલ્હીની સાર્વજનિક બસોમાં મુસાફરી કરવા માટે પૈસા ચૂકવવા પડતા નથી, પરંતુ જો મહિલાઓ ઈચ્છે તો ટિકિટ ખરીદવાનો વિકલ્પ છે. ગ્રીનપીસ ઈન્ડિયાના પ્રચારક આકીઝ ફારૂકે જણાવ્યું હતું કે, આ યોજનાએ દિલ્હીમાં મહિલાઓ માટે જાહેર પરિવહન ખોલ્યું છે. પરંતુ તેને ખરેખર પરિવર્તનશીલ બનવા માટે, અમારે કાફલાને વિસ્તૃત કરવાની, સલામતી વધારવાની અને દરેક માટે જાહેર પરિવહન સુલભ બનાવવા માટે સારી રીતે જોડાયેલ સેવાઓ સુનિશ્ચિત કરવાની જરૂર છે. રિપોર્ટમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે ૧૦૦ કરોડ 'પિંક' ટિકિટના માઈલસ્ટોન સાથે આ યોજના માત્ર મહિલાઓની આર્થિક અને સામાજિક સ્વતંત્રતાને સમર્થન આપ્યું નથી પરંતુ ખાનગી વાહનો પર જાહેર પરિવહનના ઉપયોગને પ્રોત્સાહિત કરીને ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને ઘટાડવામાં પણ યોગદાન આપ્યું છે. ગ્રીનપીસ ઈન્ડિયાએ સમગ્ર દેશમાં સુરક્ષિત અને વધુ ટકાઉ શહેરો બનાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણાની સાથે સાથે મહિલાઓ અને ટ્રાન્સજેન્ડર લોકો માટે ભાડા-મુક્ત જાહેર પરિવહનને રાષ્ટ્રવ્યાપી અપનાવવાની હાકલ કરી હતી.

# ૨૦૨૩માં TB એ મુખ્યત્વે જોખમી ચેપી રોગ બન્યો : કોવિડ-૧૯ કરતાં પણ વધુ લોકોના આ રોગને લીધે મૃત્યુ; ભારતમાં વિશ્વના ૨૬ ટકા કેસ : WHOનો અહેવાલ

(એજન્સી) તા.૩૦

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO)એ તેના નવીનતમ અહેવાલમાં કહ્યું છે કે, ૨૦૨૩માં આશરે ૮૨ લાખ દર્દીઓના નવા નિદાન સાથે ટ્યુબરક્યુલોસિસ (ટીબી)ના કેસોમાં આતંત વધારો થયો છે, જે ૧૯૯૫માં વૈશ્વિક દેખરેખ શરૂ થયા પછી નોંધાયેલ સૌથી વધુ કેસો છે. ૨૦૨૨માં નોંધાયેલા ૭૫ લાખ કેસોમાં નોંધપાત્ર વધારો છે અને TBએ વિશ્વભરમાં અગ્રણી ચેપી રોગ છે જેના લીધે થતાં મૃત્યુઆંક કોવિડ-૧૯ને વટાવી જાય છે.



૨૦૨૩માં ભારતમાં લગભગ ૨૫ લાખ નવા TB કેસો નોંધાયા હતા

WHOના ગ્લોબલ ટ્યુબરક્યુલોસિસ રિપોર્ટ ૨૦૨૪ અનુસાર ૨૦૨૩માં ટીબીના ૨૬% કેસ ભારતમાં હતા, ત્યારબાદ ઈન્ડોનેશિયા (૧૦%), ચીન (૬.૮%), ફિલિપાઈન્સ (૬.૮%) અને પાકિસ્તાન (૬.૩%)માં છે. આ રિપોર્ટમાં વધુમાં સૂચવવામાં આવ્યું છે કે, નવા કેસોમાં ૫૫% પુરૂષો, ૩૩% મહિલાઓ અને ૧૨% બાળકો અને કિશોરો હતા. ડબ્લ્યુએચઓએ જણાવ્યું હતું કે, ચેપી રોગ-સંબંધિત મૃત્યુના મુખ્ય કારણ તરીકે ક્ષય રોગનું પુનરૂત્થાન વધ્યું છે અને તાત્કાલિક પગલાં લેવા જોઈએ.

આ રોગ ૩૦ દેશોની વસ્તીને અપ્રમાણસર અસર કરે છે જેમાં ટીબીના કેસો સૌથી વધુ છે. આ દેશોમાં અંગોલા, બાંગ્લાદેશ, બ્રાઝિલ, કંબોડિયા, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક, ચીન, કોંગો, ઉત્તર કોરિયા, ડીઆર કોંગો, ઈથોપિયા, ભારત, ઈન્ડોનેશિયા, કેન્યા, લેસોથો, લાઈબેરિયા, મોઝામ્બિક, મ્યાનમાર, નામીબિયા, નાઈજીરિયા, પાકિસ્તાન, પાપુઆ ન્યુગિની, ફિલિપાઈન્સ, રશિયા, સિએરા લિયોન, દક્ષિણ આફ્રિકા, થાઈલેન્ડ, તાંઝાનિયા, વિયેતનામ, ઝામ્બિયા અને ઝિમ્બાબ્વેનો સમાવેશ થાય છે.

ટીબી સંબંધિત મૃત્યુ ૨૦૨૨માં ૧૩.૨ લાખથી સહેજ ઘટીને ૨૦૨૩માં ૧૨.૫ લાખ થઈ ગયા, ટીબીથી બીમાર વ્યક્તિઓની અંદાજિત સંખ્યા વધીને ૧.૦૮ કરોડ થઈ છે. WHOના ડાયરેક્ટર-જનરલ ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે ટીબીના સતત વધતા જતા ટોલ પર આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, ટીબીથી હજુ પણ ઘણા લોકોના મૃત્યુ થાય છે.

**ટ્યુબરક્યુલોસિસ એક ગંભીર ખતરો છે :** ૨૦૨૩માં દવા-પ્રતિરોધક ટીબી ધરાવતી લગભગ ૪૦% વ્યક્તિઓએ સારવારનો ઉપયોગ કર્યો હતો, જે સંભાળ અને એક્સેસમાં નોંધપાત્ર તફાવત દર્શાવે છે.

MDR-TB ત્યારે થાય છે જ્યારે ટીબીના બેક્ટેરિયા સારવારમાં વપરાતી પ્રાથમિક એન્ટિબાયોટિક્સ જેમ કે આઇસોનિયાઝિડ અને રિફામ્પિસિન સામે પ્રતિકાર વિકસાવે છે. આ પ્રતિકાર ઘણીવાર અયોગ્ય સારવાર પદ્ધતિ, નબળી-ગુણવત્તાવાળી દવાઓ અથવા સારવાર અકાળે બંધ થવાથી થાય છે. MDR-TBની અસરો ગહન છે. તેના લીધે સારવારની અવધિ વધે છે.

**વૈશ્વિક અસમાનતા અને ભંડોળના પડકારો :** ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશો આ રોગનો ભોગ બને છે. ૨૦૨૩માં ભારતમાં લગભગ ૨૫.૫ લાખ નવા ટીબી કેસ નોંધાયા હતા, જે ૧૯૬૦ના દાયકામાં તેના ટીબી નિયંત્રણ કાર્યક્રમની શરૂઆત થઈ ત્યારથી સૌથી વધુ છે. આ નોંધપાત્ર વધારો અસરગ્રસ્ત વ્યક્તિઓને ઓળખવા અને સારવાર માટેના રાષ્ટ્રીય પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. ટીબીની રોકથામ, નિદાન અને સારવાર માટે ભંડોળ ઓછું છે. WHOનો અંદાજ છે કે, ૨૦૨૩માં TB પર યુએનની ઉચ્ચ-સ્તરીય બેઠક દરમિયાન ૨૦૨૭ માટે સ્થાપિત વૈશ્વિક TB લક્ષ્યોને પૂર્ણ કરવા માટે આશરે ૨૨૦૦ કરોડ ડૉલરની વાર્ષિક જરૂર છે.

**ટીબી નિયંત્રણમાં પ્રગતિ અને સિદ્ધિઓ :** અનેક પડકારો હોવા છતાં TB સામેની વૈશ્વિક લડાઈમાં નોંધપાત્ર સફળતા મળી છે, WHOએ કહ્યું હતું કે, TB સામે લડવાના પ્રયાસોએ ૨૦૦૦થી અત્યાર સુધીમાં અંદાજિત ૭.૯ કરોડ જીવન બચાવ્યા છે. WHOએ ટીબીનો અસરકારક રીતે સામનો કરવા માટે સહયોગી વ્યૂહરચના અને મજબૂત નીતિ સુધારાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. આ પ્રકારની પહેલ પ્રારંભિક નિદાન અને સમયસર સારવારને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વપૂર્ણ છે. WHOએ હાઈલાઈટ કર્યું કે, એચઆઈવી ચેપ ધરાવતા વ્યક્તિઓ આ વાયરસ વિનાના લોકો કરતાં ૧૬ ગણી વધુ ટીબી થવાની સંભાવના ધરાવે છે. ૨૦૨૩માં આશરે ૧,૬૧,૦૦૦ લોકો HIV-સંબંધિત ટીબીથી મૃત્યુ પામ્યા હતા. WHOએ બંને રોગોથી અસરગ્રસ્ત લોકો માટે મૃત્યુદર ઘટાડવા અને સારવારના પરિણામોમાં સુધારો કરવા TB-HIV સહયોગી પ્રવૃત્તિઓ માટે વ્યાપક અભિગમની ભલામણ કરી છે.

WHOએ જણાવ્યું હતું કે, ૨૦૩૦ સુધીમાં ટીબીને નાબૂદ કરવો એ યુએનના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs)ના આરોગ્ય લક્ષ્યો પૈકી એક છે. આ મહત્ત્વાકાંક્ષી ધ્યેય હાંસલ કરવા માટે, વૈશ્વિક આરોગ્ય સમુદાયે ભંડોળ, નવીન સારવાર વિકલ્પો અને સહયોગી વ્યૂહરચનાઓને પ્રાથમિકતા આપવી જોઈએ. ટીબી સામેની લડાઈમાં જનજાગૃતિ વધારવી, હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવો અને તમામ ક્ષેત્રોમાં ભાગીદારીને ઉત્તેજન આપવું એ નિર્ણાયક છે. આ પડકારો મોટા છે, પરંતુ વૈશ્વિક પ્રતિસાદ પણ એટલો જ મજબૂત હોવો જોઈએ. ટીબી રોગચાળાને સમાપ્ત કરવાના ધ્યેય માટે આપણે બધા માટે તંદુરસ્ત, વધુ સમાન ભવિષ્ય માટે કામ કરવું જોઈએ.

# આખા ભારતમાં દિલ્હી મોડલ લાગુ કરો : અરવિંદ કેજરીવાલે આયુષ્માન ભારત યોજના પર પીએમ નરેન્દ્ર મોદીની ટીકા પર વળતો પ્રહાર કર્યો

(એજન્સી) તા. ૩૦

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બુધવારે કહ્યું કે CAGને આયુષ્માન ભારત યોજનામાં ઘણી ખામીઓ મળી છે. દિલ્હી સરકારની યોજના હેઠળ દિલ્હીના દરેક વ્યક્તિને મફત સારવાર મળે છે. પાંચ રૂપિયાની ગોળી હોય કે કરોડોની કિંમતની સારવાર, તે સંપૂર્ણપણે મફત મળે છે. PMએ દિલ્હીની યોજના આખા દેશમાં લાગુ કરવી જોઈએ. કેજરીવાલે કહ્યું કે જો PM પૂછશે તો હું તેમને લાખો લોકોના નામ મોકલીશ જેમને આનાથી ફાયદો થશે. ખરેખરમાં, મંગળવારે, આયુષ્માન ભારત યોજનાનું વિસ્તરણ કરતી વખતે, પીએમ મોદીએ ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા શરૂ કરી હતી. આ દરમિયાન PMએ કહ્યું હતું કે તેમને અફસોસ છે કે દિલ્હી અને બંગાળને આ યોજનામાં સામેલ નથી, કારણ કે બંને રાજ્યોની સરકારોએ તેને મંજૂરી આપી નથી. બીજી તરફ ભાજપે દિલ્હીમાં આયુષ્માન લાગુ ન કરવાના AAP સરકારના નિર્ણય સામે હાઈકોર્ટમાં રિટ પિટિશન કરી છે. દિલ્હી બીજેપી અધ્યક્ષે બુધવારે આ જાણકારી આપી હતી. અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે શું લોકોને આયુષ્માન ભારત યોજનાથી ફાયદો થયો? આજ સુધી, જે રાજ્યોમાં આયુષ્માન યોજના અમલમાં છે, ત્યાં હું આયુષ્માન ભારત હેઠળ સારવાર મેળવનાર એક પણ વ્યક્તિને મળ્યો નથી. હું પીએમને વિનંતી કરૂં છું કે તેઓ દિલ્હી મોડલનો અભ્યાસ કરે અને આયુષ્માન ભારત યોજનાને બદલે સમગ્ર ભારતમાં દિલ્હી મોડલ લાગુ કરે, જેથી લોકોને ખરેખરમાં લાભ મળી શકે. સૌરભ ભારદ્વાજે કયું હતું કે આયુષ્માન ભારત એક નિષ્ફળ યોજના છે. યુપી, હરિયાણા અને રાજસ્થાન જેવા રાજ્યોમાંથી ગરીબ દર્દીઓ સર્જરી માટે દિલ્હીની હોસ્પિટલમાં આવે છે. દિલ્હીની સરકારી હોસ્પિટલો આ દર્દીઓને મફત સારવાર આપે છે. દિલ્હી સરકારની આરોગ્ય યોજનાઓ આયુષ્માન ભારત યોજના કરતાં ઘણી વધુ અસરકારક છે.

# 'લોકોની ભાવનાઓને ઠેસ પહોંચે છે' : અરવિંદ કેજરીવાલની ફટાકડા ન ફોડવાની અપીલ પર દિલ્હી ભાજપની પ્રતિક્રિયા

**ભાજપે કહ્યું કે, તે ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાના દિલ્હી સરકારના નિર્ણયની વિરુદ્ધ છે અને કહ્યું કે, અરવિંદ કેજરીવાલ લોકોની ભાવનાઓ સાથે રમત રમી રહ્યા છે, જો કે, અરવિંદ કેજરીવાલે કહ્યું કે, દિવાળી એ રોશનીનો તહેવાર છે ફટાકડાનો નહીં**

(એજન્સી) તા.૩૦

દિલ્હીના પૂર્વ મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે બુધવારે રાષ્ટ્રીય રાજધાનીના રહેવાસીઓને વિનંતી કરી હતી કે, તેઓ દિવાળી પર ફટાકડા ન ફોડે અને તેના બદલે દીવાઓ બાળીને ઉજવણી કરે. આમ આદમી પાર્ટી (AAP) સરકાર દ્વારા ૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી તમામ પ્રકારના ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધનું પાલન કરવામાં આવશે. આ વાયુ પ્રદૂષણને કાબૂમાં લેવાનો પ્રયાસ છે.

જો કે, ભાજપે કહ્યું કે, તે ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાના નિર્ણયની વિરુદ્ધ છે અને કેજરીવાલ દિલ્હીમાં લોકોની ભાવનાઓ સાથે રમત રમી રહ્યા છે. પ્રેસ કોન્ફરન્સને સંબોધતા કેજરીવાલે કહ્યું કે, દિવાળી ફટાકડાનો નહીં પરંતુ રોશનીનો તહેવાર છે. સુપ્રીમ કોર્ટ અને દિલ્હી હાઈકોર્ટ પણ કહે છે કે, તહેવારોના સમયગાળા દરમિયાન દિલ્હીમાં હવાની ગુણવત્તાના સ્તર બગડવાના પગલે 'આપણે દીવા પ્રગટાવવા જોઈએ અને ફટાકડા ફોડવા જોઈએ નહીં'. એવું નથી કે અમે કોઈની તરફેણ કરી રહ્યા છીએ.

AAPના વડાએ કહ્યું કે, બાળકો કોઈપણ પ્રકારના પ્રદૂષણથી સૌથી વધુ પીડાય છે. તેમાં કોઈ હિંદુ-મુસ્લિમ નથી. દરેકનું જીવન મહત્ત્વનું છે. ઈન્ડિયા ટુડેની સિસ્ટર વેબસાઈટ આજતક સાથે વાત કરતા બીજેપીના એમ.પી. મનોજ તિવારીએ કેજરીવાલની અપીલની ટીકા કરતા કહ્યું કે, તેઓ સંપૂર્ણપણે તેની વિરુદ્ધ છે. તિવારીએ કહ્યું કે, અરવિંદ કેજરીવાલ દિલ્હીના લોકોની ભાવનાઓ સાથે રમત રમી રહ્યા છે. જો ભાજપ દિલ્હીમાં સરકાર બનાવે છે, તો અમે પ્રદૂષણ સામે લડવા માટે કામ કરીશું અને ચોક્કસપણે ફટાકડા પરનો પ્રતિબંધ હટાવીશું.

આપ સરકારે છેલ્લા ૧૦ વર્ષથી પ્રદૂષણને કાબૂમાં રાખવા માટે કામ કરવું જોઈએ. તે માત્ર દિવાળી પર ફટાકડા પર પ્રતિબંધ લાદવા અને તહેવારને બગાડવાથી સમસ્યાનો ઉકેલ નહીં આવે. તિવારીએ એમ પણ કહ્યું કે, તેઓ ઈચ્છે છે કે, લોકો દિલ્હીમાં વાયુ પ્રદૂષણને ધ્યાનમાં રાખીને ગ્રીન ફટાકડા ફોડે. ૧૪ ઓક્ટોબરના રોજના તેના આદેશમાં દિલ્હી સરકારે કહ્યું કે, પ્રતિબંધમાં રાષ્ટ્રીય રાજધાનીમાં તમામ ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણનો પણ સમાવેશ થાય છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી દિલ્હી હવાની ગુણવત્તાનું સ્તર ખરાબ થઈ રહ્યું છે અને બુધવારે દિવાળીની પૂર્વસંધ્યાએ શહેરમાં એક દિવસ અગાઉ નોંધાયેલ ૨૬૮ની સરખામણીએ ૨૭૮નો એકંદર એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) હતો. શહેરનો એકંદર AQI ખરાબ શ્રેણીમાં રહ્યો છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા અનુસાર ૩૬ મોનિટરિંગ સ્ટેશનોમાંથી આઠ - આનંદવિહાર, અશોક વિહાર, આયા નગર, બવાના, જહાંગીરપુરી, મુંડકા, વિવેકવિહાર અને વજીરપુરમાં ખૂબ જ નબળી શ્રેણીમાં AQI નોંધવામાં આવ્યો હતો. દિલ્હીનું લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સિઝનના આ સમય માટે સામાન્ય કરતાં ૪.૯ ડિગ્રી વધારે હતું.

# દિલ્હીમાં ફટાકડા પર પ્રતિબંધ મૂકવામાં કોઈ હિંદુ-મુસ્લિમ એંગલ નથી : આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ

**કેજરીવાલે કહ્યું કે, દિવાળી એ રોશનીનો તહેવાર છે અને તેને પ્રદૂષણ ફેલાવતા ફટાકડા ફોડવાને બદલે 'દીવા' અને મીણબત્તીઓ પ્રગટાવીને ઉજવણી કરવી જોઈએ**

(એજન્સી) તા.૩૦

આમ આદમી પાર્ટી (AAP)ના કન્વીનર અરવિંદ કેજરીવાલે બુધવારે ફટાકડા પર પ્રતિબંધનો બચાવ કરતા કહ્યું કે, તે લોકોને પ્રદૂષણથી બચાવવા માટે જરૂરી છે અને તેમાં કોઈ



'હિંદુ-મુસ્લિમ' એંગલ નથી. કેજરીવાલે કહ્યું કે, દિવાળી એ રોશનીનો તહેવાર છે અને તેને પ્રદૂષણ ફેલાવતા ફટાકડા ફોડવાને બદલે 'દીવા' અને મીણબત્તીઓ પ્રગટાવીને તે ઉજવવી જોઈએ. એવું નથી કે અમે અન્ય લોકો પર કોઈ ઉપકાર કરી રહ્યા છીએ. અમે અમારી જાત પર ઉપકાર કરી રહ્યા છીએ કારણ કે, આખરે અમે અને અમારા નાના બાળકો ફટાકડા ફોડવાથી થતાં પ્રદૂષણનો ભોગ બનીશું. દિલ્હી સરકારે આ મહિનાની શરૂઆતમાં ૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી શહેરમાં તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધની સૂચના આપી હતી. આ નિર્દેશ દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિ (DPCC) દ્વારા પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ અધિનિયમ ૧૯૮૧ મુજબ બહાર પાડવામાં આવ્યો હતો અને તેમાં ઓનલાઈન વેચાણ અને ડિલિવરી પરના નિયંત્રણોનો પણ સમાવેશ થાય છે. દિલ્હીના પૂર્વ મુખ્યપ્રધાને ભાજપ અને આરએસએસની એવી ટીકાને નકારી કાઢી હતી કે, ફટાકડા પર પ્રતિબંધ હિન્દુ તહેવારને નિશાન બનાવવા માટે છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટે પણ કહ્યું છે કે, લોકોએ પ્રદૂષણને ધ્યાનમાં રાખીને ફટાકડા ફોડવાથી દૂર રહેવું જોઈએ અને તેના બદલે 'દીવાઓ' (માટીના દીવા) પ્રગટાવવા જોઈએ કારણ કે, દિવાળી એ પ્રકાશનો તહેવાર છે.

# ટિહરી : ગુમ થયેલી છોકરીને લઈને મુસ્લિમોની માલિકીની દુકાનોમાં તોડફોડ, 'લવ જેહાદ'નો દાવો

(એજન્સી) તા.૩૦

ઉત્તરાખંડના ટિહરીમાં સગીર બાળકીના ગુમ થવાના કારણે ખળભળાટ મચી ગયો છે. પરિવારજનોએ અન્ય સમુદાયના યુવક પર લવ જેહાદનો આરોપ લગાવ્યો છે. આ ઘટનાથી રોષે ભરાયેલા સ્થાનિક લોકોએ યુવકની દુકાનમાં તોડફોડ કરી હતી. માહિતી આપતાં પોલીસે જણાવ્યું કે આ મામલે કેસ નોંધવામાં આવ્યો છે. યુવતી અને આરોપીની શોધ ચાલી રહી છે. ઘટના બાદથી વાતાવરણ તંગ બની ગયું છે. પોલીસની માહિતી અનુસાર, જિલ્લાના કીર્તિનગર વિસ્તારમાં એક યુવતીના કથિત રીતે ગુમ થયા બાદ રોષે ભરાયેલા સ્થાનિક લોકોએ યુવકની દુકાનમાં તોડફોડ કરી હતી. આ ઘટના મંગળવારે બની હતી. પોલીસે કેસ નોંધીને સોમવારની મોડી રાતથી ગુમ થયેલી યુવતીની શોધખોળ શરૂ કરી છે અને આરોપી યુવકની પણ શોધખોળ કરવામાં આવી રહી છે. આ ઘટનાથી નારાજ લોકો ચોક્કસ સમુદાયના કેટલાક લોકો સામે કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. સ્થાનિક લોકોએ કીર્તિનગર માર્કેટ વિસ્તારમાં દેખાવો કરીને યુવતીની શોધખોળ અને ચોક્કસ સમુદાયના કેટલાક લોકો સામે કાર્યવાહીની માંગ કરી હતી. આ દરમિયાન રોષે ભરાયેલા દેખાવકારોએ એક યુવકની દુકાનમાં તોડફોડ કરી હતી. ટોળાએ બજારમાં અન્ય કેટલીક દુકાનોના હોર્ડિંગ્સ પણ તોડી નાખ્યા હતા. દેખાવકારોએ કીર્તિનગર મેઈન માર્કેટ થઈને જાખાણી સુધી રેલી કાઢી હતી. તણાવની શક્યતાને ધ્યાનમાં રાખીને બજાર વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ઘટનાને લઈને સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# જાનથી મારી નાખવાની ધમકીઓ વચ્ચે, સલમાન ખાન ૭ ડિસેમ્બરે દુબઈમાં પરફોર્મ કરશે

(એજન્સી) તા.૩૦

લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી બોલીવુડ દબંગ સલમાન ખાનને સતત જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. આ દરમિયાન, સલમાન ખાને દુબઈમાં તેની Da-Bangg ટૂર જાહેર કરી છે. તેણે તેના સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માહિતી આપી છે અને પ્રદર્શનની સૂચિ પણ શેર કરી છે. સલમાને ઈન્સ્ટાગ્રામ પર Da-Bangg ટૂરનું પોસ્ટર શેર કર્યું. સલમાન ખાને તેના ઈન્સ્ટાગ્રામ પર Da-Bangg ટૂરનું પોસ્ટર શેર કર્યું છે. સલમાન સિવાય સોનાક્ષી સિન્હા, જેકલીન ફર્નાન્ડીઝ, દિશા પટણી, તમન્ના ભાટિયા, પ્રભુ દેવા, આસ્થા ગિલ, મનીષ પોલ અને સુનીલ ગ્રોવર પણ તેમાં જોવા મળી રહ્યા છે. સલમાન ખાનની આ Da-Bangg ટૂર ૭મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ દુબઈમાં થવાની છે. આ માટેની ટિકિટો મળવા લાગી છે. આ પ્રવાસ માટેની ટિકિટ પ્લેટિનિસ્ટ પર ઉપલબ્ધ છે. ટિકિટની કિંમત AED ૧૫૦થી શરૂ થઈને AED ૧૦ હજાર સુધી છે. Da-Bangg ટૂરનું આયોજન સલમાન ખાનના ભાઈ સોહેલ ખાનની કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે. તમને જણાવી દઈએ કે બાબા સિદ્દીકીની હત્યા બાદ સુપરસ્ટારની સુરક્ષા કડક કરી દેવામાં આવી છે. કાળિયાર શિકાર કેસમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ સલમાન ખાનને સતત ધમકીઓ આપી રહી છે. આવી સ્થિતિમાં સલમાનને Y પ્લસ સુરક્ષા આપવામાં આવી છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગની ધમકીઓ છતાં સલમાન ખાન પોતાનું કામ કરી રહ્યો છે. બાબા સિદ્દીકીની હત્યા બાદ તેણે થોડા સમય માટે કામ પરથી બ્રેક લીધો હતો. પરંતુ હવે તે બિગ બોસ ૧૮ હોસ્ટ કરી રહ્યો છે અને તેની એક્શન ફિલ્મ સિકંદરનું શૂટિંગ પણ કરી રહ્યો છે.

# 'મહાયુતિ હવે ખતમ થઈ ગઈ છે' : કોંગ્રેસે ભાજપ પર નિશાન સાધ્યું, પક્ષ તેના સાથી પક્ષોને 'પતાવી દેવાનો' પ્રયાસ કરતો હોવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

મહારાષ્ટ્રના કોંગ્રેસના પ્રભારી રમેશ ચેન્નીથલાએ મહાયુતિ ગઠબંધનની ટીકા કરી જેમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ), રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત પવાર જૂથ) અને શિવસેના (શિંદે જૂથ) નો સમાવેશ થાય છે. તેને આ ગઠબંધનને "ભ્રષ્ટયુતિ" તરીકે ગણાવ્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગઠબંધનએ તેના ભાગીદારોને બાજુ પર રાખ્યા હતા અને રાજ્યના ચૂંટણીના વડા તરીકે મહત્વપૂર્ણ શાસન પડકારોનો સામનો કરવામાં નિષ્ફળ ગયા હતા.

એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા, ચેન્નીથલાએ મહા વિકાસ અઘાડી ગઠબંધનમાં તેના સાથીઓ સાથે સમાન વર્તન કરવા માટે કોંગ્રેસનું સમર્પણ દર્શાવ્યું. તેમણે કહ્યું, "મહાયુતિથી વિપરીત, જ્યાં ભાજપે એનસીપી અને શિવસેના-શિંદેને ઓછી બેઠકો ફાળવી છે, એમવીએ દ્વારા તમામ પક્ષોને સમાન પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે."

તેમણે કહ્યું,"મહા વિકાસ આઘાડી (MVA) ઉમેદવારો દ્વારા તમામ ૨૮૮ બેઠકો પર નામાંકન દાખલ કરવામાં આવ્યું છે. જ્યારે તમે MVA સાથે મહાયુતિની સરખામણી કરો છો, ત્યારે અમારા જૂથમાં કોઈ ઝઘડો નથી. મહાયુતિ હવે સમાપ્ત થઈ ગઈ છે. અમે MVAમાં તમામ પક્ષોને સમાન વર્તન આપ્યું છે. મહાયુતિમાં ભાજપે એનસીપી અને શિવસેના-શિંદેની તમામ બેઠકો પડાવી લીધી છે." "ટસલ"નું એક ઉદાહરણ એ માનખુર્દ શિવાજી નગર માટે અજિત પવારની એનસીપી તરફથી નવાબ મલિકની ઉમેદવારી સામે ભાજપનો વાંધો છે. ભાજપના નેતા કિરીટ સોમૈયાએ મલિકને "આતંકવાદી" ગણાવતા કહ્યું કે, "નવાબ મલિક એ આતંકવાદી છે જેણે ભારતના ટુકડા કરવાનો પ્રયાસ કર્યો હતો. તે દાઉદનો એજન્ટ છે અને અજિત પવારની એનસીપીએ નવાબ મલિકને ટિકિટ આપીને દેશ સાથે ગદ્દારી કરી છે. મહાયુતિ વતી એકનાથ શિંદેના ઉમેદવાર ભારતીય જનતા પાર્ટીના સુરેશ કૃષ્ણ પાટીલ (બુલેટ પાટીલ) એ ગઈકાલે પ્રચાર શરૂ કર્યો હતો." ચેન્નીથાલાએ તેના સાથી પક્ષોને "પતાવી દેવાનો" કથિત પ્રયાસ કરવા બદલ ભગવા પાર્ટી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે ઉલ્લેખ કર્યો કે કોંગ્રેસે સત્તાવાર રીતે માત્ર તેના ઉમેદવારોને જ મંજૂરી આપી હતી અને અપક્ષ ઉમેદવારોને પાછા ખેંચવા વિનંતી કરી હતી.

તેમણે રાજ્ય સરકારની સ્થગિત લાડલીબહેન યોજનાને પણ સંબોધિત કરી, તેને નાણાકીય મુદ્દાઓ પર દોષી ઠેરવી. તેમણે કહ્યું, "મહારાષ્ટ્ર સરકારે મહિલા મતદારોને છેતર્યા. તેઓએ લાડલી બહેન યોજના દ્વારા નાણાકીય સહાયનું વચન આપ્યું હતું, તેમ છતાં ખાલી તિજોરીને કારણે તેઓએ ચૂંટણી પંચ દ્વારા તેને સ્થગિત કરી દીધી છે." મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ૨૦ નવેમ્બરે યોજાવાની છે અને ૨૩ નવેમ્બરે મતગણતરી થશે.

## રાજસ્થાનના સિકરમાં બસ નાળામાં ખાબકી પડતાં ૧૨ ઉતારૂનાં મોત, અનેક ગંભીર, ખાનગી ટ્રાવેલ્સની બસ હતી, વીડિયો વાયરલ

સિકર : રાજસ્થાનના સિકરમાં લક્ષ્મણગઢ પાસે ખાનગી ટ્રાવેલ્સની બસ નાળામાં જઈ પડતાં ૧૨ ઉતારૂઓના મૃત્યુ થયા હતા. બીજા અનેક ગંભીર રીતે ઘાયલ થયા હતા. તપાસ ચાલુ છે. ઘટનાના આઘાતજનક દૃશ્યોનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

## મહા યુતિ દ્વારા વિપક્ષના ઉમેદવારો સામે પોલીસ તંત્રનો ઉપયોગ કરાઈ રહ્યાનો રાઉતનો આક્ષેપ

મુંબઈ : મહારાષ્ટ્રની મહાયુતિ સરકાર મહાવિકાસ અઘાડીના ઉમેદવારોને ધમકાવવા, ડરાવવા પોલીસ તંત્રનો ઉપયોગ કરી રહી છે એવો શિવસેના (ઉદ્ધવ)ના નેતા સંજય રાઉતે આક્ષેપ કર્યો છે. એકનાથ શિંદે સરકાર પર પ્રહારો કરતા રાઉતે ડીજીપી રશ્મિ શુકલાને હટાવવા માગણી કરી છે.

## કેન્સરના ઈલાજની ત્રણ દવાના ભાવ ઘટાડવા ફાર્મા કંપનીઓને NPPAનો આદેશ

નવી દિલ્હી : કેન્સર વિરોધી ત્રણ દવાઓના ભાવ ઘટાડવા નેશનલ ફાર્માસ્યુટીકલ પ્રાઈસિંસ ઓથોરિટીએ ફાર્મા કંપનીઓને આદેશ આપ્યો છે. સરકારે આ ત્રણ દવા પરની કસ્ટમ જકાત નાબૂદ કરી છે અને જીએસટી પણ ઘટાડ્યો છે.

## કેરાલાના નીલેશ્વરમ મંદિર પાસે ધાર્મિક વિધિ દરમ્યાન બાજુમાં રાખેલા ફટાકડાના જથ્થામાં ધડાકો, ૧૫૪ દાઝ્યા, ૮ ગંભીર

કાસરગોડ : કેરાલાના વિખ્યાત નીલેશ્વરમ મંદિરમાં ધાર્મિક પર્વ સમયે પાસે રાખેલા ફટાકડાના જથ્થામાં ધડાકાથી આગ પ્રસરી ગઈ હતી, ૧૫૪ લોકો દાઝી ગયા હતા. જેમાંથી ૮ની હાલત ગંભીર છે, ૨૧ જણા આઈસીયુમાં છે, 'સીટ'ને તપાસ કરવા આદેશ.

## હરિયાણા ચૂટણીઓમાં ગેરરીતિઓ થયાના કોંગ્રેસના આક્ષેપ પાયાવિહીન, હકીકતોથી વેગળા ગણાવતું ચૂંટણી પંચ

નવી દિલ્હી : હરિયાણાની ચૂંટણીઓમાં ગેરરીતિઓનો કોંગ્રેસનો આક્ષેપ ફગાવી દેતું ચૂંટણી પંચ, કોંગ્રેસના આક્ષેપો અર્થહીન, વ્યર્થ અને પાયાવગરના તથા હકીકતોથી દૂર હોવાની પંચની ટકોર, કોંગ્રેસને દર ચૂંટણીમાં શંકાના વાદળો ઉભા કરવાથી દૂર રહેવા પંચની તાકીદ.

## દિલ્હી વકફ બોર્ડ નાણાં હેરફેર કેસમાં 'આપ'ના એમએલએ અમાનતુલ્લાહખાન સામે ચાર્જશીટ દાખલ કરતી ઈડી

નવી દિલ્હી : દિલ્હીના વકફ બોર્ડના નાણાકીય હેરફેર કેસમાં 'આપ'ના એમએલએ અમાનતુલ્લાહખાન સામે ઈડી દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે અને દિલ્હી કોર્ટમાં ૪થી નવેમ્બરે સુનાવણી થશે. એમએલએ ખાનની જ્યુડિશિયલ કસ્ટડી પાંચમી નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ૧૦૦ પાનાનું પૂરક ચાર્જશીટ ઈડીએ કોર્ટમાં રજૂ કર્યું છે.

## અયોધ્યામાં મોદી એન્ડ કંપની દીપાવલી પર્વ મનાવી 'ઐતિહાસિક' ઉજવણી સાથે રામને રાજી કરવા તલપાપડ

અયોધ્યા : અયોધ્યામાં ૫૦૦ વર્ષમાં પ્રથમવાર રામલલ્લા મંદિર હજારો દીવડાથી ઝગમગી ઊઠશે. કેમ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અહીં 'ઐતિહાસિક દિવાળી' મનાવવા અને રામને રાજી કરવા આવશે. મોદી એન્ડ કંપની લોકસભા ચૂંટણીમાં થોડી પીછેહઠ પછી રામના મનામણા માટે અહીં હજારો દીપ પ્રાગટ્ય વચ્ચે દિવાળી ઉજવશે.

# પોલીસ સ્ટેશન સ્ટુડિયોમાં ફેરવી નખાયું : હાઈકોર્ટે લોરેન્સ બિશ્નોઈના જેલ ઈન્ટરવ્યુને લઈને પંજાબ પોલીસને ફટકાર લગાવી

(એજન્સી) તા.૩૦

ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના જેલમાંથી આપેલા ઈન્ટરવ્યુ મામલે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે પંજાબ પોલીસને આકરી ઝાટકણી કાઢી છે. હાઈકોર્ટે કહ્યું છે કે એસઆઈટી દ્વારા દાખલ કરાયેલ કેન્સલેશન રિપોર્ટ પોલીસ અને ગુંડાઓ વચ્ચેની સાંઠગાંઠ અંગે શંકા પેદા કરે છે. કોર્ટે ૨૦૨૩માં ભટિંડા જેલમાં રોકાણ દરમિયાન લોરેન્સ દ્વારા એક ખાનગી ચેનલને આપેલા ઈન્ટરવ્યુની પણ નવેસરથી તપાસ કરવાનો આદેશ આપ્યો છે. સુનાવણી દરમિયાન, કોર્ટે કહ્યું, 'પોલીસે ગુનેગારને ઈલેક્ટ્રોનિક સાધનોનો ઉપયોગ કરવાની મંજૂરી આપી અને ઈન્ટરવ્યુ માટે સ્ટુડિયો જેવી સુવિધાઓ પ્રદાન કરી, જે ગુનાખોરીની પ્રશંસા કરે છે. આનાથી ગુનેગાર અને તેના સાગરિતોને છેડતી સહિતના અન્ય ગુના કરવા પ્રોત્સાહિત થવાની શક્યતા છે. કોર્ટે આ મામલે પંજાબના સીએમ ભગવંત માનની આગેવાની હેઠળની સરકારને પણ આડે હાથ લીધી હતી. કોર્ટે કહ્યું કે નીચલા સ્તરના અધિકારીઓને બલિનો બકરો બનાવવામાં આવી રહ્યો છે. જસ્ટિસ અનુપિન્દર સિંહ ગ્રેવાલ અને લુપિતા બેનરજીની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું કે સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાંથી માત્ર બે જ ગેઝેટેડ ઓફિસર હતા, જ્યારે બાકીના જુનિયર કર્મચારીઓ હતા. લાંચ લેવાના સંકેત પણ આપ્યા છે. સુનાવણી દરમિયાન, બેન્ચે કહ્યું, 'પોલીસ અધિકારીઓની મિલીભગત દ્વારા ગુનેગાર અથવા તેના સહયોગીઓ પાસેથી ગેરકાયદેસર લાંચ મેળવવામાં આવી હોવાના સંકેત છે. આ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો ગણાશે. તેથી આ મામલે વધુ તપાસની જરૂર છે.

# ભારતીય મૂળની ગુરસિમરન કૌરને ઓવનમાં ધકેલી દેવામાં આવી હતી, વોલમાર્ટના કર્મચારીઓએ નવો ખુલાસો કર્યો

(એજન્સી) તા.૩૦

કેનેડાના હેલિફેક્સમાં વોલમાર્ટ ખાતે ભારતીય યુવતી ગુરસિમરન કૌરના મોતનો મામલો જટિલ બની રહ્યો છે. સ્થાનિક પોલીસ ૧૯ વર્ષીય ગુરસિમરનના મૃત્યુની તમામ એંગલથી તપાસ કરી રહી છે પરંતુ ૧૯ વર્ષની છોકરી કેવી રીતે ઓવનની અંદર ગઈ તે અંગે હજુ સુધી તે કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકી નથી, જેના પરિણામે તેનું સળગી જવાથી દર્દનાક મૃત્યુ થયું હતું. આ તથ્યએ તપાસને એવી પણ જટિલ બનાવી છે કે આ મોટા ઓવનને બહારથી બંધ કરી શકાય નહીં. કેનેડામાં વોલમાર્ટના કર્મચારીઓએ સ્ટોરના વોક-ઈન ઓવનમાં બળી ગયેલા ૧૯ વર્ષના કર્મચારીના મૃત્યુ અંગે વૈકલ્પિક સિદ્ધાંતો રજૂ કર્યા છે. ઈન્ડો-કેનેડિયન કિશોરી ગુરસિમરન કૌરના સળગેલા અવશેષો ૧૯ ઓક્ટોબરના રોજ વોલમાર્ટના વોક-ઈન ઓવનમાંથી મળી આવ્યા હતા જ્યાં તે હેલિફેક્સ, નોવા સ્કોટીયામાં કામ કરતી હતી. સુપરસ્ટોર વોલમાર્ટના વોક-ઈન ઓવનમાંથી ૧૯ વર્ષીય કર્મચારી ગુરસિમરનની સળગેલી લાશ મળી આવી હતી. પોલીસ તપાસ અનુસાર, શનિવારે સાંજે પૂર્વી કેનેડામાં નોવા સ્કોટીયાના હેલિફેક્સમાં વોલમાર્ટના બેકરી વિભાગમાં ગુરસિમરન કૌરના સળગેલા અવશેષો મળી આવ્યા હતા. આ દુઃખદ અકસ્માતની ભારે ચર્ચા ચાલી રહી છે. ગુરસિમરન તેની માતા સાથે વોલમાર્ટમાં આવું જ કરતી હતી. શનિવારે સુપરસ્ટોરમાં મોડે સુધી તેને ન જોયા બાદ માતાએ તેને શોધવાનું શરૂ કર્યું અને કર્મચારીઓને પૂછ્યું. કર્મચારીઓને લાગ્યું કે ગુરસિમરન કદાચ સુપરસ્ટોરના કોઈ ભાગમાં કામ કરી રહ્યો છે. તેણે તેની પુત્રીને ફોન કરવાનો પ્રયાસ કર્યો પરંતુ તેનો ફોન આવ્યો ન હતો. જ્યારે ગુરસિમરનના ફોનનો જવાબ મળ્યો ન હતો, ત્યારે તેની માતા ઓનસાઈટ એડમિનિસ્ટ્રેટર પાસે પહોંચી હતી. કલાકો પછી, તેણીના સળગેલા અવશેષો બેકરીમાં વોક-ઈન ઓવનમાંથી મળી આવ્યા હતા. ગુરસિમરનની માતાએ વૉક-ઈન ઓવન ખોલ્યું જ્યારે કોઈએ તેને ઓવનમાંથી વિચિત્ર લીક થવા વિશે કહ્યું. GoFund Me એ ગુરસિમરનના પરિવારને મદદ કરવા માટે એક અભિયાન દ્વારા લગભગ $૬૭,૦૦૦ એકત્ર કર્યા છે. GoFundMeએ જણાવ્યું છે કે ગુરસિમરનના પિતા અને ભાઈ ભારતમાં છે, તેમને લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.


# શરદ પવારે ચૂંટણી પ્રચારમાં ભત્રીજા અજિતના છ મહિના જૂના લોકસભા ભાષણની મજાક ઉડાવી

## અજિત પવારના તાજેતરના ભાવનાત્મક રેટરિકની નકલ કરતા શરદ પવારે નાટ્યાત્મક રીતે રૂમાલ ખેંચ્યો, તેના ચશ્મા કાઢી નાખ્યા અને તેમના ભત્રીજાને પ્રતિબિંબિત કરતી ચાલમાં તેમના આંસુ લૂછવાનો ડોળ કર્યો

(એજન્સી) તા.૩૦

શરદ પવારે શ્રોતાઓને લોકસભા ચૂંટણી દરમિયાન અજિત પવારના ભાષણની યાદ અપાવી હતી, જ્યારે અજિતની પત્ની સુનેત્રા પવાર શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે સામે ચૂંટણી લડ્યા હતા. તે સમયે અજિતે ટિપ્પણી કરી હતી, ''શરદ પવાર બારામતી આવશે અને તમને ભાવુક બનાવવાનો પ્રયત્ન કરશે. તે તમારી આંખોમાં આંસુ લાવશે અને તમને સુપ્રિયા સુલે માટે તમારો મત આપવા માટે અપીલ કરશે, પરંતુ મતદાન કરતી વખતે ભાવુક ન થાઓ.' અજિત પવારના તાજેતરના ભાવનાત્મક રેટરિકની નકલ કરતા, શરદ પવારે નાટ્ય રીતે રૂમાલ ખેંચ્યો, તેના ચશ્મા કાઢી નાખ્યા, અને તેમના ભત્રીજાને પ્રતિબિંબિત કરતી ચાલમાં તેમના આંસુ લૂછવાનો ડોળ કર્યો. તેમણે અજિત પવારની અગાઉની ચેતવણીનો પડઘો પાડતા ભીડને ભાવનાત્મક રીતે પ્રભાવિત ન થવાનું કહ્યું. ટોળાએ ઉત્સાહભેર તાળીઓના ગડગડાટ સાથે જવાબ આપ્યો, 'હારાષ્ટ્રમાં એક જ અવાજ છે, અને તે છે શરદ પવાર.'

મુંબઈ : પૂર્વ કેન્દ્રીય પ્રધાન શરદ પવારે બારામતીમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પર છ મહિના પહેલાં કરેલા ભાષણનો સંદર્ભ આપીને કટાક્ષ કર્યો હતો. મતદારોને મત આપતી વખતે ભાવુક ન થવા વિનંતી કરતાં તેમણે ટિપ્પણી કરી હતી કે આગામી ચૂંટણી કોઈ વ્યક્તિ વિરૂદ્ધ નહીં પરંતુ ચોક્કસ વિચારધારા અને ફિલસૂફી વિરૂદ્ધ છે. ૮૪ વર્ષીય શરદ પવાર તેમના પૌત્ર યુગેન્દ્ર પવાર માટે પ્રચાર કરવા ૨૯ ઓકટોબરના રોજ બારામતીમાં હતા, જેઓ તેમના કાકા અજિત પવાર સામે બારામતી વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. શરદ પવારે શ્રોતાઓને લોકસભા ચૂંટણી દરમિયાન અજિત પવારના ભાષણની યાદ અપાવી હતી, જ્યારે અજિતની પત્ની સુનેત્રા પવાર શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે સામે ચૂંટણી લડ્યા હતા. તે સમયે અજિતે ટિપ્પણી કરી હતી, ''શરદ પવાર બારામતી આવશે અને તમને ભાવુક બનાવવાનો પ્રયત્ન કરશે. તે તમારી આંખોમાં આંસુ લાવશે અને તમને સુપ્રિયા સુલે માટે તમારો મત આપવા માટે અપીલ કરશે, પરંતુ મતદાન કરતી વખતે ભાવુક ન થાઓ.'' અજિત પવારના તાજેતરના ભાવનાત્મક રેટરિકની નકલ કરતા, શરદ પવારે નાટ્ય રીતે રૂમાલ ખેંચ્યો, તેના ચશ્મા દૂર કર્યા, અને તેમના ભત્રીજાને પ્રતિબિંબિત કરતી ચાલમાં તેમની આંસુ લૂછવાનો ડોળ કર્યો. તેમણે અજિત પવારની અગાઉની ચેતવણીનો પડઘો પાડતા ભીડને ભાવનાત્મક રીતે પ્રભાવિત ન થવાનું કહ્યું. ટોળાએ ઉત્સાહપૂર્વક તાળીઓના ગડગડાટ સાથે જવાબ આપ્યો, 'મહારાષ્ટ્રમાં એક જ અવાજ છે, અને તે છે શરદ પવાર.' શરદ પવારે કહ્યું કે આ ચૂંટણી ભાવનાઓની નહીં પરંતુ વિચારધારાની છે. તેમણે કહ્યું,''અમે શાહુ મહારાજ, જ્યોતિબા ફૂલે, આંબેડકર, મહાત્મા ગાંધી, પંડિત નેહરૂ અને યશવંતરાવ ચવ્હાણની વિચારધારા અને વિચારોને અપનાવ્યા છે. અમે આ મહાન નેતાઓ અને વિચારકો દ્વારા નિર્ધારિત માર્ગ પર કામ કરવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે અમારા ધ્યેયમાંથી વિચલિત થઈશું નહીં, ''. શરદ પવારે છેલ્લા છ મહિનામાં રાજ્યભરમાં કરેલા પ્રવાસને યાદ કરીને વર્તમાન સરકારને હટાવવાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું, 'અમે એવા લોકોને સત્તામાં લાવવા માંગીએ છીએ જેઓ ગરીબો અને ખેડૂતોના કલ્યાણને પ્રાથમિકતા આપશે,'. તેમણે અજિત પવારના કાર્યકાળ પર પણ કટાક્ષ કરતા કહ્યું કે, ''અમે અજિત પવારને ૨૫થી૩૦ વર્ષ આપ્યા હતા, પરંતુ ઘણા વર્ષો સુધી સિંચાઈ મંત્રી હોવા છતાં તેઓ પ્રદેશમાં અમુક સિંચાઈ યોજનાઓ પૂર્ણ કરી શક્યા નથી. તેઓ ચાર વખત નાયબ મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. શરદ પવારે કહ્યું કે નેતૃત્વમાં પરિવર્તનનો



સમય આવી ગયો છે, તેથી જ યુગેન્દ્ર પવારને ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉતારવામાં આવ્યા હતા. તેમણે કહ્યું,''યુગેન્દ્ર ઉચ્ચ શિક્ષિત છે, અમેરિકામાં ભણ્યો છે અને તે ખાંડની ફેક્ટરી ચલાવે છે. તે એક કાર્યક્ષમ વહીવટકર્તા છે. આપણે યુવા પેઢીને તક આપવી જોઈએ. ભવિષ્ય માટે નેતૃત્વ બદલવું જરૂરી છે, '' શરદ પવારે યુગેન્દ્રને તેમની વિરૂદ્ધ મેદાનમાં ઉતારીને પરિવારને વિભાજિત કર્યો હોવાના અજિત પવારના આરોપના જવાબમાં શરદ પવારે કહ્યું, ''મેં કોઈ પરિવાર તોડ્યો નથી. એ મારો સ્વભાવ નથી.''

# TMCએ અમિત શાહ પર બંગાળ પેટાચૂંટણી પહેલા MCCનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો, ECને કારણદર્શક નોટિસ જારી કરવા વિનંતી કરી

## રાજ્યમાં શાસક પક્ષે ECને ભાજપના નેતાને શો-કોઝ નોટિસ જારી કરવા પણ અપીલ કરી હતી અને જે જિલ્લાઓમાં પેટાચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યાં સત્તાવાર કાર્યોમાં 'રાજકીય ટિપ્પણીઓ' કરવાથી રોકવા માટે ચૂંટણી પેનલ પાસેથી નિર્દેશ માંગ્યો હતો

(એજન્સી) તા.૩૦

તૃણમૂલ કોંગ્રેસે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પર તેમની પશ્ચિમ બંગાળની તાજેતરની મુલાકાત દરમિયાન ૧૩ નવેમ્બરની પેટાચૂંટણી માટેની આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો હતો અને ચૂંટણી પંચને વિનંતી કરી હતી કે તેઓ રાજ્યમાં એક સત્તાવાર કાર્યક્રમમાં રાજકીય ટિપ્પણી કરવા બદલ તેમની સામે કાર્યવાહી કરે.. રાજ્યમાં શાસક પક્ષે ECને ભાજપના નેતાને શો-કોઝ નોટિસ જારી કરવા પણ અપીલ કરી હતી અને પેટાચૂંટણી-બાઉન્ડ જિલ્લાઓમાં સત્તાવાર કાર્યોમાં 'રાજકીય ટિપ્પણીઓ' કરવાથી રોકવા માટે ચૂંટણી પેનલ પાસેથી નિર્દેશ માંગ્યો હતો. ટીએમસીનો આરોપ છે કે, 'ઉત્તર ૨૪



પરગણામાં પેટ્રાપોલ ખાતે સંકલિત ચેકપોસ્ટ, પેસેન્જર ટર્મિનલ અને મૈત્રી દ્વારના ઉદ્‌ઘાટન કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા થયેલા આદર્શ આચાર સંહિતાના ગંભીર ઉલ્લંઘન અંગે અમે તમારૂં તાત્કાલિક ધ્યાન માંગીએ છીએ.'. પાર્ટીએ મુખ્ય ચૂંટણી અધિકારી (CEO)ને આદર્શ સંહિતા આચારના કથિત ઉલ્લંઘન બદલ શાહને 'કારણ બતાવો નોટિસ જારી' કરવા હાકલ કરી હતી. ટીએમસીએ 'શાહ અને ભાજપના નેતાઓને પેટા-ચૂંટણીઓ પહેલાં MCC માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરતા રોકવા માટે સંબંધિત હિતધારકોને યોગ્ય નિર્દેશો/આદેશો' માંગ્યા હતા. 'ઉત્તર ૨૪ પરગણા હેઠળ આવતા ચૂંટણી-બાઉન્ડ મતવિસ્તાર હારોઆ અને નૈહાટીના વહીવટી જિલ્લાઓને સંદર્ભનો અવકાશ આવરી લે છે તેવું સ્પષ્ટપણે જણાવતા નિર્દેશો છતાં, શાહે ઉત્તર ૨૪ પરગણાના પેટ્રાપોલમાં ૨૭ ઓકટોબરના રોજ સત્તાવાર કાર્યક્રમમાં રાજકીય ટિપ્પણી કરવાનું પસંદ કર્યું,.

# પૂર્વી લદ્દાખના ડેપસાંગ અને ડેમચોકમાં ભારત અને ચીન વચ્ચે સૈન્યની પીછેહઠ પૂર્ણ

(એજન્સી) તા.૩૦

વિદેશ પ્રધાન (EAM) એસ જયશંકરે ૨૭ ઓક્ટોબરના રોજ કહ્યું હતું કે ભારત અને ચીન ટૂંક સમયમાં લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર પેટ્રોલિંગ ફરી શરૂ કરશે, એપ્રિલ ૨૦૨૦માં બોર્ડર સ્ટેન્ડઓફ શરૂ થાય તે પહેલાંની વ્યવસ્થાને પુનઃસ્થાપિત કર્યા પછી આ વિકાસ થયો છે. પૂર્વી લદ્દાખના ડેપસાંગ અને ડેમચોક વિસ્તારમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે ડિસએન્ગેજમેન્ટની પ્રક્રિયા લગભગ પૂર્ણ થઈ ગઈ છે. સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય સેના અને ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) બંને હાલમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) સાથેના સંવેદનશીલ વિસ્તારોમાં કર્મચારીઓને પાછા ખેંચવાની અને લશ્કરી માળખાને તોડી પાડવાની પુષ્ટિ કરી રહ્યા છે.

ચકાસણી પ્રક્રિયા બંને સૈન્ય દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવશે, જેમાં સંમત શરતો અનુસાર સ્થિતિઓ ખાલી કરવામાં આવી છે અને સ્થાપનો દૂર કરવામાં



આવ્યા છે તેની પુષ્ટિ કરવાનો સમાવેશ થશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, હાલ વિશ્વાસના આધારે કામગીરી કરવામાં આવી રહી છે.

ગલવાન વિસ્તાર સહિત ચાર બફર ઝોન વિશે હજુ સુધી કોઈ ચર્ચા થઈ નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે ડેમચોક અને ડેપસાંગ વિસ્તારોમાં પેટ્રોલિંગ સફળ થયા બાદ બફર ઝોનમાં ફરીથી પેટ્રોલિંગ શરૂ કરવાની શક્યતા અંગે કોર્પ્સ કમાન્ડર સ્તરે ચર્ચા વિચારણા કરશે. બંને દેશોના સ્થાનિક લશ્કરી કમાન્ડરો દિવસ માટે આયોજિત કામગીરીનું સંકલન કરવા માટે દરરોજ સવારે હોટલાઇન પર દૈનિક ચર્ચામાં વ્યસ્ત રહે છે. વધુમાં તેઓ પ્રોટોકોલની સમીક્ષા કરવા અને સંરેખિત કરવા માટે દરરોજ એક કે બે વાર નિયુક્ત પોઇન્ટ પર વ્યક્તિગત મીટિંગ્સ કરે છે.

અમે તમને જણાવી દઈએ કે આ વિકાસ વિદેશ પ્રધાન (EAM) એસ જયશંકરે ૨૭ ઓક્ટોબરે કહ્યું હતું કે એપ્રિલ ૨૦૨૦માં સરહદ અવરોધ શરૂ થાય તે પહેલાં ભારત અને ચીન ટૂંક સમયમાં લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર ફરીથી પેટ્રોલિંગ શરૂ કરશે અને ઓર્ડર પુનઃસ્થાપિત કરશે. ગયા અઠવાડિયે, ભારતે જાહેરાત કરી હતી કે તેણે પૂર્વી લદ્દાખમાં એલએસી પર પેટ્રોલિંગ કરવા માટે ચીન સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે આ ક્ષેત્રમાં ચાર વર્ષથી લાંબા સૈન્ય અવરોધને સમાપ્ત કરવામાં એક મોટી સફળતા છે. મુંબઈમાં પત્રકારો સાથે વાત કરતા જયશંકરે કહ્યું હતું કે ડેપસાંગ અને ડેમચોકમાં પેટ્રોલિંગ અને રીટ્રીટ પર સમજૂતી થઈ છે. તેમણે કહ્યું હતું કે, "તે સ્પષ્ટ છે કે તેને અમલમાં લાવવામાં સમય લાગશે. તે છૂટાછવાયા અને પેટ્રોલિંગનો મુદ્દો છે જેનો અર્થ એ થયો કે અમારા દળો એકબીજાની ખૂબ નજીક આવી ગયા છે અને હવે તેઓ તેમના ઠેકાણાઓ પર પાછા ફર્યા છે. અમે આશા રાખીએ છીએ કે ૨૦૨૦માં સ્થિતિ પુનઃસ્થાપિત થશે." જોકે, બાદમાં વિદેશ મંત્રીએ કહ્યું હતું કે LAC પર પેટ્રોલિંગ પર ચીન સાથે સફળ સમજૂતીનો અર્થ એ નથી કે બંને દેશો વચ્ચેના મુદ્દાઓ ઉકેલાઈ ગયા છે. જયશંકરે પુણેમાં એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, ''તાજેતરનું પગલું (સૈનિકો પાછી ખેંચી લેવા) એ ૨૧ ઓક્ટોબરના રોજ થયેલો કરાર હતો જેના હેઠળ ડેપસાંગ અને ડેમચોકમાં પેટ્રોલિંગ કરવામાં આવશે, હવે અમે આગળના પગલા વિશે વિચારી શકીશું એવું નથી કે બધું જ ઉકેલાઈ ગયું છે, પરંતુ સૈનિકો પાછા ખેંચવાનો પ્રથમ તબક્કો છે અને અમે તે તબક્કે પહોંચવામાં સફળ રહ્યા છીએ."

# ભારતીય અર્થવ્યવસ્થા વર્ષોમાં સૌથી વધુ 'અનિશ્ચિત' સ્થિતિમાં : કોંગ્રેસ

(એજન્સી) તા.૩૦

કોંગ્રેસે બુધવારે કહ્યું કે ભારત ઘણા વર્ષોમાં તેની 'સૌથી અનિશ્ચિત અને મુશ્કેલ' આર્થિક પરિસ્થિતિમાં છે અને વેતનની સ્થિરતા, ફુગાવો અને અસમાનતા દેશમાં વપરાશ વૃદ્ધિને નબળી બનાવી રહી છે. કોંગ્રેસના મહાસચિવ અને સંચાર પ્રભારી જયરામ રમેશે એક નિવેદનમાં જણાવ્યું હતું કે જો આ અવરોધોને હવે ગંભીરતાથી લેવામાં નહીં આવે તો આવનારા વર્ષોમાં તે વિકાસને અવરોધશે. તેમણે કહ્યું કે છેલ્લા ત્રણ દાયકામાં ભારતની વૃદ્ધિની વાર્તા વપરાશ વૃદ્ધિની વાર્તા છે-તે લાખો પરિવારોની વાર્તા છે જે ગરીબીમાંથી બહાર આવીને મધ્યમ વર્ગમાં પ્રવેશી રહ્યા છે, જેઓ નવી પ્રોડક્ટ ખરીદવા અને સંપત્તિઓ મેળવવામાં સક્ષમ છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે આ એક સમૃદ્ધ અર્થવ્યવસ્થાની નિશાની



છે, જે ઝડપથી વધી રહી છે અને તેના લાભોનું વ્યાપકપણે વિતરણ કરી રહી છે. છેલ્લા ૧૦ વર્ષોમાં ભારતની વપરાશની વાર્તા હવે વિપરીત દિશામાં ગઈ છે અને તે ભારતીય અર્થતંત્ર માટે સૌથી મોટી સમસ્યા તરીકે ઉભરી આવી છે. હવે ભારતીય વ્યાપાર પણ આ ઘોંઘાટમાં જોડાયો છે, એક અગ્રણી સીઈઓએ તો એમ પણ કહ્યું કે ભારતમાં મધ્યમ વર્ગ સંકોચાઈ રહ્યો છે. રમેશે કહ્યું કે આ મંદીના કારણો સ્પષ્ટપણે સ્થિર વેતન, ઊંચી ફુગાવો અને અસમાનતા છે. આ અંગે વિગતવાર જણાવતા, તેમણે જણાવ્યું હતું કે સરકારના પોતાના સત્તાવાર આંકડાઓ સહિત બહુવિધ ડેટા સ્ત્રોતો, જેમ કે તાજેતરમાં બહાર પાડવામાં આવેલ એન્યુઅલ સર્વે ઓફ ઈન્ડસ્ટ્રીઝ (ASI) ૨૦૨૨-૨૦૨૩, સ્પષ્ટ પુરાવા દર્શાવે છે કે કામદારો આજે ૧૦ વર્ષ પહેલા કરતા ઓછા પરવડી શકે છે.




# મહિલા IPS અધિકારી છઠ્ઠા પ્રયાસમાં અખિલ ભારતીય ક્રમાંક પાંચ સાથે UPSC પરીક્ષા પાસ કરી IAS અધિકારી બની

(એજન્સી)

નવી દિલ્હી, તા.૩૦

ગુડગાંવની ૨૮ વર્ષીય રૂહાનીએ અત્યંત સ્પર્ધાત્મક યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) સિવિલ સર્વિસ પરીક્ષા (CSE)માં પાંચમું સ્થાન મેળવીને એક નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (IAS)માં જોડાવાના તેના સ્વપ્નને સાકાર કરવાની તેની સફરમાં આ સફળતા એક મહત્ત્વપૂર્ણ પગલું છે. પહેલેથી જ ભારતીય પોલીસ સેવા (IPS) અધિકારી તરીકે સેવા આપી રહી હતી, રૂહાની IAS અધિકારી બનવાની તેમની મહત્ત્વાકાંક્ષામાં અડગ રહી. તેણીએ આ ધ્યેય માટે પોતાની જાતને સમર્પિત કરી. તેણે માર્ગમાં અસંખ્ય પડકારો અને અવરોધોને દૂર કર્યા, જેમાં અગાઉના પ્રયત્નોમાં માર્ક્સ ગુમાવવાનો સમાવેશ થાય છે.



છેવટે તેના છઠ્ઠા અને અંતિમ પ્રયાસમાં રૂહાનીની દઢતા ફળી. તેણીએ માત્ર એક પ્રભાવશાળી રેન્ક જ નહીં મેળવ્યો, પરંતુ તેના ટોચના પાંચ સ્થાને IAS અધિકારી તરીકે તેની પસંદગી સુનિશ્ચિત કરી. તેની શૈક્ષણિક યાત્રા શ્રેષ્ઠતા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ગુડગાંવની એક ખાનગી શાળામાં ભણ્યા પછી રૂહાનીએ દિલ્હી યુનિવર્સિટીની પ્રતિષ્ઠિત સેન્ટ સ્ટીફન્સ કોલેજમાંથી અર્થશાસ્ત્રની ડિગ્રી સાથે સ્નાતક થયા. UPSC પરીક્ષાનો પ્રયાસ કરતા પહેલા તેણીએ પહેલેથી જ ભારતીય આર્થિક સેવા પરીક્ષા પાસ કરી હતી અને નીતિ આયોગમાં સહાયક નિયામક તરીકે સેવા આપી હતી. તેના UPSC પ્રયાસોમાં પ્રારંભિક આઘાત હોવા છતાં, હૈદરાબાદમાં IPS તાલીમ લેતી વખતે પણ રૂહાનીનો નિર્ધાર ક્યારેય ઓછો થયો ન હતો. તેનું સમર્પણ આખરે તેના છઠ્ઠા પ્રયાસમાં તેને તેના ધ્યેય તરફ દોરી ગયું, તેની સ્થિતિસ્થાપકતા અને સ્વપ્ન પ્રત્યેના સમર્પણને દર્શાવે છે. રૂહાનીની વાર્તા એ દઢતાની શક્તિ અને પડકારોને ધ્યાનમાં લીધા વિના વ્યક્તિની આકાંક્ષાઓને અનુસરવાથી પ્રાપ્ત થતી પરિપૂર્ણતાનો પ્રેરણાદાયી પ્રમાણપત્ર છે.

# ૨૩ વર્ષીય મહિલાએ પ્રથમ પ્રયાસમાં UPSC પરીક્ષા પાસ કરી

(એજન્સી)

નવી દિલ્હી, તા.૩૦

પશ્ચિમ બંગાળની ૨૩ વર્ષની તમાલી સાહાએ તેના પ્રથમ પ્રયાસમાં જ UPSC IFS પરીક્ષા પાસ કરીને અવિશ્વસનીય માઈલસ્ટોન હાંસલ કર્યું છે. તેની સફળતાએ તેને દેશભરમાં એક પ્રેરણા બનાવી છે, તે સાબિત કરે છે કે નિશ્ચય, એક મજબૂત વ્યૂહરચના અને સખત મહેનત સાથે કોઈપણ ધ્યેય પ્રાપ્ત કરી શકાય છે. તમાલીની સફર પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણામાં



શરૂ થઈ, જ્યાં તેણીએ શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યારબાદ તેણે કોલકાતાની કોલકાત્તા યુનિવર્સિટીમાંથી પ્રાણીશાસ્ત્રમાં ડિગ્રી મેળવી. તેના કોલેજના વર્ષો દરમિયાન પણ તમાલી UPSC પરીક્ષા પાસ કરવાના તેના લક્ષ્યમાં અટલ હતી. ૨૦૨૦માં તેના સમર્પણનું વળતર મળ્યું જ્યારે તેણે પ્રથમ પ્રયાસમાં UPSC ભારતીય વન સેવા પરીક્ષા પાસ કરી ૯૪મો અખિલ ભારતીય ક્રમાંક મેળવ્યો. આ પ્રભાવશાળી સિદ્ધિએ તેને ભારતીય વન સેવા (IFS) અધિકારીની પ્રતિષ્ઠિત ભૂમિકા અને તેના ગૃહ રાજ્ય પશ્ચિમ બંગાળમાં પોસ્ટિંગ અપાવ્યું.



### IPS રાજકુમાર પાંડિયન બાદ IAS નેહાકુમારી સામે જીજ્ઞેશ મેવાણીએ ગંભીર આક્ષેપો કર્યા

# ધારાસભ્ય મેવાણીએ કલેક્ટર સામે આખરે નોંધાવી ફરિયાદ : નેહાકુમારીએ પણ આપ્યો જવાબ

**● લુણાવાડા પોલીસ મથકે એટ્રોસીટી એક્ટ હેઠળ મેવાણીએ ફરિયાદ નોંધાવી**

**● ગુનાહિત વ્યક્તિને સાથ આપી ધારાસભ્ય રાજકીય સ્ટંટ ઉભો કરે છે : નેહાકુમારી**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

કોંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી હાલ રાજ્યમાં ચર્ચામાં છે. અગાઉ IPS પાંડિયન સામે અને હવે તેઓએ IAS અધિકારી નેહાકુમારી સામે ભારે આક્ષેપો કર્યા છે. દરમિયાન જીજ્ઞેશ મેવાણીએ પત્રકાર પરિષદમાં મહિસાગરના કલેક્ટર નેહાકુમારી સામે આક્ષેપો કર્યા બાદ આખરે આ સમગ્ર મામલે તેમણે લુણાવાડા પો. મથકે એટ્રોસીટી એક્ટ હેઠળ નેહાકુમારી સામે ફરિયાદ નોંધાવતા મામલો ગરમ બન્યો છે. તો બીજી તરફ કલેક્ટર નેહાકુમારીએ જીજ્ઞેશ મેવાણીના આક્ષેપોનો જવાબ વાળતા ગુનાહિત વ્યક્તિને સાથ આપવાના રાજકીય સ્ટંટ ઉભો કરવા મેવાણી સામે આક્ષેપો કરતા નવો વળાંક આવવા સાથે ચર્ચા વ્યાપક બની છે.





આઈપીએસ રાજકુમાર પાંડિયન બાદ વધુ એક આઈએએસ અધિકારી અને મામલતદાર દલિત સમાજ વિશે તથા વકીલ-પત્રકાર વિશે કરવામાં આવેલી અત્યંત વાંધાજનક ટિપ્પણી બાબતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને દશાડાના પૂર્વ ધારાસભ્ય નૌશાદ સોલંકીએ પત્રકાર પરિષદને સંબોધન કરી આરોપો લગાવ્યા હતા. આ આરોપ બાબતે મહિસાગરના જિલ્લા કલેક્ટર નેહા કુમારીએ જવાબ આપીને જીજ્ઞેશ મેવાણી પર નિશાન સાધ્યુ હતું.

વાયરલ વિવાદિત વિડિયો મામલે મહિસાગર જિલ્લા કલેકટર નેહા કુમારી મીડિયા સામે આવ્યા છે. અને વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાની પર નિશાન સાધતા છે. તેમણે કહ્યુ કે ધારાસભ્ય જે વ્યક્તિને માસૂમ બતાવી રહ્યા છે પણ કદાચ તેમને ખબર નહિ હોય તે માસૂમ વ્યક્તિ સામે અનેક ગુના નોંધાયેલા છે. અરજદાર વિજય પરમાર અને તેમના સગા ભાઈ પંકજ પરમાર સામે દુષ્કર્મ, કીડનેપીંગ તેમજ મારામારી જેવા ગંભીર ગુના નોંધાયેલા છે. તેમણે કહ્યું કે આ અરજદાર અનેકવાર વિવિધ કચેરીઓની ફરિયાદો લઈને આવતા હોય છે અને તેમને સંભાળવામાં આવે છે. ૨૩ તારીખે યોજાયેલા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં વિજય પરમાર પોલીસના કર્મચારી અને અધિકારીઓ વિરોધ ફરિયાદ દાખલ કરવા માટે દબાણ કરતા હતા. નેહા કુમારીએ કહ્યું કે અમે તેમને શાંતિ પૂર્વક જણાવ્યું કે ફરિયાદ દાખલ કરવાની સત્તા અમારી પાસે નથી, તમે તેના માટે પોલીસ વડાને મળો છતાં તમને સંતોષ ના થાય તો કોર્ટમાં તમે ફરિયાદ દાખલ કરી શકો છો છતાં વારંવાર તેઓ દબાણ કરતા હતા અને અધિકારીઓ સામે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરતા હતા.

નેહા કુમારીએ વધુમાં કહ્યું કે બધા અધિકારીઓ સામે તે એવું બોલી ગયા કે હું બધાને જોઈ લઈશ અને એવું કહ્યું કે નેહા કુમારી દુબે તું તો બ્રહ્મણ છે ને તને તો હું એક્ટ્રોસિટીની સેક્શન ૪ શું છે તે બતાવી દઈશ.હું વકીલ પણ છું અને પત્રકાર પણ છું , મારા ઘણા મિત્રો પત્રકારો છે અને વકીલો છે . તમારી ઓફિસ સામે બેસાડી દઈશ તમને ખબર પડશે કે હું કોણ છું.

તેમણે કહ્યું કે રાજ્ય સરકાર નાની બાળકીઓને અને મહિલાઓને લઈને સંવેદનશીલ છે ત્યારે આ ધારાસભ્ય ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યક્તિને સાથે રાખીને કાયદો વ્યવસ્થાને કઈ દિશામાં લઈ જવા માંગે છે તે આપ સમજી શકો છો. ધારાસભ્ય આવા ખોટા વકીલ અને પત્રકારને સાથે રાખી સમગ્ર પત્રકારો અને વકીલોની સાથે તુલના કરે છે. અને સાચા પત્રકારોને મલિન કરે છે. આ એક પોલિટિકલ સ્ટંટ ઊભો કરે છે જે ગેરમાર્ગે દોરે છે તેમનો એ ઈરાદો ક્યારેય સફળ નહિ થાય. ધારાસભ્ય જાણી જોઈને મારૂ નામ નેહાકુમારી હોવા છતાં નેહાકુમારી દુબેનો ઉલ્લેખ કરે છે જેથી મારી જાતિ બાબત ખબર પડે ને સામાજિક દ્વેષ ઉતપન્ન થાય. હું જાતિવાદમાં માનતી નથી એટલે મે મારી જાતિ રેકર્ડ પર રાખી નથી. મારી જાતિ ક્યાંય પણ ઓફિશિયલ રેકોર્ડ પર નથી છતાં તેનો ઉલ્લેખ કરી તેઓ મારી સરનેમ બોલી જાતિવાદને ઉત્તેજન આપી રહ્યા છે. હું દરેક જાતિનું સન્માન કરૂં છું. તેમણે એમ પણ કહ્યું કે હું પોતે બંધારણનું સન્માન કરૂં છું અને બાબા સાહેબના સિદ્ધાંતો પર ચાલી અહીંયા સુધી પહોંચી છું. વિજય પરમાર દ્વારા સરકારી કર્મચારીઓને એક્ટ્રોસિટી કાયદા ના નામે જે રીતે બ્લેકમેઈલ કરવામાં આવે છે તે બિલકુલ યોગ્ય નથી.ધારાસભ્ય દ્વારા આવા લોકોને સમર્થન આપવામાં આવે છે એનાથી જે સાચા ફરિયાદીઓ છે જે સાચે પીડિત છે તેવા લોકોને ન્યાય મળવામાં મુશ્કેલી થાય.

### રાજ્યભરનું વાતાવરણ હજુ શુષ્ક રહેવાની શક્યતા

# રાજ્યમાં હજુ સાત દિવસ સુધી ઠંડી પડશે નહીં અમદાવાદમાં લઘુત્તમ તાપમાનનો રેકોર્ડ બ્રેક

**ઓક્ટોબર માસમાં લઘુત્તમ તાપમાન ૧૪ વર્ષે સૌથી વધુ ૨૩.૪ ડિગ્રી નોંધાયું**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૭ દિવસ દરમિયાન રાજ્યભરનું વાતાવરણ શુષ્ક રહેવાની શક્યતા છે. તદુપરાંત આગામી ૭ દિવસ હજુ પણ મહત્તમ તાપમાન યથાવત્ રહેવાને લઈ ગરમી જારી રહેશે. એટલે કે, આગામી ૭ દિવસ દરમિયાન હજુ પણ ઠંડી પડવાના કોઈ એંધાણ નથી. દિવાળી બાદ સામાન્ય રીતે ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે. પરંતુ હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હાલમાં ઠંડીની શરૂઆત થઈ શકે તેવી કોઈ સિસ્ટમ સક્રિય નથી. અમદાવાદમાં તાપમાન ૩૮ ડિગ્રી નોંધાયું છે. રાજ્યમાં બેવડી ઋતુની અસર જારી રહેશે.



રણ પ્રદેશમાંથી સૂકા પવન ગુજરાત તરફ વળ્યા ગુજરાત રાજ્ય ઉપર હાલમાં ઉત્તર પશ્ચિમ અને પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા છે. જેને કારણે હજુ પણ ઠંડીની શરૂઆત થઈ શકી નથી. કારણ કે, રણ પ્રદેશમાંથી સૂકા પવન ગુજરાત તરફ આવી રહ્યા છે. જેથી ગુજરાત રાજ્યનું વાતાવરણ પણ શુષ્ક બન્યું છે તથા આગામી ૭ દિવસ હજુ પણ શુષ્ક વાતાવરણ રહેવાની શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલ કરતા આજે અમદાવાદ શહેરના મહત્તમ તાપમાનમાં એકાદ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. પરંતુ તેનાથી વધુ વધારો કે ઘટાડો થવાની હાલ પૂરતી સંભાવના નથી.

અમદાવાદમાં ગરમીએ ૧૪ વર્ષનો રેકોર્ડબ્રેક કર્યો છે.અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૮.૪ ડિગ્રી નોંધાયું છે જયારે અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૨૩.૪ ડિગ્રી નોંધાયું છે. વર્ષ ૨૦૧૦-૨૦૨૩માં સૌથી વધુ લઘુતમ તાપમાન ઓક્ટોબર માસમાં ૨૦ ડિગ્રી તાપમાન નોંધાયું છે.આ વર્ષે ૧૪ વર્ષનો લઘુત્તમ તાપમાનનો રેકોર્ડ બ્રેક થયો છે અને લઘુતમ તાપમાન ઓક્ટોબર માસમાં વધુ નોંધાયું છે, વરસાદને લઈ હવામાન વિભાગે કોઈ આગાહી કરી નથી, એટલે ખેડૂતો માટે રાહતના સમાચાર છે. ત્રણ દિવસથી ગુજરાતમાં વરસાદ નોંધાયો નથી.ગુજરાતમાંથી મેઘરાજાએ વિદાય લીધી છે. ત્યારે હવે ગુજરાતમાં શિયાળાની ધીમી શરુઆત થાય તો જણાવાય છે. રાજ્યમાં ધીમે ધીમે ઠંડી આગળ વધશે. વહેલી સવારે અને મોડી રાત્રે સૌપ્રથમ ઠંડીનો અહેસાસ શરૂ થશે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં ઠંડીની જગ્યાએ ગરમીનો અનુભવ થશે. ૧૧ જિલ્લાઓમાં ૩૭થી વધુ ડિગ્રી તાપમાન રહેશે. કંડલામાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો છે. ડીસા, ભુજ અને રાજકોટમાં ૩૯ ડિગ્રી તાપમાન રહેશે. અમદાવાદમાં ૩૮.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદમાં સામાન્ય કરતા ૩.૨ ડિગ્રી તાપમાન વધુ છે. સુરેન્દ્રનગરમાં ૩૮, મહુવામાં ૩૭.૮ ડિગ્રી તાપમાન જ્યારે અમરેલી, ગાંધીનગર, વડોદરામાં ૩૭થી વધુ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

### ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી લાભપાંચમ બાદ ૧૧ નવેમ્બરથી શરૂ કરાશે

# રાજ્યમાં મગફળી-મગ-અડદ વગેરેની ખરીદી માટે નોંધણીની મુદતમાં વધારો

**૧૧ નવેમ્બર સુધી થશે નોંધણી : રૂા.૭૬૪૫ કરોડની ૧૧.૨૭ લાખ મે.ટન મગફળી ખરીદાશે**

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતના ખેડૂતોને તેમની ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ અને આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડૂતો નોંધણી કરાવી શકે તે માટે નાફેડનું ઈ-સમૃદ્ધિ પોર્ટલ તા.૦૩-૧૦-૨૦૨૪થી તા.૩૧-૧૦-૨૦૨૪ સુધી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. રાજ્યનો કોઈપણ ખેડૂત ટેકાના ભાવે ખરીદીના લાભથી વંચિત ન રહી જાય તે માટે આ નોંધણી પ્રક્રિયા આગામી તા.૧૧ નવેમ્બર, સુધી લંબાવવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી કુલ રૂા.૭,૬૪૫ કરોડના મૂલ્યની ૧૧.૨૭ લાખ મેટ્રિક ટન મગફળી, રૂા.૪૫૦ કરોડના મૂલ્યની ૯૨,૦૦૦ મેટ્રિક ટન સોયાબીન, રૂા.૩૭૦ કરોડના મૂલ્યની ૫૦,૯૭૦ મેટ્રિક ટન અડદ અને રૂા.૭૦ કરોડના મૂલ્યની ૮,૦૦૦ મેટ્રિક ટન મગની મળીને કુલ રૂા.૮,૪૭૪ કરોડના મુલ્યની આશરે ૧૨.૭૮ લાખ મેટ્રિક ટન જણસીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે અને તે માટે સરકાર દ્વારા તમામ આગોતરૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે મગફળીનો ટેકાનો ભાવ માટે રૂા.૬,૭૮૩ પ્રતિ ક્વિન્ટલ (રૂા. ૧,૩૫૬ પ્રતિ મણ), મગનો ટેકાનો ભાવ રૂા.૮,૬૮૨ પ્રતિ ક્વિન્ટલ (રૂા.૧,૭૩૬ પ્રતિ મણ), અડદનો ટેકાનો ભાવ રૂા.૭,૪૦૦ પ્રતિ ક્વિન્ટલ (રૂા.૧,૪૮૦ પ્રતિ મણ) તથા સોયાબિનનો ટેકાનો ભાવ રૂા.૪,૮૯૨ પ્રતિ ક્વિન્ટલ (રૂા.૯૭૮ પ્રતિ મણ) જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યના ૧૬૦ જેટલા ખરીદ કેન્દ્રો પર રાજ્યમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી લાભપાંચમ બાદ તા.૧૧-૧૧-૨૦૨૪ના રોજથી શરૂ કરવામાં આવશે અને તા.૦૮-૦૨-૨૦૨૫ના રોજ પૂર્ણ થશે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અનોખી પરિવાર ભાવના

# આવાસ યોજનાના લાભાર્થી પરિવારો સાથે મુખ્યમંત્રી દિવાળીનો પર્વ ઉજવશે

**રાજ્યના અન્ય મંત્રીઓ પણ જુદા-જુદા નગરોમાં લાભાર્થી પરિવારો સાથે દિવાળી મનાવશે**

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દિપાવલીના પર્વમાં અનોખી પરિવાર ભાવના વધુ એકવાર ઉજાગર કરી છે. ઉમંગ અને ઉલ્લાસના અજવાળા પાથરતો દીપોત્સવનો આ તહેવાર તેઓ ગાંધીનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના પોતિકા ઘરમાં દિવાળી મનાવી રહેલા લાભાર્થી પરિવારો વચ્ચે રહીને, તેમની ખુશાલીમાં સહભાગી થઈને મનાવશે. ગાંધીનગરની આ નમોનારાયણ રેસીડન્સીમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૧૨૦૮ આવાસોનું ફેબ્રુઆરી-૨૦૨૪માં લોકાર્પણ થયું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવા પરિવારોના સ્વજન તરીકે આ વર્ષની દિવાળીની ઉજવણી લાભાર્થીઓ સાથે કરવાનો અભિગમ અપનાવ્યો છે.ગાંધીનગરના સરગાસણની આવાસ યોજના વસાહત "નમોનારાયણ રેસીડન્સી"ના પરિવારો સાથે દિવાળી ઉત્સવ ઉજવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૩૧ ઓક્ટોબરે સાંજે ૭ કલાકે આ વસાહતની મુલાકાતે જવાના છે. મુખ્યમંત્રી આવાસ વસાહતમાં દિપાવલી પર્વની ઉજવણીમાં પરિવારો સાથે સ્નેહમિલન દ્વારા નૂતન વર્ષ શુભેચ્છાઓ પણ પાઠવશે. મુખ્યમંત્રીની પ્રેરણાથી મંત્રીમંડળના મંત્રીઓ પણ રાજ્યના અન્ય શહેરો-ગામોમાં આવા પી.એમ.એ.વાય.ના લાભાર્થી પરિવારો સાથે દિપાવલી ઉત્સવમાં સહભાગી થવાના છે.

તદઅનુસાર, મંત્રી કનુભાઈ દેસાઈ વલસાડના ભાગડાવાડામાં પી.એમ.એ.વાય.(શહેરી)ના લાભાર્થીઓ સાથે, મંત્રી ઋષિકેશ પટેલ મહેસાણાના રંગપુરમાં પી.એમ.એ.વાય.(ગ્રામ્ય)ના લાભાર્થીઓ સાથે, મંત્રી રાઘવજી પટેલ જામનગરના બેડીમાં પી.એમ.એ.વાય.(શહેરી)ના લાભાર્થીઓ સાથે, બલવંતસિંહ રાજપૂત પાટણના સિદ્ધપુરમાં પી.એમ.એ.વાય.(ગ્રામ્ય)ના લાભાર્થીઓ સાથે ભાનુબહેન બાબરિયા રાજકોટના વાવડીમાં પી.એમ.એ.વાય.(શહેરી)ના લાભાર્થીઓ સાથે, હર્ષભાઈ સંઘવી સુરતના પાલનપોરમાં ઉજવણીમાં સહભાગી થશે આ રીતે અન્ય મંત્રોઓ તથા દંડક પણ અન્યત્ર આવાસ યોજના ખાતે જઈ ઉજવણી કરશે.

### હજ ૨૦૨૫માં હજયાત્રાએ જતાં હજયાત્રીઓ માટે રાહત

# એડવાન્સ હજ એમાઉન્ટ અને જરૂરી ડોક્યુમેન્ટ માટે આખરી મુદતમાં ફરી એકવાર વધારો

ગાંધીનગર, તા.૩૦

હજ ૨૦૨૫ માટે એડવાન્સ હજ એમાઉન્ટ અને જરૂરી ડોક્યુમેન્ટ જમા કરાવવાની તારીખની મુદતમાં ફરી એકવાર વધારો કરાયો છે.

ગુજરાત રાજ્ય હજ સમિતિના અધ્યક્ષ ઈકબાલ સૈયદ અને સચિવ, આઈ.એમ. ઘાંચી એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવે છે, કે હજ ૨૦૨૫ માટે હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના તા.૩૦-૧૦-૨૦૨૪નાં પરિપત્રિ મુજબ પસંદગી પામેલા હજ યાત્રિકોએ હાજી દીઠ એડવાન્સ હજ એમાઉન્ટ રૂા.૧,૩૦,૩૦૦/- નિયત કરેલ બેન્કમાં જમા કરાવવાના માટેની આખરી તારીખ ૩૧-૧૦-૨૦૨૪ સુધી હતી, જેની મુદ્દત વધુ એકવાર વધારી હવે તા.૧૧-૧૧-૨૦૨૪ સુધી હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના એકાઉન્ટમાં ઓનલાઈન કે ઓફલાઈન (નિયત નમુના મુજબની પે-સ્લીપમાં) રકમ જમા કરાવી શકાશે. ઉક્ત રકમ ભરી નીચે મુજબના ડોક્યુમેન્ટ હજ હાઉસ, કાલુપુર, અમદાવાદ ખાતે જમા કરાવવાની તા.૫-૧૧-૨૦૨૪ સુધી હતી જેની મુદ્દત વધારી તા.૧૪-૧૧-૨૦૨૪ કરવામાં આવે છે.

૧. હજ એપ્લીકેશન ફોર્મ (નોંધ-ફોર્મની pdf લોગીન કરીને જરૂરી જગ્યાઓએ સાઈન કરીને જમા કરાવવાની રહેશે)

૨. સોલેમન ડિક્લેરેશન/અન્ડર ટેકિંગ/ડિક્લેશેન

૩. પે-ઈન-સ્લીપની કોપી/ઓનલાઈન રીસીપ્ટ ( HCoI Copy)

૪. મેડિકલ સ્કીનીંગ અને ફિટનેસ સર્ટિફિકેટ (હજ કમિટી વેબસાઈટ પર આપેલ નિયત નમૂના મુજબ)

૫. ઓરીજીનલ ઈન્ટરનેશનલ પાસપોર્ટના પહેલા અને છેલ્લા પેજની સ્વ-પ્રમાણિત નકલ (કોપી) જમા કરાવવી

દરેક હજ યાત્રિકોને વિનંતી કરવામાં આવે છે કે એડવાન્સ હજ રકમ જમા કરાવવાની છેલ્લી તારીખનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને જો રકમ જમા કરાવવામાં નિષ્ફળ જશો અને તમામ પસંદગી રદ કરવામાં આવે તો ગુજરાત રાજ્ય હજ સમિતિની કોઈ જવાબદારી રહેશે નહીં.

## રાજ્યપાલની શુભેચ્છા મુલાકાત લેતા ભાજપ નેતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા



અમદાવાદ, તા.૩૦

દિવાળી પર્વ નિમિત્તે ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી અને ભાજપના સિનિયર નેતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન રાજ્યપાલે પૂર્વ શિક્ષણમંત્રીનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. ચુડાસમાએ તા : ૨૧/૧૦/૨૪થી તા.૨૬/૧૦/૨૪ દરમ્યાન ગૂજરાત વિદ્યાપીઠના ૧૬૦૦ ડેટલા વિદ્યાર્થીઓ પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ લાવવા ૧૮ હજાર ગામોમાં ગયા હતા તે વિષે ચર્ચા કરી હતી.

### શહેરોમાં ડોક્ટર ઓન કોલની સુવિધા મળી રહેશે

# રાજ્યના અમદાવાદ સહિતના મહાનગરોમાં દિવાળીના તહેવારોમાં સારવાર માટે તબીબો તૈયાર

**OPD-ઈમરજન્સી, એમ્બ્યુલન્સ સહિતની વ્યવસ્થા; ફોન નંબર સાથેના લિસ્ટ જારી**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ સહિત રાજ્યના મહાનગરોમાં દિવાળીના તહેવારોમાં બિમાર પડનારા કે અકસ્માતના બનાવોના દર્દઓને સારવાર મળી રહે તે માટે વ્યવસ્થા ગોઠવાઈ છે.

દિવાળીની ઉજવણી લોકો પરિવાર સાથે કરતા હોય છે. મીઠાઈ-ફરસાણ અને બહાર હોટલમાં જમવા જતા હોય છે. પણ મોજ-મસ્તીના આ તહેવારમાં લોકોને હંમેશાં એક વાતની ચિંતા સતાવતી હોય છે અને તે છે કે જો તહેવારમાં બીમાર પડ્યા તો ક્યાં જઈશું. પણ હવે તમારે ચિંતા કરવાની જરૂર નથી. તહેવારના સમયે સારવાર માટે કેટલાક ડોક્ટરોએ તૈનાત રહેવાની તૈયારી બતાવી છે. અમદાવાદ મેડિકલ એસોસિયેશન (AMA) દર વર્ષે દિવાળીના તહેવાર દરમિયાન ડોક્ટર્સ ઓન કોલની સુવિધા પૂરી પાડે છે. છેલ્લાં ૧૪ વર્ષથી AMA દિવાળીના તહેવારોની રજા દરમિયાન કે જ્યારે તબીબો ઓછી સંખ્યામાં ઉપલબ્ધ હોય છે, તે દરમિયાન દર્દીઓને હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે ફોન કોલ ઉપર તબીબો દર્દીને સારવાર કરે છે. છેલ્લા ૧૪ વર્ષથી અમદાવાદ મેડિકલ એસોસિયેશન સાથે જોડાયેલા તબીબો સ્વેચ્છાએ દિવાળીના તહેવાર સમયે દર્દીઓની સારવાર માટે હાજર રહે છે. ગત વર્ષે દિવાળીના તહેવાર દરમિયાન અમદાવાદ મેડિકલ એસોસિયેશન સાથે સંકળાયેલા ૧૦૯ તબીબો ફોન કોલ ઉપર ફરજ બજાવી હતી. જેમાં ૬૦૦થી વધુ દર્દીઓની ફોન કોલ ઉપર જ સારવાર કરી હતી. જ્યારે આ વર્ષે લગભગ ૮૩ તબીબો ફોન કોલ ઉપર સેવા આપશે. સુરત સિવિલ હોસ્પિટલમાંથી મળતી માહિતી પ્રમાણે, તહેવારના સમયમાં ઈમર્જન્સીના કેસમાં વધારો આવતો હોય છે. જેને પહોંચી વળવા સુરત સિવિલ હોસ્પિટલનું તંત્ર એકદમ સજ્જ છે. દિવાળીમાં શિફ્ટવાઈઝ ડોક્ટરો અને સ્ટાફ ૨૪ કલાક હાજર રહેશે. જો કોઈ મોટી ઘટના બને તો આ તબીબોની સંખ્યામાં પણ વધારો કરી શકાશે. આ સાથે જે પણ તબીબોની જરૂર પડશે તેની વ્યવસ્થાની પણ તૈયારીઓ કરવામાં આવી છે. દિવાળીના સમયમાં દાઝી જવા અને અકસ્માતના કેસમાં વધારો થતો હોય છે. સુરત સિવિલના ટ્રોમા સેન્ટરમાં આઈસીયુ સુધીની તમામ વ્યવસ્થાઓ છે. જો કોઈ દર્દીની સર્જરી કરવાની પણ ફરજ પડે તો તેની પણ વ્યવસ્થા કરવામાં આવેલી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દિવાળી, પડતર દિવસ અને નૂતન વર્ષના દિવસે ૪૫૦, ભાઈબીજના માત્ર ઈમર્જન્સીમાં ૧૬૦ તબીબો ખડેપગે રહેશે. ICU સાથેની ૪૩ જેટલી ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ તહેનાત રાખવામાં આવશે. તહેવારોમાં ખાનગી હોસ્પિટલના તબીબો રજા પર જતા સિવિલમાં ઈન્ડોર દર્દીઓની સંખ્યામાં ૩૦ ટકાનો વધારો થશે. રાજકોટ સિવિલ હોસ્પિટલના નાયબ સિવિલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. હેતલ ક્યાડાએ જણાવ્યું હતું કે, દિવાળીને અનુલક્ષીને ગુરુવારથી ૪ દિવસની રજા છે. હોસ્પિટલમાં દર્દીઓ માટે તબીબો ગુરુવાર, શુક્રવાર અને શનિવાર એમ ત્રણેય દિવસ કાર્યરત રહેશે. એટલે કે, ૨૩ વિભાગની OPD ચાલુ રહેશે. એકમાત્ર રવિવારે ભાઈબીજના દિવસે તમામ OPD સર્વિસ બંધ રહેશે. જ્યારે ઈમર્જન્સી સર્વિસ ચાલુ રહેશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હાલ સિવિલ હોસ્પિટલમાં તબીબો સહિતનો કુલ ૯૦૦ જેટલો સ્ટાફ છે. જો કે, તેમાંથી ૪૫૦ જેટલો સ્ટાફ ફરજ બજાવી રહ્યો છે.

જ્યારે રાજકોટ ૧૦૮ના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર ચેતન ગાધેએ જણાવ્યું હતું કે, રાજકોટમાં ICU ઓન વ્હીલ સાથેની ૪૩ એમ્બ્યુલન્સ છે. જ્યારે ૨૨૦ જેટલા તબીબો સહિતનો સ્ટાફ ૧૦૮ ઈમર્જન્સીમાં છે. રાજકોટમાં દરરોજ ૨૦૦ જેટલા ઈમર્જન્સી કોલ આવે છે. જેમાં દિવાળીના દિવસો દરમિયાન ૭ ટકાના વધારા સાથે ૨૬૦ જેટલા થાય છે.

### રાજ્યમાં વિવિધ ફલાઈટ્સ ઉડાવી દેવાની ધમકીનો સિલસિલો સતત જારી

# ઈન્ડિગો ફલાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી : પોલીસ-સુરક્ષા એજન્સીની દોડધામ

**વડોદરા સહિત દેશભરના વિવિધ એરપોર્ટ પર ૪૦ ફલાઈટમાં બોમ્બ મૂકાયાની ધમકી**


(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

દિવાળી પર્વ પહેલાં વડોદરા એરપોર્ટ પર ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટમાં બોમ્બ મૂકાયો હોવાની ધમકી મળી હતી. જેને પગલે એરપોર્ટ ઓથોરિટી, વડોદરા પોલીસ અને વિવિધ સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. ઈન્ડિગો ફ્લાઈટ અને એરપોર્ટ પર ચેકિંગ કરવામાં આવ્યું હતું. જોકે, સદનસીબે બોમ્બ કે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી.

વડોદરા એરપોર્ટ પર છેલ્લા ૨૫ દિવસમાં બીજી વખત બોમ્બની ધમકી મળી છે. ઈન્ડિગો એરલાઈન્સને ઈમેલમાં ધમકી મળી હતી કે ફ્લાઈટ નંબર ૮૦૭માં બોમ્બ મૂકાયો છે. તેની સાથે દેશના વિવિધ એરપોર્ટ પર ૩૫થી ૪૦ ફ્લાઈટમાં બોમ્બ મૂકાયો હોવાની ધમકી મળી હતી. જેને પગલે વડોદરા પોલીસ સહિત સુરક્ષા એજન્સીઓએ બોમ્બ અને ડોગ સ્કવોડની મદદથી ચેકિંગ શરૂ કર્યું હતું. જોકે, તપાસની અંતે કશું મળ્યું ન હતું જેથી પોલીસે અને એરપોર્ટ ઓથોરિટીએ હાશકારો અનુભવ્યો હતો. આ સમગ્ર મામલે પોલીસ અને CISFની ટીમ દ્વારા ઈનર અને આઉટર ચેકિંગ કરવામાં આવ્યું હતું. તાત્કાલિક એરપોર્ટ એથોરિટીની મિટિંગ બોલાવવામાં આવી જેમાં SOG, DCP, ક્રાઈમ બ્રાન્ચ, સેન્ટ્રલ આઈબી, લોકલ આઈબી અને લોકલ પોલીસ જોડાયા હતા. આ ઘટના અંગેનો ગુનો હરણી પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવ્યો છે. આ ઈમેલ અજાણ્યા વ્યક્તિ દ્વારા મોકલવામાં આવ્યો છે, જેની હાલ તપાસ ચાલુ છે. વડોદરા એરપોર્ટ ડાયરેક્ટર પ્રદીપ ડોબરીયાએ જણાવ્યું હતું કે, ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટમાં બોમ્બ મુકાયાની ધમકી મળી હતી. જેથી તુરંત જ અમે એલર્ટ થઈ ગયા હતા અને પોલીસ સહિતની એજન્સીઓને પણ જાણ કરી હતી. એરપોર્ટ અને ફ્લાઈટમાં તપાસ કરવામાં આવી હતી, પરંતુ તપાસમાં કશું મળ્યું નહોતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ૨૫ દિવસ પહેલાં પણ વડોદરા એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેમાં CISFના ઈમેલ એડ્રેસ પર ગર્ભિત ધમકીભર્યો મેસેજ આવતા એરપોર્ટ ઓથોરિટી, પોલીસ સહિતની વિવિધ ટીમો એક્શનમાં આવી ગઈ હતી. ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બોમ્બ અને ડોગ-સ્ક્વોડ દ્વારા ટર્મિનલ વિસ્તારમાં ચેકિંગ કરાયું હતું, પરંતુ કોઈ શંકાસ્પદ પદાર્થ કે વસ્તુ મળી આવી નહોતી. આ જ રીતે અગાઉ ૫ મહિના પહેલાં પણ વડોદરા હરણી એરપોર્ટને ઈમેલ દ્વારા ધમકી મળી ચૂકી છે અને ત્યારે પણ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું અને ત્યારે પણ કોઈપણ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી.


Ministry of Home Affairs
Government of India
STATUE OF UNITY
एक भारत, श्रेष्ठ भारत.
ભારતની એકતાના શિલ્પી
સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિતે
રાષ્ટ્રીય એકતા દિવસ 2024
વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સરદાર પટેલને પુષ્પાંજલિ અને રાષ્ટ્રજોગ સંદેશ
વિવિધ કાર્યક્રમો:
• રાષ્ટ્રીય એકતા દિવસ પરેડ
• ભારતીય વાયુસેનાનું ફલાયપાસ્ટ (સૂર્યકિરણ)
• ડેર ડેવિલ રાઈડર્સ શો
• ટ્રેડિશનલ માર્શલ આર્ટ
• નારી શક્તિની ઉજવણી રૂપે ગુજરાત મહિલા પોલીસ દ્વારા 'અતુલ્ય ભારત' થીમ પર કાર્યક્રમ
• એન.સી.સી. દ્વારા ખાસ પ્રદર્શન
• સ્કૂલ બેન્ડ ડિસ્પ્લે
• સાંસ્કૃતિક કાર્યક્રમ
"સરદાર પટેલની જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ આપણાં માટે માત્ર એક તારીખ નથી.
પરંતુ ભારતના સામર્થ્યને દર્શાવતું એક પર્વ છે"
– વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી
તારીખ: 31 ઓક્ટોબર, 2024 | સમય: સવારે 07:15 વાગ્યાથી | સ્થળ: એકતાનગર, ગુજરાત
સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યુઝ ચેનલ પર
DD NEWS

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# પૃથ્વીવાસીઓએ અવકાશમાં ફેલાવેલો ૪૩૦૦ ટન ઉપગ્રહીય કચરો ભયંકર આફત નોંતરી શકે

પૃથ્વી પરના કચરાને કારણે સમગ્ર વિશ્વમાં પ્રદૂષણ અને અન્ય ગંભીર સમસ્યાઓ એક પડકાર છે. પરંતુ આ સમસ્યા માત્ર પૃથ્વી પુરતી મર્યાદિત નથી. માનવીય પ્રવૃત્તિઓ હવે અવકાશમાં પણ કચરો ફેલાવી રહી છે. આઘાતની વાત તો એ છે કે આના માટે જવાબદાર મોટા અને વિકસીત દેશો પણ તેની ચિંતા કરતા નથી. ખાસ કરીને અમેરિકા, ચીન, રશિયા અને ફ્રાન્સ જેવા કેટલાક દેશોએ પ્રયોગોના મામલે જે રીતે સ્પર્ધા કરી છે તેનું પરિણામ એ આવ્યું છે કે આજે અવકાશમાં હજારો ટન કચરો પૃથ્વીની ભ્રમણકક્ષા માટે ખતરો બની ગયો છે.

જાસૂસી માટે સૈન્ય અને ટેલિકોમ્યુનિકેશન સેટેલાઈટ સતત લોન્ચ કરવામાં આવી રહ્યા છે. આજે પણ, અન્ય ગ્રહો પર જીવન અને પાણીની શોધ કરવા અથવા એકબીજાની જાસૂસી કરવા માટે સૈન્ય અને ટેલિકોમ્યુનિકેશન ઉપગ્રહો સતત લોન્ચ કરવામાં આવી રહ્યા છે. તે ચિંતાનો વિષય છે કે આમાંથી મોટા ભાગની શેલ્ફ લાઈફ પૂરી થયા પછી આપોઆપ જંક એટલે કે સાદી ભાષામાં કહીએ તો કચરામાં ફેરવાઈ જાય છે. પૃથ્વીની ભ્રમણકક્ષામાં તેમના આવતાની સાથે જોખમ કુદરતી રીતે વધે છે. હાલમાં, અવકાશમાં મોટી સંખ્યામાં નિષ્ક્રિય ઉપગ્રહો અને રોકેટ છે જે એકબીજા સાથે અથડાઈ શકે છે અને માત્ર સ્પેસ સ્ટેશન માટે જ નહીં પરંતુ પૃથ્વી માટે પણ ખતરો બની શકે છે. હાલમાં અવકાશમાં ચાર હજાર ત્રણસો ટન જેટલો અધધધ સેટેલાઈટ કાટમાળ છે.

કોઈએ એવું વિચાર્યું હશે કે પચાસના દાયકામાં શરૂ થયેલો અવકાશ યુગનો સુવર્ણ યુગ એક દુ:સ્વપ્નમાં ફેરવાઈ જશે ? તાજેતરમાં એક અમેરિકન કોમ્યુનિકેશન સેટેલાઈટના વીસ ટુકડા થઈ ગયા પછી એવી ચર્ચા ચાલી રહી છે કે તેના જંકનું શું થશે? સ્પેસ જંકને ઓળખવું અને તેનો નાશ કરવો એ હજુ પણ વૈજ્ઞાનિકો માટે એક પડકાર છે અને તે મોટી સંખ્યામાં પૃથ્વીની ભ્રમણકક્ષામાં આવી ગયા છે તે ખરેખર ડરામણી સ્થિતિ છે. જો આ કચરો પૃથ્વી પર પડે તો ભારે વિનાશ સર્જી શકે છે. અમેરિકન કોમ્યુનિકેશન સેટેલાઈટ 'Intelsat-33E' તેની ભ્રમણકક્ષામાં તૂટી પડ્યો એ કોઈ સામાન્ય ઘટના નથી. ચિંતાજનક બાબત એ છે કે તેના કાટમાળના એટલા બધા ભાગો હશે કે તેને જોવાં પણ મુશ્કેલ હશે. આ કોઈ એક માત્ર ઘટના નથી. અગાઉ મોકલવામાં આવેલા ઘણા સેટેલાઈટ ઉપયોગમાં આવ્યા બાદ જંક બની ગયા છે. નાસાનું કહેવું છે કે જંકના વીસ હજારથી વધુ ટુકડાઓ પૃથ્વીની ભ્રમણકક્ષામાં ફરે છે. સવાલ એ છે કે અવકાશમાં કાટમાળ ઠાલવવા પાછળ જે દેશો જવાબદાર છે તેઓ આ માટે પોતાની કોઈ જવાબદારી સ્વીકારશે કે નહીં ?

વળી પૃથ્વીની કક્ષામાં ફરતો અવકાશી કચરો ધારો કે કોઈ ત્રીજા જ દેશ પર ખાબકે અને ત્યાં ખાનાખરાબી સર્જી દે તો એની જવાબદારી કોની ? અને આ ત્રીજો દેશ જે તે દેશ વિરૂદ્ધ જંગ શરૂ કરી દે તો શું ? આવા તો અનેક સવાલો અને સંભાવનાઓ ભવિષ્યના અમંગળ સંકેત આપી રહી છે ત્યારે આ અવકાશી કચરા અંગે તમામ પૃથ્વીવાસીઓ મળીને કોઈ સામૂહિક નીતિ નહીં અપનાવે તો અકલ્પનીય નુકસાન વેઠવા તૈયાર રહેવું પડશે.

# મૂસેવાલા અને સિદ્દીકીની હત્યાથી લઈને સલમાનના ઘરની બહાર ફાયરિંગની ઘટનામાં અનમોલ બિશ્નોઈનો હાથ

## આરોપ મુજબ ૨૬ વર્ષના અનમોલ બિશ્નોઈનું કામ નવા ભરતી થયેલાઓને તાલીમ આપવાનું, હથિયારોની ડિલિવરી કરાવવાનું અને બિશ્નોઈ, બ્રાર અને ગોદરા સિન્ડિકેટ માટેના નાણાં ભંડોળની તબદીલી કરવાનું છે

લગભગ આજથી અઢી વર્ષ પહેલા સુધી, અનમોલ બિશ્નોઈની ઓળખ, જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના નાના ભાઈ તરીકેની હતી પણ ગયા મહિને જયારે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ અનમોલની ધરપકડ તરફ દોરી શકે તેવી કોઈપણ માહિતી માટે રૂા.૧૦ લાખનું ઈનામ જાહેર કર્યું ત્યારથી તે હવે તેની એક અલગ ઓળખ સ્થાપિત થઈ છે.





બિશ્નોઈ-બ્રાર-ગોદરાની ગુનાહિત સિન્ડિકેટમાં લોરેન્સના પ્રતિનિધિ તરીકે પગ મૂક્યાના ત્રણ વર્ષથી ઓછા સમયમાં, અનમોલની સંડોવણી, સિદ્ધુ મૂઝવાલાની હત્યા, સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગની ઘટના અને મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી બાબા સિદ્દીકીની હત્યામાં સામે આવી છે.

The Printએ અગાઉ આપેલા અહેવાલ મુજબ, આ કેસોના સંબંધમાં ધરપકડ કરાયેલા લોકોની પૂછપરછ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે, આ લોકો અનમોલ બિશ્નોઈના સંપર્કમાં હતા.

NIAએ જણાવ્યું છે કે, મૂસેવાલાની હત્યા બાદ અનમોલ નકલી પાસપોર્ટ પર ભારત છોડીને ભાગી ગયો છે. અનમોલને ૨૦૨૨માં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ દાખલ કેસમાં આરોપી ગણવામાં આવ્યો છે. કેસનો સંબંધિત પ્રશ્ન, 'ભારત અને વિદેશમાં સ્થિત ક્રિમિનલ સિન્ડિકેટ'ના સભ્યો સાથે સંબંધિત છે, જેઓ નવી દિલ્હી અને દેશના અન્ય ભાગોમાં, આતંકવાદી કૃત્યો કરાવા માટે, નવા યુવાનોની ભરતી કરતા હોવાની અને ભંડોળ એકત્ર કરતા હોવાની શક્યતા છે.

આ કેસની એફઆઈઆર, જેની એક નકલ The Print પાસે છે તેમાં જણાવાયું છે કે, આ ગેંગના સભ્યોએ લોકોના મનમાં ડર ઊભો કરવા માટે આતંક ફેલાવીને, લક્ષ્યાંકિત હત્યા સહિત જઘન્ય ગુનાઓ આચર્યા છે.

કોર્ટના દસ્તાવેજો દર્શાવે છે કે અનમોલ ૨૦૧૭ના એક કેસમાં ગુનાહિત કાવતરું રચવાના અને હત્યાના પ્રયાસ કરવાના આરોપો હેઠળ રાજસ્થાનની જેલમાં બંધ હતો. જોકે, તે દિલ્હીમાં નોંધાયેલા કોઈપણ કેસમાં તે આરોપી નથી.

ગત જુલાઈમાં, મુંબઈની અદાલતે અનમોલ સામે બિનજામીનપાત્ર વોરંટ ઈસ્યુ કર્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એવું માનવામાં આવે છે કે, તે અઝરબૈજાન ભાગી ગયો હોઈ શકે છે અને હાલ તે દુબઈ, કેન્યા અથવા કેનેડામાં હોવાની શંકા છે.

પોલીસ સૂત્રએ જણાવ્યું હતું કે, "જયારે અનમોલની પૂછપરછ કરવામાં આવી અને અમુક કેસોમાં તેની ધરપકડ કરવામાં આવી ત્યારે તેણે દરેક કેસમાં કશું પણ જાણતો ન હોવાનો દાવો કર્યો હતો અને કહ્યું હતું કે, ફક્ત લોરેન્સનો ભાઈ થતો હોવાને કારણે પોલીસે તેની ધરપકડ કરી છે. મૂસેવાલાની હત્યા બાદ ધરપકડ થવાના ડરથી તે ભારત છોડીને વિદેશમાં ભાગી ગયો હતો. હાલ જેલમાં રહેલા લોરેન્સની ગેંગ વિશાળ ગેંગ હોવાને કારણે તે હંમેશા એજન્સીઓના રડાર પર રહેતો હોય છે અને ભારતમાંથી ભાગી ગયેલો અનમોલ પોતાનું સ્થાન સુરક્ષિત કરવા આ જોડાણમાં તેનું પ્રતિનિધિત્વ કરે છે."

**અનમોલ બિશ્નોઈનો લાંબો ગુનાહિત હાથ**

સલમાનખાન ફાયરિંગ કેસમાં મુંબઈ પોલીસે દાખલ કરેલી ચાર્જશીટ મુજબ, અનમોલે જ બંને શૂટર્સને અભિનેતાના ઘરની બહાર ગોળી ચલાવવાનો નિર્દેશ આપીને તેમને કહ્યું હતું કે તેઓ ઈતિહાસ લખવા જઈ રહ્યાં છે.

૧૪ એપ્રિલના રોજ, મુંબઈમાં અભિનેતાના ઘરની બહાર બે બાઈક સવાર શખ્સોએ અનેક ગોળી છોડી હતી. તે જ દિવસે, અનમોલે એક ફેસબુક પોસ્ટમાં આ બનાવની જવાબદારી સ્વીકારી હતી. જોકે, ૨૪ કલાકની અંદર જ, ગુજરાતના ભૂજમાંથી શૂટરો તરીકે ઓળખાતા બે શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી હતી.

મુંબઈ પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું કે, હુમલાની યોજના ઓગસ્ટ ૨૦૨૨માં ઘડવામાં હતી. ચાર્જશીટમાં એક ઓડિયો ક્લિપનો ઉલ્લેખ કરાયો છે જે સૂચવે છે કે, અનમોલે બે શૂટરોને એમ કહીને પ્રોત્સાહિત કર્યા હતા કે, "ભગવાન રામની આપણી ઉપર આશીર્વાદ છે. આપણે સલમાનખાનને સંભાળી લઈશું. જ્યાં સુધીઆ મામલો મારા નિયંત્રણમાં છે ત્યાં સુધી કોઈ સમસ્યા થશે નહીં. હવે આર યા પાર, કાં તો તેનું જીવન અથવા તેનું મોત. આ ભગવાને નિર્મિત કરેલું છે. કાં તો સવારે ગોળી ચલાવીશું યા તો પછી આપણે ઘરે બેસી રહીએ. હવે શું કરવું અને શું ન કરવું તે તમારા હાથમાં છે. પણ જો જો તમે આ કામ કરશો, તો અખબારોમાં તમારું નામ છવાઈ જશે."

એવું પણ જાણવા મળ્યું છે કે, અનમોલ બાબા સિદ્દીકી કેસના હત્યારાના સંપર્કમાં પણ હતો અને તેણે આ જીવલેણ હુમલામાં વપરાયેલી પિસ્તોલની વ્યવસ્થા કરી હતી.


અન્ય પોલીસના એક સૂત્રે ટાંક્યું હતું કે, "અનમોલ નવા ભરતી થયેલા લોકો સાથે નિયમિત સંપર્કમાં રહીને કોને શું કામ સોંપવામાં આવી શકે તેની જાણ અન્યોને કરતો હતો. સિદ્દીકી કેસના આરોપી લોન્કર બંધુઓ સાથે પણ તે સંપર્કમાં હતો."

ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂકેલા સિદ્દીકીને ૧૨ ઓક્ટોબરે મુંબઈના બાંદ્રા ઈસ્ટમાં તેમના પુત્ર ઝીશાનની ઓફિસની બહાર ગોળી મારી દેવામાં આવી હતી. ન્યૂઝ એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર, હત્યાના સંબંધમાં કુલ ૧૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં ગુનાના સ્થળે હાજર ત્રણમાંથી બેનો સમાવેશ થાય છે.

તપાસકર્તાઓને એવી શંકા છે કે, તેણે ૨૯ મે ૨૦૨૨ના રોજ પંજાબના માનસામાં મૂસેવાલાના હત્યારાઓને શસ્ત્રો અને લોજિસ્ટિક્સની સુવિધા પુરી પાડી હતી. આ કેસના સંબંધમાં શૂટર તરીકે ઓળખાતા છ માણસોની ધરપકડ કરવામાં આવી છે.

(સૌ. : ધ પ્રિન્ટ.ઈન)

# ભારતના "લોખંડી પુરૂષ" "સરદાર" વલ્લભભાઈ પટેલ : જેમના વિના ભારતની એકતા અને અખંડિતતાની કલ્પના કરવી અશક્ય છે



## આજે દેશભરમાં સરદાર જ્યંતિની રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવણી

૩૧ ઓકટોબર એટલે ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ છે. ૨૦૧૪થી દેશભરમાં એમની જન્મજયંતિ રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારતની આઝાદીની લડાઈ અને એ પછી દેશ અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયો તે પછી ૫૬૦ જેટલા રજવાડાઓમાં આખો દેશ વહેંચાયેલો હતો. સમગ્ર દેશને એકસૂત્રે બાંધવા માટે તમામ રજવાડાઓનું ભારતીય સંઘમાં વિલીનીકરણ થાય તો જ ભારત અખંડ અને એકરાષ્ટ્ર બની શકે એટલે સરદારે આ ભગીરથ યજ્ઞ શરૂ કર્યો અને પોતાની કૌટિલ્ય બુદ્ધિ અને સુઝસમજથી તમામ રજવાડાઓને ભારતમાં જોડવા સમજાવી લીધા. આ રીતે અખંડ ભારતના નિર્માણમાં ચાવીરૂપ યોગદાન ભજવનાર સરદારના જીવન અને કવન પર એક નજર કરતો લેખ અત્રે પ્રસ્તુત છે.

સરદાર વલ્લભભાઈ પટેલનો વારસો ભારતના ઈતિહાસમાં અંકિત છે અને તેમના નામ પરથી વિવિધ સ્મારકો અને સંસ્થાઓ છે. ભારતની સ્વતંત્રતા, એકીકરણ અને રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાનની અસર મહત્ત્વપૂર્ણ છે. જ્યારે પણ સરદાર વલ્લભભાઈ પટેલનું નામ આવે ત્યારે એક ઉચ્ચ નેતાની છબી આપણાં મન પર અંકિત થઈ જાય છે. એક એવા નેતા જેઓએ તેમનું સમગ્ર જીવન ભારતને સ્વતંત્રતા અપાવવા માટે અને આઝાદી પછી રાજ્યોને એકીકૃત કરવા માટે વિતાવ્યું હતું. ગુજરાતના આ પનોતા પુત્ર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતાના સ્થંભ છે અને તેમના પ્રયાસોને લીધે જ આજે આપણે ભારતીય સંઘને સંચાલિત કરી શકીએ છીએ. આજના રાજકીય વાતાવરણમાં સરદારનું નામ લઈને તેમના સિદ્ધાંતો અને તેમના વિચારો વિરૂદ્ધ કામ કરવામાં આવે છે. દરેક રાજકીય પક્ષો તેમના નામનો દુરૂપયોગ કરીને મતો મેળવવા માટે પ્રયાસ કરે છે પણ સત્ય એ છે કે, સરદાર એ કોઈપણ રાજકીય પક્ષના નહીં પણ ભારતના સુપુત્ર હતા જેમણે દેશને પ્રથમ સ્થાન આપ્યું હતું અને તેઓએ માત્ર સ્વતંત્રતા સંગ્રામમાં જ યોગદાન આપ્યું ન હતું પરંતુ સ્વતંત્ર ભારતની એકતા માટે પણ અથાગ પ્રયાસો કર્યા હતા. રાષ્ટ્રીય એકતા દિવસ, ૩૧મી ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની યાદમાં મનાવવામાં આવે છે. ભારતની સ્વતંત્રતા અને તેના એકીકરણ માટેની લડતમાં તેઓ એક મુખ્ય નેતા છે. આ દિવસ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના મહત્ત્વને દર્શાવે છે. ભારતના રાષ્ટ્ર નિર્માણમાં સરદાર પટેલના યોગદાનને ભૂલી શકાય તેમ નથી અને તેઓને સન્માનિત કરતા આપણે ભારતના વૈવિધ્યસભર સાંસ્કૃતિક વરસની ઉજવણી કરીએ છીએ. આ લેખમાં સરદાર વલ્લભભાઈ પટેલનું જીવન, સિદ્ધિઓ અને વારસો તેમજ ભારતમાં સંવાદિતા અને સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય એકતા દિવસના મહત્ત્વ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી છે.

**રાષ્ટ્રીય એકતા દિવસ અથવા રાષ્ટ્રીય એકતા દિવસ ૨૦૨૪**

● ૩૧મી ઑકટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે મનાવવામાં આવે છે અને આ દિવસ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ છે.

● ૨૦૧૪માં ભારત સરકાર દ્વારા આ ઉજવણી શરૂ કરવામાં આવી હતી અને આ દિવસ સ્વતંત્રતા પછીના ભારતના રાજકીય એકીકરણમાં સરદાર પટેલના નોંધપાત્ર યોગદાન અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને પ્રોત્સાહન આપવાના તેમના પ્રયત્નોની યાદ અપાવે છે.

● આ દિવસ ભારતીય સમાજના વિવિધ પાસાઓને પ્રતિબિંબિત કરે છે-જેમાં વિવિધ ધર્મો, ભાષાઓ, સંસ્કૃતિઓ અને પરંપરાઓનો સમાવેશ થાય છે—અને આપણાં દેશમાં વિવિધતામાં એકતાના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવે છે.

**સરદાર પટેલનું પ્રારંભિક જીવન કેવું હતું ?**

● સરદાર વલ્લભભાઈ પટેલ અત્યંત ઉચ્ચ શિક્ષિત વ્યક્તિ હતા અને તેમની કાનૂની કુશળતા સાથે તેઓ એક પ્રખ્યાત વકીલ હતા.

● તેમની પત્નીના મૃત્યુ પછી તેઓ ૧૯૧૦માં કાયદાનો અભ્યાસ કરવા લંડન ગયા હતા અને ભારત પાછા ફર્યા પછી તેઓ અમદાવાદમાં સ્થાયી થયા અને ફોજદારી વકીલ તરીકે નામના મેળવી હતી.

● તેઓ શરૂઆતમાં ભારતીય રાજકારણ પ્રત્યે ઉદાસીન હતા પણ અંતે સરદાર પટેલ મહાત્મા ગાંધીથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને ૧૯૧૭ સુધીમાં ગાંધીજીના સત્યાગ્રહ (અહિંસા)ના સિદ્ધાંતને અપનાવ્યો હતો.

● તેમણે બ્રિટિશ નીતિઓ વિરૂદ્ધ સામૂહિક ઝુંબેશનું આયોજન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને ૧૯૧૭થી ૧૯૨૮ સુધી અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર અને પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી.

ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન

સરદાર વલ્લભભાઈ પટેલે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું :

**ખેડા સત્યાગ્રહ, ૧૯૧૭**

● ગુજરાતના ખેડા જિલ્લામાં અગ્રણી સ્થાનિક નેતા તરીકે સરદાર પટેલે અંગ્રેજો દ્વારા લાદવામાં આવેલા અન્યાયી જમીન મહેસૂલ કર સામે સત્યાગ્રહનું આયોજન કરવામાં મહાત્મા ગાંધીને ટેકો આપ્યો હતો.

● તેમણે એક મજબૂત નેતૃત્વ પૂરું પાડ્યું હતું અને સ્થાનિક સમુદાયનું એકત્રીકરણ કરવા અને શાંતિપૂર્ણ ઉકેલ માટે સરકારી અધિકારીઓ સાથે વાટાઘાટો કરી હતી.

**અસહકાર ચળવળ, ૧૯૨૦-૨૨**

● સરદાર પટેલે અસહકાર ચળવળમાં નોંધપાત્ર રીતે ભાગ લીધો હતો અને તેઓએ આશરે ૩,૦૦,૦૦૦ સભ્યોની ભરતી કરી અને ૧૫ લાખ રૂપિયા એકત્ર કર્યા હતા.

● તેમણે બ્રિટિશ માલસામાનનો બહિષ્કાર કરવા માટે લોકોને પ્રોત્સાહન આપ્યું અને આહ્‌વાન કર્યું હતું અને બ્રિટિશ સંસ્થાનવાદી શાસનનો વિરોધ કરવા માટે સાંકેતિક બોનફાયરનું આયોજન કર્યું હતું, ખાદીને આર્થિક સ્વતંત્રતાના પ્રતીક તરીકે હિમાયત કરી હતી.

**બારડોલી સત્યાગ્રહ, ૧૯૨૮**

● બારડોલી સત્યાગ્રહ દરમિયાન પટેલે દુષ્કાળથી પીડિત સ્થાનિક વસ્તીને ટેકો આપ્યો અને જમીન કરમાં રાહત આપી હતી.

● આ અહિંસક પ્રતિકાર દરમિયાન તેમના નેતૃત્વને કારણે તેમને 'સરદાર', એટલે કે 'મુખ્ય નેતા'નું બિરૂદ મળ્યું હતું.

**ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં તેમનું નેતૃત્વ**

● પટેલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC)ના એક પ્રભાવશાળી સભ્ય હતા, તેઓ વિવિધ નેતૃત્વની ભૂમિકામાં સેવા આપતા હતા અને સ્વતંત્રતા ચળવળની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હતા.

● તેમણે INCના ૪૬મા સત્રની અધ્યક્ષતા કરી હતી, જેમાં ગાંધી-ઈર્વિન કરારને બહાલી આપવામાં આવી અને મૂળભૂત અધિકારો પર ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

**સવિનય આજ્ઞાભંગ ચળવળ ૧૯૩૦-૩૪**

● સરદાર પટેલે મીઠાના સત્યાગ્રહમાં સક્રિયપણે ભાગ લીધો હતો, જે બ્રિટિશ મીઠાની ઈજારાશાહી સામે અહિંસક વિરોધ હતો.

● બ્રિટિશ ચીજવસ્તુઓના બહિષ્કારને પ્રોત્સાહન આપવા અને ગાંધીની સાથે સવિનય કાનૂનભંગની હિમાયત કરવા બદલ તેમની ધરપકડ કરવામાં આવી હતી અને નવ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી હતી.

**ભારત છોડો આંદોલન, ૧૯૪૨**

● ભારત છોડો ચળવળ દરમિયાન સદર પટેલ બ્રિટિશ શાસન સામે વિરોધ પ્રદર્શનો અને હડતાલ આયોજિત કરવામાં સામૂહિક એકત્રીકરણ, સવિનય અસહકાર અને ચળવળને સમર્થન આપવા માટે ભંડોળ એકત્ર કરવાના પ્રયાસો માટે શક્તિશાળી અને પ્રેરણાજનક ભાષણો આપ્યા હતા જે મહત્ત્વપૂર્ણ હતા.

ભારતના એકીકરણમાં સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન

આઝાદી પછી ભારતના એકીકરણમાં સરદાર પટેલનું યોગદાન અમૂલ્ય હતું :

**રજવાડાઓનું એકીકરણ**

● ૧૯૪૭માં સ્વતંત્રતા પછી ૫૬૦થી વધુ રજવાડાઓ હતા.

● પટેલે ભારતની પ્રાદેશિક અખંડિતતાને સુનિશ્ચિત કરીને, મુત્સદ્દીગીરી, સમજાવટ અને જયારે જરૂરી હોય ત્યારે બળનો ઉપયોગ કરીને આ રાજ્યોને સફળતાપૂર્વક ભારતીય સંઘમાં એકીકૃત કર્યા હતા.

**વહીવટી સુધારા**

● તેમણે ભારતીય વહીવટી સેવા (IAS)ની રચના સહિત સ્વતંત્ર ભારત માટે એકીકૃત વહીવટી માળખું સ્થાપિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી અને તેમણે તેને દેશની 'સ્ટીલ ફ્રેમ' તરીકે ઓળખાવી હતી.

**રાષ્ટ્રીય એકતાનો પ્રચાર**

● પટેલે એકીકૃત રાષ્ટ્ર તરીકે ભારતની વિભાવનાની હિમાયત કરી અને દેશની વિવિધતામાં એકતાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

● સરદાર વલ્લભભાઈ પટેલના પુષ્કળ યોગદાનથી તેમને 'ભારતના લોખંડી પુરૂષ' તરીકે ઓળખવામાં આવે છે.

● તેમના વારસાને માન આપવા માટે કેવડિયા, ગુજરાત ખાતે પટેલની ઉંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ કરવામાં આવ્યું છે જે એશિયાની સૌથી ઊંચી મુર્તિ છે.

સરદાર વલ્લભભાઈ પટેલના અન્ય યોગદાન

**બંધારણીય ભૂમિકા**

તેમણે વિવિધ બંધારણીય સમિતિઓનું નેતૃત્વ કર્યું હતું, જેમાં મૂળભૂત અધિકારોની સલાહકાર સમિતિ અને પ્રાંતીય બંધારણ સમિતિનો સમાવેશ થાય છે. સરદાર પટેલે ભારતના પ્રથમ ગૃહ પ્રધાન અને નાયબ વડાપ્રધાન તરીકે પણ સેવા આપી હતી.

**તેઓને આપવામાં આવેલ સન્માન**

● ભારતના લોખંડી પુરૂષ : સરદાર પટેલને ભારતની એકતા અને અખંડિતતાને સુનિશ્ચિત કરવાના તેમના અજોડ પ્રયાસો માટે લોખંડી પુરૂષનું બિરૂદ મળ્યું છે.

● ભારત રત્ન : ૧૯૯૧માં તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન, મરણોત્તર ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા.

● રાષ્ટ્રીય એકતા દિવસ : ૨૦૧૪માં ભારત સરકારે પટેલની જન્મજયંતિની ઉજવણી માટે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવાની જાહેરાત કરી હતી.

● સ્ટેચ્યુ ઑફ યુનિટી : કેવડિયામાં ૩૧ ઑકટોબર, ૨૦૧૮ના રોજ તેમની પ્રતિમા એ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા તરીકે ઓળખાય છે.

● સરદાર સરોવર ડેમ : તેમના માનમાં આ ડેમનું નામ આપવામાં આવ્યું છે, આ ડેમ ગુજરાતમાં નર્મદા નદી પર બાંધવામાં આવ્યો છે.

● સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ પોલીસ એકેડમી : હૈદરાબાદમાં આવેલી આ પ્રતિષ્ઠિત સંસ્થા પોલીસ અધિકારીઓને તાલીમ આપે છે.

(સૌ.નેકસ્ટ આઈએએસ.કોમ)

# મદ્રેસા પછી ઉત્તરપ્રદેશમાં માન્યતા વિનાની શાળાઓ એટીએસની તપાસ હેઠળ

(એજન્સી) તા.૩૦

ઉત્તરપ્રદેશમાં મદ્રેસાઓની સાથે ઘણી મસ્જિદો અને મક્તબો હાલમાં એન્ટી ટેરરિઝમ સ્કવોડ (ATS)ના રડાર પર છે. માન્યતા વગરના મદરેસાઓ બાદ ATSએ ૧૧૮ 'મક્તબો'ની આવકના સ્ત્રોતની તપાસ શરૂ કરી છે. ATSને આ સંબંધમાં ઈન્ટેલિજન્સ ઈનપુટ મળ્યા હતા, જેના પછી કેન્દ્રીય એજન્સીએ આ કાર્યવાહી હાથ ધરી છે. વાસ્તવમાં, મદ્રેસાઓ સિવાય, ઘણી મસ્જિદો અને નીચલા વર્ગની શાળાઓમાં દીની તાલીમ (ધાર્મિક શિક્ષણ) આપવામાં આવે છે. આ નીચલા વર્ગની શાળાઓને 'મક્તબ' કહેવામાં આવે છે. આ પહેલીવાર છે જ્યારે ATSને આ શૈક્ષણિક કેન્દ્રો અંગે ઈનપુટ મળ્યા છે. જે બાદ ATSએ તમામ મક્તબોની તપાસ કરવાનો નિર્ણય લીધો છે. આ પછી મદ્રેસાઓની સાથે સહારનપુરના ૧૧૮ મક્તબ પણ એટીએસના રડાર પર આવ્યા છે. એટીએસની ટીમોએ લઘુમતી કલ્યાણ વિભાગનો સંપર્ક કર્યો છે અને જિલ્લાભરના મક્તબોની યાદી એકઠી કરી છે. ATS હવે એક પછી એક તમામ 'મક્તબો'ની આવકના સ્ત્રોતની તપાસ કરી રહી છે. આમાંથી ઘણા મક્તબોની તપાસ પણ પૂર્ણ થઈ ગઈ છે, જેનો રિપોર્ટ તાજેતરમાં સરકારને મોકલવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે, આ પહેલા રાજ્ય સરકારે તમામ અમાન્ય મદ્રેસાઓમાં ગેરકાયદેસર ભંડોળની તપાસ કરવા માટે સરકારને પત્ર લખ્યો હતો. જે બાદ હવે એટીએસ ઉત્તર પ્રદેશના તમામ અજાણ્યા મદ્રેસાઓમાં આઠ પોઈન્ટ પર તપાસ કરશે અને આ રિપોર્ટ હેડ ક્વાર્ટરને મોકલશે. તપાસ રિપોર્ટના આધારે સરકાર આ અંગે આગળની કાર્યવાહી કરશે. આ સંબંધમાં એટીએસ ગોંડાના મદ્રેસા અને મક્તબની તપાસ કરી રહી છે. ગોંડા જિલ્લા અલ્પસંખ્યક કલ્યાણ અધિકારી રમેશ ચંદ્રાએ કહ્યું કે યુપી એટીએસ હેડક્વાર્ટર તરફથી રાજ્યના તમામ જિલ્લા લઘુમતી કલ્યાણ અધિકારીઓને પત્ર મોકલવામાં આવ્યો છે. જેમાં અલ્પસંખ્યક કર્મચારીઓને માન્ય ન હોય તેવા મદ્રેસાઓમાં ગેરકાયદેસર ભંડોળની તપાસ માટે ATSને સહકાર આપવા જણાવ્યું છે.

# POCSO કેસમાં આજીવન સજા ભોગવી રહેલા પુરૂષે પેરોલ પર છૂટીને છત્તીસગઢમાં સગીર પુત્રી અને ભત્રીજી પર બળાત્કાર ગુજાર્યો

**૧૬ વર્ષીય સંબંધી પર બળાત્કાર કરવા બદલ આરોપીની તેના પિતા સાથે ૨૦૨૦માં પહેલીવાર ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૨૨માં, તેઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને તેમને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી**

(એજન્સી) તા.૩૦

છત્તીસગઢના કોરિયા જિલ્લામાં તેની ૧૧ વર્ષની પુત્રી અને ૧૨ વર્ષની ભત્રીજી પર કથિત રીતે બળાત્કાર કર્યા બાદ સગીર પર બળાત્કાર કરવા બદલ આજીવન કેદની સજા ભોગવતા પેરોલ પર બહાર આવેલા ૩૮ વર્ષીય વ્યક્તિની ફરી ધરપકડ કરવામાં આવી હતી. ૧૬ વર્ષીય સંબંધી પર બળાત્કાર કરવા બદલ આરોપીની તેના પિતા સાથે ૨૦૨૦માં પહેલીવાર ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૨૨માં, તેઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને તેમને આજીવન કેદની સજા આપવામાં આવી હતી. પ્રારંભિક ધરપકડ બાદ, હવે ૩૮ વર્ષના આરોપીની પત્નીએ તેમના સૌથી નાના પુત્ર સાથે તેમનું ઘર છોડી દીધું હતું. તેમના અન્ય બાળકો એવા બે સગીર પુત્રીઓ અને એક સગીર પુત્રની વ્યક્તિના પરિવાર દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી હતી. આ મહિનાની શરૂઆતમાં, વ્યક્તિ અને તેના પિતા પ્રથમ વખત પેરોલ પર બહાર આવ્યા હતા, ૧૯ ઓક્ટોબરની રાત્રે તેમના ઘરે પહોંચ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, તે રાત્રે જ, ૩૮ વર્ષીય વ્યક્તિએ તેની પુત્રી પર કથિત રીતે બળાત્કાર કર્યો હતો. બે દિવસ પછી, તે કથિત રીતે તેને જંગલ વિસ્તારમાં લઈ ગયો અને તેના પર ફરીથી બળાત્કાર કર્યો, ત્યારબાદ તે ભાગવામાં સફળ થઈ. પોલીસે જણાવ્યું હતું કે, તે કોઈને કથિત હુમલો જાહેર કરશે તે ડરથી, તે વ્યક્તિ પછી તેના ભાઈના ઘરે ભાગી ગયો. ત્યાં, તેને તેના ભાઈની બે સગીર પુત્રીઓ એકલી મળી, અને કથિત રીતે તેમાંથી એક, ૧૨ વર્ષની કિશોરીને અન્ય જંગલવાળા વિસ્તારમાં લઈ ગયો અને તેને દોરડાથી બાંધી તેના પર બળાત્કાર કર્યો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, "ત્યારબાદ તે ખાડામાં પડી ગયો, જેના પગલે કિશોરીને તેના દાંતનો ઉપયોગ કરીને તેના બંધન ખોલી નાખવાનો સમય મળી ગયો અને તે ઘરે દોડી ગઈ અને તેના માતા-પિતાને જાણ કરી". ૨૨ ઓક્ટોબરે એફઆઈઆર નોંધવામાં આવી હતી, પરંતુ આરોપી મળી શક્યો ન હતો. ૨૪ ઓક્ટોબરના રોજ, પોલીસ એ નક્કી કરી શકી હતી કે તે કોરબા જિલ્લાના બનેયા ગામમાં ભાગી ગયો હતો. ત્યારપછી પોલીસની એક ટીમ તે વિસ્તારમાં દોડી ગઈ અને જાણવા મળ્યું કે તે બાગપટેરા ટેકરી પર ચઢી ગયો હતો. બે દિવસ અને રાત સુધી, પોલીસે ત્રણ એક્ઝિટ પોઈન્ટ પર ધામા નાખ્યા અને ૨૬ ઓક્ટોબરે તેને પકડી લીધો.

**હદીસ બોધ**

જે લોકો બીજાઓ સાથે ખરાબ વર્તાવ કરે છે, તેઓ અલ્લાહના કરમથી વંચિત રહે છે. - હદીસ બોધ

**બોધ વચન**

બીજાઓના અનુભવમાંથી તમે ડહાપણ શીખો છો તો તેઓની નિષ્ફળતામાંથી તમારી ભૂલો સુધારો. -ચેસ્ટર ફિલ્ડ

**આજની આરસી**

૩૧ ઓક્ટોબર ગુરૂવાર ૨૦૨૪
૨૭ રબીઉલ આખર હિજરી ૧૪૪૬
આસો વદ ચૌદસ સંવત ૨૦૮૦

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૨૩ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૩ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૪૪ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૦૩ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**યે નગ્મા ગુલ-ઓ-લાલા કા નહીં પાબંદ**
**બહાર હો કે ખઝાં લા ઈલાહાઈલ્લાહ**

સુંદર કવિતા વસંતને આધીન નથી. દુઃખમાં અલ્લાહને યાદ કરવામાં આવે છે પણ સુખ હોય કે દુખ, ખુદાની બંદગી ચાલુ રાખવી જોઈએ. અલ્લાહ સિવાય કોઈ માબૂદ નથી.

**-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. **- વ્યવસ્થાપક**

# રાજસ્થાનના સિકર ગામમાં દલિત સગીરને પોલીસ કસ્ટડીમાં કથિત રીતે માર મારી પેશાબ પીવા દબાણ કરવામાં આવ્યું

(એજન્સી) જયપુર, તા.૩૦

રાજસ્થાનના સિકર જિલ્લામાંથી પોલીસના જઘન્ય કૃત્યની એક દુઃખદ ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં ખંડેલા પોલીસકર્મીઓ દ્વારા ૧૩ વર્ષના દલિત છોકરાને કથિત રીતે અટકાયતમાં લેવામાં આવ્યો હતો, માર મારવામાં આવ્યો હતો અને પેશાબ પીવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. આ ઘટનાએ વ્યાપક આક્રોશ ફેલાવ્યો છે, સગીર પરિવાર અને સ્થાનિક સમુદાયે સિકરમાં પોલીસ અધિક્ષક (એસપી) ઓફિસની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આરોપી પોલીસ સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. સ્થાનિક રહેવાસી અને પરિવારના પ્રતિનિધિ બલબીર ભારતીયના જણાવ્યા અનુસાર, ખંડેલા પોલીસે સગીર છોકરાને ૨૧ ઓક્ટોબરની રાત્રે ચોરીના આરોપમાં બળજબરીથી કસ્ટડીમાં લીધો હતો. છોકરાને પોલીસ ચોકી માં અટકાયતમાં લેવામાં આવ્યો હતો, જ્યાં અધિકારીઓએ કથિત રીતે તેનું ગંભીર શારીરિક શોષણ કર્યું હતું. પરિવારનો દાવો છે કે, અધિકારીઓએ સગીરને માત્ર માર માર્યો જ નહીં પરંતુ તેને પેશાબ પીવા માટે દબાણ કરીને અપમાનિત પણ કર્યો. પરિવારનો દાવો છે કે જ્યારે તેઓએ છોકરાને ઘરે લાવવાનો પ્રયાસ કર્યો ત્યારે ખંડેલા સ્ટેશન અધિકારી માંગીલાલ અને ASI પુરણમલે સગીરની સ્થિતિની અવગણના કરીને તેને છોડાવવા માટે ૫૦,૦૦૦ રૂપિયાની લાંચ માંગી હતી. બીજા



દિવસે સગીરના ૭૦ વર્ષીય દાદાએ તેમના પૌત્રની મુક્તિ માટે વિનંતી કરવા સ્ટેશનની મુલાકાત લીધી. પહોંચ્યા પછી તેમણે પોલીસ અધિકારીઓને છોકરાને મારતા જોયા. જ્યારે તેમણે દરમિયાનગીરી કરી અને પૂછ્યું કે, તેમના પૌત્ર પર શા માટે હુમલો કરવામાં આવી રહ્યો છે, ત્યારે અધિકારીઓ કથિત રીતે તેમના પર પણ હિંસક થઈ ગયા. બોલાચાલીમાં વૃદ્ધ વ્યક્તિને સ્ટેશનની બહાર ધકેલી દેવાતા પહેલા અંગૂઠામાં ફ્રેક્ચર થયું હતું. છોકરાના પરિવારે દલિત સમુદાયના સભ્યો સાથે જવાબદારી અને ન્યાયની માંગ સાથે એસપી ઓફિસની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેઓએ ઔપચારિક મેમોરેન્ડમ સબમિટ કરીને અધિકારીઓને સ્ટેશન ઓફિસર માંગીલાલ, ASI પુરનમલ અને અન્ય બે અધિકારીઓ સામે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (POCSO) એક્ટ હેઠળ કેસ નોંધવાની વિનંતી કરી. વધુમાં, પરિવારે અધિકારીઓ પર છોકરા સાથે અમાનવીય કૃત્યો કરવાનો આરોપ મૂક્યો હતો અને દાવો કર્યો હતો કે તેણે શારીરિક અને માનસિક દુર્વ્યવહાર સહન કર્યો હતો જેના કારણે તેને ખૂબ જ આઘાત લાગ્યો હતો. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, સગીર હવે ગંભીર રીતે ગભરાઈ ગયો છે, ભારે પીડામાં છે અને હુમલાને કારણે તેના પગમાં સોજો આવી ગયો છે. પરિવારે શરૂઆતમાં ૨૨ ઓક્ટોબરે એસપીને લેખિત ફરિયાદ કરી હતી, જેમાં સામેલ અધિકારીઓ સામે ત્વરિત કાર્યવાહીની આશા હતી. ત્યારથી તેઓએ પોલીસના તાત્કાલિક સસ્પેન્શન અને ફોજદારી આરોપો માટે દબાણ કરવાનું ચાલુ રાખ્યું છે. આરોપોના જવાબમાં, સીકરના પોલીસ અધિક્ષક ભુવન ભૂષણ યાદવે જણાવ્યું હતું કે, પરિવારનું પ્રતિનિધિત્વ કરતું એક પ્રતિનિધિમંડળ સોમવારે તેમની સાથે કેસની ચર્ચા કરવા માટે મળ્યું હતું. તેણે સગીર સાથે વ્યક્તિગત રીતે વાત કરી અને પરિવારને સંપૂર્ણ તપાસની ખાતરી આપી. આ કેસ રિંગાસના સર્કલ ઓફિસર (CO)ને સોંપવામાં આવ્યો છે, જેમને ૭ દિવસમાં વિગતવાર તપાસ કરવા અને વ્યાપક અહેવાલ સબમિટ કરવા સૂચના આપવામાં આવી છે. જો કે, એસપીની ખાતરીએ લોકોના ગુસ્સાને શાંત કરવા માટે બહુ ઓછું કર્યું છે. સમુદાયના સભ્યો આ ઘટનાને બાળકના અધિકારો અને ગૌરવના ગંભીર ઉલ્લંઘન તરીકે વખોડીને સામેલ અધિકારીઓની તાત્કાલિક બરતરફી અને કાર્યવાહીની હાકલ કરવાનું ચાલુ રાખેલ છે.

# ઉત્તરપ્રદેશ : મંત્રી નંદીએ લુલુ મોલમાં દલિત અને ઝૂંપડપટ્ટીના બાળકોને ખરીદી કરાવી, ત્રણ દિવસની ટ્રિપમાં મજા કરી

(એજન્સી) લખનૌ, તા.૩૦

એવું કહેવાય છે કે સુખ વહેંચવાથી સુખ વધે છે અને સુખ આપવું એ સુખ મેળવવાનો સ્ત્રોત છે. આ ફિલસૂફીને પોતાના જીવનમાં અપનાવીને ઉત્તરપ્રદેશ સરકારના ઔદ્યોગિક વિકાસ મંત્રી નંદ ગોપાલ ગુપ્તા નંદી છેલ્લાં ઘણાં વર્ષોથી દિવાળી પર ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોમાં ખુશીઓનું વિતરણ કરી રહ્યા છે. તેઓ તેમના પ્રયાગરાજ શહેર દક્ષિણ વિધાનસભા મતવિસ્તારની વિવિધ દલિત વસાહતો અને ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકો સાથે દિવાળીના તહેવારની ઉજવણી કરી રહ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મંત્રી નંદીએ તેમના પ્રયાગરાજ શહેર દક્ષિણ વિધાનસભા મત વિસ્તારની વિવિધ દલિત વસાહતો અને ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકો સાથે દિવાળીના તહેવારનું આયોજન અલગ રીતે કર્યું હતું. દિવાળી પર પસંદગીની ખરીદી કરાવવામાં આવી હતી, જે આ વખતે પ્રયાગરાજમાં નહીં પરંતુ ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌમાં કરવામાં આવી હતી. તે પણ દેશના સૌથી મોટા મોલ પૈકીના એક લુલુ મોલમાં. પ્રયાગરાજથી ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌ સુધીની અદ્ભુત યાત્રા અને લુલુ મોલમાં ખરીદી કર્યા પછી બાળકોમાં આનંદ છવાયો હતો. મંત્રી નંદીએ લુલુ મોલમાં સ્થિત



ઝુડિયોના મેગા સ્ટોરમાં બાળકોને ખરીદી કરાવી. બાળકોને ત્યાંના કપડાં અને અન્ય વસ્તુઓ ખૂબ જ ગમી. દલિત વસાહતોના બાળકોને મનપસંદ કપડાં અને અન્ય ભેટો મળતાં આનંદ થયો હતો. તેમની ખુશીનો કોઈ પાર ન હતો. દિવાળી પર કપડાં, બૂટ અને અન્ય વસ્તુઓની ખરીદી કરતાં પહેલાં બાળકોએ આનંદી વોટર પાર્કમાં મંત્રી નંદી સાથે ખૂબ જ મજા કરી હતી. તેઓએ વોટર પાર્કમાં ન્હાવાની તેમજ ઝુલાઓની મજા માણી હતી. મંત્રી નંદી અને પ્રયાગરાજના પૂર્વ મેયર અભિલાષા ગુપ્તા નંદીએ પોતે મોલમાંથી કપડાં ખરીદ્યા અને બાળકોને પસંદ કરાવ્યા અને તેમની પસંદગી પ્રમાણે કપડાં મેળવ્યા. બાળકોને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી હતી કે, કપડા ખરીદવા માટે ન તો બજેટ જોવાનું હતું કે ન બિલ. તમારે ફક્ત તમારી પસંદગી મુજબ કપડાં પસંદ કરવા. બાળકોએ બરાબર એ જ કર્યું. પોતાની પસંદગીના કપડાં ખરીદ્યા. મંત્રી નંદીએ જણાવ્યું હતું કે, ખુશીઓ વહેંચવાના તહેવાર દિવાળી પર ગરીબ પરિવારના બાળકોના ચહેરા પર ખુશી અને સ્મિત જોવાનો આનંદ છે. કારણ કે ગરીબ હોય કે અમીર દરેકને તહેવાર ઉજવવાનો અધિકાર છે. આપણે બધાએ દરેકના જીવનમાં ખુશીઓ ફેલાવવાનો પ્રયાસ કરવો જોઈએ. જો ભગવાને આપણને કોઈની મદદ કરવા તેમના ઘરમાં સુખ લાવવા સક્ષમ બનાવ્યા છે, તો આપણે તે કરવું જોઈએ. તેમણે કહ્યું કે, આ પ્રયાસના ભાગરૂપે દર વર્ષે અમે ગરીબ પરિવારના બાળકો સાથે રોશનીનો તહેવાર ઉજવીએ છીએ અને તેમના ચહેરા પર ખુશી લાવવાનો પ્રયાસ કરીએ છીએ. પ્રયાગરાજના પૂર્વ મેયર અભિલાષા ગુપ્તા નંદીએ જણાવ્યું હતું કે, દિવાળી એ ખુશી અને મધુરતાનો તહેવાર છે. આ રીતે બાળકો સાથે તહેવારની ઉજવણી કરવી એ એક સુખદ અનુભૂતિ છે. આપણે બધાએ ગરીબ બાળકો સાથે ખુશીઓ વહેંચવી જોઈએ.

# દલિતો વિરૂદ્ધ ટિપ્પણી કરવા બદલ ફૂલપુરના સમાજવાદી પાર્ટીના ઉમેદવાર સામે FIR



(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

દલિત સમુદાય વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણીઓનો ઉપયોગ કરવા બદલ સમાજવાદી પાર્ટીના ફૂલપુર પેટાચૂંટણીના ઉમેદવાર મુજતબા સિદ્દીકી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૭૪ અને SC/ST એક્ટની કલમ ૩(૨) (વ) હેઠળ સરાયનાયત પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે, બદરા સુનૌટીના બસપા કાર્યકારી રાજ કુમાર ગૌતમની ફરિયાદના આધારે ટીવી શોમાં ચર્ચામાં ભાગ લેતી વખતે બસપા અને દલિત સમુદાય વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણીઓનો ઉપયોગ કરવા બદલ સિદ્દીકી વિરૂદ્ધ FIR દાખલ કરવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો કે, આ ટિપ્પણીઓથી બસપાના કાર્યકરો અને દલિત સમુદાય બંનેની લાગણી દુભાઈ છે.

# ટેસ્ટ મેચમાં એક દિવસમાં સૌથી વધારે રન બનાવવામાં ઈંગ્લેન્ડ મોખરે

નવી દિલ્હી, તા.૩૦

ટેસ્ટ મેચમાં એક દિવસમાં સૌથી વધારે રન બનાવવાનો રેકોર્ડ ઈંગ્લેન્ડના નામે છે. તેણે ભારત વિરુદ્ધ ૧૯૩૬માં આ કમાલ કર્યો હતો. ઈંગ્લેન્ડે ૧૯૨૪માં દ.આફ્રિકા વિરુદ્ધ એક દિવસમાં ૫૨૨ રન બનાવ્યા હતા. શ્રીલંકાએ ૨૦૦૨માં બાંગ્લાદેશ વિરુદ્ધ ટેસ્ટ મેચના એક દિવસમાં ૫૦૯ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડે દ.આફ્રિકા વિરુદ્ધ ૧૯૩૫માં ટેસ્ટ મેચના એક દિવસમાં ૫૦૮ રન બનાવ્યા હતા. પાકિસ્તાને ઈંગ્લેન્ડ સામે ૨૦૨૨માં રાવલપિંડી ટેસ્ટમાં એક દિવસમાં ૫૦૬ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડે ૧૯૫૪માં પાકિસ્તાન વિરુદ્ધ ટેસ્ટ મેચના એક દિવસમાં ૪૯૬ રન બનાવ્યા હતા. ૨૦૧૦માં ઓસ્ટ્રેલિયાએ દ.આફ્રિકા વિરુદ્ધ ટેસ્ટ મેચના એક દિવસમાં ૪૯૪ રન ફટકાર્યા હતા.

# હર્ષિત રાણાને ત્રીજી ટેસ્ટ માટે ભારતીય ટીમમાં સામેલ કરાયો નથી : અભિષેક નાયર

નવી દિલ્હી, તા.૩૦

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ત્રણ મેચોની ટેસ્ટ સિરીઝની અંતિમ મેચ શુક્રવારથી મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે. મુંબઈ ટેસ્ટ પહેલા ઝડપી બોલર હર્ષિત રાણાને ઈન્ડિયન સ્ક્વોડમાં સામેલ કરવાનો રિપોર્ટ સામે આવ્યો હતો. કહેવામાં આવ્યું કે, ૨૨ વર્ષીય બોલરને ડેબ્યુની તક મળી શકે છે. જો કે, ભારતના સહાયક કોચ અભિષેક નાયરે હર્ષિત સંબંધિત રિપોર્ટને ફગાવી દીધો છે. તેમણે ક્લિયર કર્યું કે, હર્ષિતને ત્રીજી ટેસ્ટ માટે ભારતીય ટીમમાં સામેલ કરાયો નથી. હર્ષિત ઓસ્ટ્રેલિયા પ્રવાસે જશે. જ્યાં ભારતને ૨૨ નવેમ્બરથી પાંચ ટેસ્ટ મેચની સિરીઝ રમવાની છે. નાયરે પત્રકાર પરિષદમાં કહ્યું કે, સ્ક્વોડમાં કોઈ ફેરફાર કરાયો નથી. દરેક સપ્તાહ અને દરેક દિવસ મહત્ત્વપૂર્ણ છે. અમે WTC ફાઈનલ વિશે વિચારી રહ્યા નથી. અમે હાલ આ મેચ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગીએ છીએ. અત્રે ઉલ્લેખનીય છે કે, હર્ષિત ન્યુઝીલેન્ડ વિરુદ્ધ શરૂઆતની ટેસ્ટ માટે રિઝર્વ ખેલાડીઓમાં સામેલ હતો પણ રણજી મેચ માટે તેને રિલીઝ કરી દેવાયો હતો. તેણે આસામ વિરુદ્ધ મેચમાં દિલ્હી માટે ૭ વિકેટ ઝડપવા ઉપરાંત ૫૯ રનની ઈનિંગ પણ રમી હતી. હર્ષિતે આસામ વિરુદ્ધ શાનદાર પ્રદર્શન બાદ કહ્યું કે, ટીમ મેનેજમેન્ટ ઈચ્છતું હતું કે, હું ઓસ્ટ્રેલિયા જતા પહેલા ઘરેલુ મેચ રમું અને મને ખુશી છે કે, હું આ મેચમાં બેટ અને બોલ બંનેથી સારૂં પ્રદર્શન કરી શક્યો.

### ૧૦ વિકેટ ઝડપી પૂરી ટીમને એકલાએ આઉટ કરી હતી

# મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં પહોંચી ભાવુક થયો એજાઝ પટેલ

મુંબઈ, તા.૩૦

પ્રેક્ટિસ સેશન માટે ન્યુઝીલેન્ડ ક્રિકેટ ટીમના સભ્ય વાનખેડે સ્ટેડિયમના મેદાન પર ઊતર્યા ત્યારે ડાબોડી સ્પિનર એજાઝ પટેલ પિચ પર જનારા પહેલા અમુક ખેલાડીઓમાંથી હતો અને તેણે પિચને ઘણી નજીકથી જોઈ તેની પાસે આવું કરવાના બધા કારણ છે. કારણ કે, મુંબઈ તેના હૃદયમાં એક ખાસ સ્થાન ધરાવે છે. આવું એટલા માટે નથી કે તેનો જન્મ મેક્સિમમ સિટીમાં થયો હતો અને આઠ વર્ષની ઉંમરમાં તે ન્યુઝીલેન્ડ ચાલ્યો ગયો હતો. ક્યારેક-ક્યારેક ત્યાં જાય છે, કારણ કે,



તેની પત્ની આ શહેરની છે અને તેનો મોટો પરિવાર હાલ પણ મુંબઈમાં રહે છે પણ પટેલનું કારણ વધારે વ્યક્તિગત છે. વાનખેડે ટેસ્ટ ક્રિકેટમાં તેના સૌથી શાનદાર પ્રદર્શનનું સ્થળ છે. તે વાનખેડે સ્ટેડિયમમાં જ હતું જ્યાં એજાઝ પટેલે રમતના ઈતિહાસમાં એક ઈનિંગમાં બધી ૧૦ વિકેટ લેનાર ફક્ત ત્રીજો ક્રિકેટર બન્યો. તે ઈંગ્લેન્ડના દિગ્ગજ જિમ લેકર અને ભારતના અનિલ કુમ્બલે સાથે આ સિદ્ધિ મેળવનાર ક્રિકેટર બન્યો હતો. ડિસેમ્બર ૨૦૨૧માં ૧૧૯ રનમાં ૧૦ વિકેટનું પ્રદર્શન અત્યાર સુધી કોઈ ટેસ્ટમાં તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. જ્યારે તે પોતાની સૌથી મોટી સિદ્ધિના સ્થળે પરત ફર્યો તો ૩૬ વર્ષીય સ્પિનર માટે વાનખેડે સ્ટેડિયમની પિચને જોઈ જૂની યાદો તાજા થવી સ્વાભાવિક હતું.

# ભારતનો ૧૫૬.૭ કિ.મી. પ્રતિ કલાકની સ્પીડવાળો મયંક યાદવ થોડા મહિના માટે રમતથી બહાર

નવી દિલ્હી, તા.૩૦

ચિંતા ત્યારે ઊભી થઈ જ્યારે BCCIએ ૨૫ ઓક્ટોબરે જાહેરાત કરી કે, બાંગ્લાદેશ વિરુદ્ધ ટી-૨૦ સિરીઝમાં ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યુ કરનાર ઝડપી બોલર મયંક યાદવ ઈજાના કારણે ૮-૧૫ નવેમ્બર સુધી દ.આફ્રિકા વિરુદ્ધ રમાનારી ચાર મેચોની સિરીઝમાંથી બહાર રહેશે. સૂત્રોએ IANSને જણાવ્યું કે, બાંગ્લાદેશ વિરુદ્ધ ભારતની ૩-૦ની સિરીઝ જીતમાં ચાર વિકેટ લેનાર મયંક યાદવ પીઠની સમસ્યાના કારણે થોડા મહિના માટે બહાર થઈ શકે છે. મયંક હાલ બેંગ્લોરમાં BCCIના નવા સેન્ટર ઓફ એક્સિલેન્સ



(CoE)માં છે તે અહિંયા વધુ એક સમસ્યાના કારણે પરત આવ્યો છે, જેના કારણે બે-ત્રણ મહિના સુધી બહાર રહી શકે છે. તે મુખ્ય રીતે પીઠ સંબંધિત છે પણ આ વિશે હજુ વધારે સ્પષ્ટતા નથી. જો કે, આ એક એવી સમસ્યા છે જેના કારણે તે ઘણા સમય સુધી બહાર રહી શકે છે. સૂત્રોએ કહ્યું કે, જે રીતે તે અહિંયા આવ્યો છે તેનાથી લાગી રહ્યું છે કે, તે બે-ત્રણ મહિના સુધી બહાર રહેશે અને બની શકે કે આ સમયગાળો આનાથી વધારે પણ હોઈ શકે છે. મયંકે આઈપીએલ ૨૦૨૪માં લખનૌ સુપર જાયન્ટ્સ માટે રમતી વખતે તેણે ૧૫૦ કિ.મી. પ્રતિ કલાકથી વધારેની સ્પીડ જાળવી રાખતા ત્રણ વિકેટ ઝડપવાનો સ્પેલ ફેંકી બધાનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. મયંકને ભૂતકાળમાં ઈજાના કારણે પોતાની ક્રિકેટ સફરમાં પડકારોનો સામનો કરવો પડ્યો છે.

### સેન્ટનરે ૩૦ સ્થાનની લાંબી છલાંગ લગાવી

# ICC ટેસ્ટ રેન્કિંગ : રબાડાએ બુમરાહનું વર્ચસ્વ છીનવી લીધું

## કોહલી અને રોહિતને મોટું નુકસાન, ટોપ ટેનમાં યશસ્વી જયસ્વાલ એકમાત્ર ભારતીય

નવી દિલ્હી, તા.૩૦

ICCએ બુધવારે ટેસ્ટ ખેલાડીઓની નવી રેન્કિંગ જાહેર કરી છે. દ.આફ્રિકાનો ઝડપી બોલર રબાડાએ ભારતના જસપ્રીત બુમરાહનું વર્ચસ્વ સમાપ્ત કર્યું છે. રબાડા ત્રણ સ્થાનના ફાયદા સાથે નંબર વન ટેસ્ટ બોલર બની ગયો છે. તેણે બાંગ્લાદેશ વિરુદ્ધ પ્રથમ ટેસ્ટમાં શાનદાર પ્રદર્શન કરતા નવ વિકેટ ઝડપી. તેના ખાતામાં હાલ ૮૬૦ રેટિંગ પોઈન્ટ છે. બુમરાહ (૮૪૬) ત્રીજા સ્થાને ખસી ગયો છે. તેને ન્યુઝીલેન્ડ વિરુદ્ધ બીજી ટેસ્ટમાં એકપણ વિકેટ મળી ન હતી. ઓસ્ટ્રેલિયાનો ઝડપી બોલર હેઝલવૂડ (૮૪૭) બીજા, અશ્વિન (૮૩૧) ત્રીજા અને કાંગારૂ કપ્તાન પેટ કમિન્સ (૮૨૦) પાંચમા સ્થાને છે. પાકિસ્તાનનો સ્પિનર નોમાન અલીએ રાવલપિંડીમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ ત્રીજી અને અંતિમ ટેસ્ટમાં ધમાકેદાર પ્રદર્શન બાદ

## પાકિસ્તાનના નોમાન અલીની ટોપ ટેનમાં એન્ટ્રી, સાજિદ ખાન ૧૨ સ્થાનના ફાયદા સાથે ૩૮મા સ્થાને

ટોપ ટેનમાં એન્ટ્રી કરી છે. નોમાને મેચમાં નવ વિકેટ ઝડપી હતી. તે આઠ સ્થાનની છલાંગ લગાવી નવમા સ્થાને છે. તેના વતનનો સ્પિનર સાજિદ ખાન મેચમાં ૧૦ વિકેટ લીધા બાદ ૧૨ સ્થાન ઉપર ૩૮મા સ્થાને પહોંચી ગયો છે. ભારત વિરુદ્ધ પુણે ટેસ્ટમાં ૧૩ વિકેટ લેનાર ન્યુઝીલેન્ડનો સ્પિનર સેન્ટનરે ટેસ્ટ બોલરોની યાદીમાં ૩૦ સ્થાનની છલાંગ લગાવી ૪૪મા સ્થાને પહોંચી ગયો છે. તેના ૪૫૮ પોઈન્ટ છે. ભારતના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને કપ્તાન રોહિત શર્માને મોટું નુકસાન થયું છે. કોહલી બેટ્સમેનોની યાદીમાં ૭ સ્થાનના નુકસાન સાથે ૧૪મા સ્થાને પહોંચી ગયો છે. તેના ખાતામાં ૬૮૮ પોઈન્ટ છે. રોહિતને નવ સ્થાનનું નુકસાન થયું છે તે હવે ૨૪મા સ્થાને ખસી ગયો છે. તેના ૬૪૯ પોઈન્ટ છે. ટોપ ટેન બેટ્સમેનોમાં ફક્ત એક ભારતીય છે. યશસ્વી જયસ્વાલ ૭૯૦ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે તેને એક સ્થાનનો ફાયદો થયો છે.

# અમરેલી : દામનગરની બેંકમાં ૫ કરોડનો ડુપ્લીકેટ ચેક જમા કરાવી ઠગાઈની કોશિશ : છ સામે ફરિયાદ

અમરેલી, તા.૩૦

જામનગરમાં સ્વામિનારાયણ ગુરૂકુળના એકાઉન્ટમાં પાંચ કરોડનો નકલી ચેક જમા કરાવવાની અને બેંક સાથે ઠગાઈ કરવાની કોશિશ કરતા છ શખ્સો સામે દામનગર પોલીસમાં બેંક મેનેજરએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે ઠગોએ સત્સંગ નામની પાર્ટીનો ડુપ્લીકેટ ચેક અને સ્ટેમ્પ મારી બેક્રમાં ચેક આપવા ગયા હતા અને બેંક મેનેજરે ઉપલી ઓફિસે ચેકની ખરાઈ કરાવતા ચેક ડુપ્લીકેટ હોવાનું ખુલતા ફરિયાદ નોંધવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ દામનગરમાં એસબીઆઈ બેક્ર ખાતે ગત તારીખ ૨૮ના રોજ ઈરપ્પા વિટ્ઠલ બુદીહલ નામનો વ્યક્તિ સત્સંગ પાર્ટીના નામનો રૂા.પાંચ કરોડનો ચેક દામનગરની શ્રી સહજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટના (સ્વામિનારાયણ ગુરૂકુળ)ના ખાતામાં જમા કરવાના હેતુથી ચેક જમા કરાવવા આવ્યો હતો દરમિયાન બેંક મેનેજર દ્વારા આ ચેકની સહિઓ ચેક કરતા આ સત્સંગ પાર્ટીના એકાઉન્ટથી વિરૂદ્ધ આવતા આ ચેક બાબતે ઉપલી વડી કચેરીએ ખરાઈ કરવા મોકલતા વડી કચેરીમાંથી આ ચેક ડુપ્લીકેટ હોવાનું સામે આવતા બેંક મેનેજરે આ ચેક કોણ લઈને આવ્યું હોય અને સ્લીપ કોણે ભરેલ હોય તે બાબતે પૂછતા એરપ્પા બુદહીલ એ વિપુલ ઉર્ફે પપ્પુ શર્મા રહેવાસી દામનગર વાળાનું નામ જણાવ્યું હતું જેથી મેનેજર એ તેને પણ પોતાની ચેમ્બરમાં બોલાવી પૂછતા તેણે જણાવ્યું હતું કે આ ચેક સ્વામિનારાયણ ગુરૂકુળમાં જમા કરવાનો છે જેથી બેંક મેનેજરે આ બંને ચાલ્યા ગયા પછી બેંક સાથે ઠગાઈ કરવા મોટું ષડયંત્ર રચ્યું હોવાનું લાગતા સમગ્ર હકીકત પોલીસને જણાવતા અને ફરી આ લોકો બેંકે આવતા તેમને બેસાડી પોલીસને બોલાવી પોલીસને સોંપી દીધા હતા અને આ ઠગાઈ કરવાની કોશિશમાં અન્ય શખ્સો પણ સંડોવાયેલ હોવાનું સામે આવતા દામનગર પોલીસમાં બેંક મેનેજર જીગરભાઈ ચંદ્રકાંતભાઈ હીંગુ, એ

૧) ઈરપ્પા વિટ્ઠલ બુદીહલ રહે.શ્રી વિરભદ્રેશ્વર, નિલયા, ગચીનકટ્ટી કોલોની, વિજયાપુર, બીજાપુર,(કર્ણાટક) (૨) વિપુલ ઉર્ફે પપ્પુ શર્મા રહે.દામનગર તથા (૩) અલ્પેશ શંકરલાલ શાહ રહે.ભુજ (૪) ગણેશ રામચંદ્ર બોચરે રહે.પુણે (મહારાષ્ટ્ર) (૫) રામદાસ વિષ્ણુ કાળે રહે.પુણે (મહારાષ્ટ્ર) સામે સતસંગ નામની પાર્ટીનો ડુપ્લીકેટ (નકલી) ચેક બનાવી, ચેકમાં સતસંગ નામની પાર્ટીનો બનાવટી સ્ટેમ્પ (સીલ)નો ઉપયોગ કરી, બનાવટી સહિ કરી, તથા આ.નં.૨ નાએ ચેકમાં રહેલ અન્ય વિગતો ભરી, રૂા.૫,૦૦,૦૦,૦૦૦/-નો આ બનાવટી ચેક દામનગરના શ્રી સહજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટના ખાતામાં જમા કરાવવા આપી, દામનગર એસ.બી.આઈ. બેંકને આર્થિક નુકશાન કરવાના ઈરાદે, ખોટો દસ્તાવેજ બનાવટી ચેક બનાવી, જે ચેક બનાવટી હોવાનું જાણવા છતા કપટપુર્વક ઉપયોગ કરવા પોતાના કબ્જામા રાખી, જે ચેકનો ખરા તરીકે ઉપયોગ કરી, ઠગાઈ કરવાની ઈરાદે, સહ આરોપી નં.૨,૩,૪,૫ નાએ સમાન ઈરાદો પાર પાડી, આ.નં.૧ સાથે આ બનાવટી ચેક દામનગર શ્રી સહજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટમા જમા કરાવવા દામનગર એસ.બી.આઈ. બેંકે જઈ એકબીજાને ગુનામાં મદદગારી કરતા પોલીસે ઉપરોક્ત શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


**Format C-7**

**Information regarding individuals with pending criminal cases, who have been selected as candidates, along with the reasons for such selection, as also as to why other individuals without criminal antecedents could not be selected as candidates**

(As per the Commission's directions issued in pursuance of the Order dated 13.02.2020 of the Hon'ble Supreme Court in contempt petition(C) no. 2192 of 2018 in WP(C) no. 536 of 2011)

Name of Political Party : **INDIAN NATIONAL CONGRESS**
*Name of the Election : 07-VAV - BYE ELECTION GUJARAT ASSEMBLY 2024
Name of State/ UT: **GUJARAT**
(1) Name of the Constituency - 07 - Vav
Name of the candidate - GULABSINH PIRABHAI RAJPUT

| Sl. No. | | |
|---|---|---|
| 1. | **Criminal antecedents** | |
| | a. Nature of the offences | IPC 143, 153, 294Kh, 323, 452, 427, 506(2), GP Act 135 (1), |
| | b. Case no. | CC 2705/2012 |
| | c. Name of the Court | 5TH Add. Sen. Civil Judge Mirzapur, Ahmedabad. |
| | d. Whether charges have been framed or not (Yes/No) | YES |
| | e. Date of conviction, if any | NOT APPLICABLE |
| | f. Details of punishment undergone, if any | NOT APPLICABLE |
| | g. Any other information required to be given | While agitating against Faculty Dean Office. |
| 2. | The reasons for the selection of the candidate. Selection shall be with reference to the qualifications, achievements and merit of the candidate, and not mere "winnability" at the polls (not more than 100 words) | Candidate is a very popular and demanded by the workers / voters. |
| 3. | Reasons as to why other individuals without criminal antecedents could not be selected as candidates (not more than 100 words) | Party workers had not suggested any other name. |

-SD-
**SHAKTISINH GOHIL**
**(PRESIDENT, GUJARAT PRADESH CONGRESS COMMITEE-GUJARAT)**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



દિવાળી અને નૂતનવર્ષની
# શુભકામનાઓ

સૌના સાથ, સૌના વિકાસનું નવું વર્ષ
સૌના પ્રયાસો સાથે શુભ બને એવી
**શુભકામના**

## વિકાસના પ્રકાશનું પર્વ

- ગુજરાત બનશે **ભારતનો સિલિકોન ગેટ-વે** : રાજ્યમાં **ચાર સેમિકન્ડક્ટર** પ્લાન્ટ કાર્યરત થશે
- '**પી.એમ. સૂર્ય ઘર: મફત વીજળી યોજના**'માં સમગ્ર દેશમાં ગુજરાતનું મહત્ત્વપૂર્ણ યોગદાન
- **i - ખેડૂત પોર્ટલ, કૃષિ મહોત્સવ, 0% વ્યાજદરે** ખેડૂતોને લોન, ટેકાના ભાવે કૃષિ ઉત્પાદનોની ખરીદી, સોઈલ હેલ્થ કાર્ડ જેવી કૃષિ ક્ષેત્રની ઉન્નતિને સુનિશ્ચિત કરતી મહત્ત્વપૂર્ણ યોજનાઓ.
- **નારી ગૌરવ** નીતિ ઘડી ગુજરાતે સ્થાપિત કર્યો સીમાસ્તંભ
- ભારતના સૌથી વિશાળ **શોપિંગ ફેસ્ટિવલનું અમદાવાદ**માં આયોજન
- **૨ લાખથી** વધુ **રૂફટોપ સોલર સિસ્ટમ, સૌરક્રાંતિ** તરફના આગે કદમ
- કચ્છના ખાવડામાં વિશ્વનો સૌથી મોટો **રિન્યુએબલ એનર્જી પાર્ક** (ક્ષમતાઃ ૩૭ ગીગાવોટ)
- **નમો લક્ષ્મી:** રાજ્યની **૧૦ થી ૧૨ લાખ વિદ્યાર્થિનીઓને** મળશે લાભ
- **૧૬૦૦** થી વધુ ગરીબ કલ્યાણ મેળા યોજી **૧.૫ કરોડથી વધુ લાભાર્થી**ઓને ₹૩૬,૮૦૦ કરોડની સહાય અપાઈ
- ધોરડોને **સંયુક્ત રાષ્ટ્ર** દ્વારા **બેસ્ટ ટુરિઝમ વિલેજનો એવોર્ડ**

**આવો, સૌ સાથે મળી વિકાસના દીપ પ્રજ્વલિત કરીએ**

અવિરત વિકાસ, અગ્રેસર ગુજરાત

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વડોદરા એરપોર્ટ ખાતે ઉષ્માસભર સ્વાગત




ગાંધીનગર, તા.૩૦ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેવડિયા ખાતે દેશની એકતાના શિલ્પી સરદાર સાહેબની જન્મ જયંતી પ્રસંગે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિત્તે રાષ્ટ્રીય એકતા પરેડમાં સહભાગી થવા આજરોજ વડોદરા એરપોર્ટ ખાતે આવી પહોંચતા પ્રધાનમંત્રીનું ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. વડોદરા એરપોર્ટ ખાતે મેયર પિન્કીબેન સોની, મુખ્ય સચિવ રાજકુમાર, ડીજીપી વિકાસ સહાય, પોલીસ કમિશનર નરસિંમ્હા કોમાર, કલેકટર બીજલ શાહે પ્રધાનમંત્રીને આવકાર્યા હતા. ત્યારબાદ પ્રધાનમંત્રીશ્રી વાયુસેનાના હેલિકોપ્ટર મારફત કેવડીયા જવા રવાના થયા હતા.

### દિવાળીના તહેવારને ધ્યાને લઈને એક દિવસ માટે મેટ્રોના સમયમાં કરાયો ફેરફાર

## આજે દિવાળીમાં સવારે ૬.૨૦થી સાંજે ૭ વાગ્યા સુધી જ મેટ્રો-ટ્રેન સેવાઓ ચાલશે

### જાહેરમાં ફટાકડાં ફોડવાને લઈ કોઈ દુર્ઘટના ન થાય એ ધ્યાને લેતા મેટ્રો વહેલી બંધ કરવા નિર્ણય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

દિવાળીના તહેવારને ધ્યાને લઈને મેટ્રોના સમયમાં ફેરફાર કરી દેવામાં આવ્યો છે. દિવાળીમાં સવારે ૬.૨૦થી સાંજે ૭ વાગ્યા સુધી જ મેટ્રો સેવાઓ ચાલશે.

દેશભરમાં દિવાળીના તહેવારની ઉજવણી થઈ રહી છે. ત્યારે ગાંધીનગર અને અમદાવાદમાં દિવાળીના તહેવારોને લઈ મેટ્રો સેવાઓના સમયમાં ફેરફાર કરવાની જાહેરાત કરાવામાં આવી છે. દિવાળીના દિવસે સાંજે ૭ વાગ્યા સુધી જ મેટ્રો સેવાઓ ચાલશે. આ નિર્ણય જાહેરમાં ફટાકડા ફોડવા અને તેની અસરોના કારણે લેવામાં આવ્યો છે. દિવાળી પર લોકો સાંજે ફટાકડા ફોડતા હોય છે આતશબાજી કરતા હોય છે. જેમાં લોકો જાહેર જગ્યાઓ પર પણ આતશબાજી કરતા જોવા મળે છે. ત્યારે આ ફટાકડા અને આતશબાજીને લીધે તેની સંભવિત અસરોને તથા મુસાફરોની સલામતી તથા સુરક્ષા તેમજ મેટ્રો રેલની સલામતીને ધ્યાનમાં રાખીને કોઈ દુર્ઘટના ન થાય તે માટે આવતીકાલે તા.૩૧ ઓક્ટોબરે એક દિવસ માટે મેટ્રો ટ્રેનનો સમય ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એટલે કે આ દિવસે મેટ્રોને વહેલી બંધ કરી દેવામાં આવશે.તે અંગેની સ્પષ્ટતા કરાઈ છે. જે અનુસાર દિવાળીમાં સવારે ૬.૨૦થી સાંજે ૭ વાગ્યા સુધી જ મેટ્રો સેવાઓ ચલાવવામાં આવશે તથા ગાંધીનગરમાં સેવા રાબેતામુજબ ચાલુ રહેશે. દેશના અન્ય શહેરોમાં ચાલતી મેટ્રો સેવાઓને ધ્યાને રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું તંત્ર તરફથી જણાવાયું છે.

### પાર્કિંગ પ્લોટથી સીધો આશ્રમ સુધી રોડ બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે

## અમદાવાદમાં ૯ નવેમ્બર ૨૦૨૪ પછી ગાંધી આશ્રમ રોડ કાયમ માટે બંધ થશે

### સાબરમતી આશ્રમના નવીનીકરણના મુદ્દે સરકાર સાથે બીજા સપ્તાહમાં બેઠક

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦



સાબરમતી આશ્રમ હાલમાં નવીનીકરણ હેઠળ છે, જે વર્ષ ૨૦૨૬ માં પૂર્ણ થવાની સંભાવના છે. સાબરમતી આશ્રમના નવીનીકરણના પગલે ૯ નવેમ્બર ૨૦૨૪ પછી ગાંધી આશ્રમ રોડ કાયમ માટે બંધ થઈ જશે. આ રસ્તો બંધ કરતા પહેલા એક માર્ગ ચાલુ કરવામાં આવ્યો છે. આ રોડથી લોકો ગાંધી આશ્રમ જઈ શકશે. આ ઉપરાંત ગાંધી આશ્રમ જવા માટે બે નવા પાર્કિંગ પ્લોટ પણ બનાવવામાં આવ્યા છે.

આ પાર્કિંગ પ્લોટથી સીધો આશ્રમ સુધી રોડ બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. નવેમ્બરના બીજા સપ્તાહમાં ગાંધી આશ્રમના પુનઃવિકાસના મુદ્દે સરકાર સાથે બેઠક થશે, મુખ્યમંત્રી સાથેની બેઠકમાં ગાંધી આશ્રમના અધિકારીઓ હાજર રહેશે. હાલના પાર્કિંગનું ૨ નવેમ્બરે વિસ્તરણ કરવામાં આવશે. સાબરમતી આશ્રમ અને મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટના સ્પેશિયલ એક્ઝિક્યુટિવ ઓફિસર આઈ.કે.પટેલે જણાવ્યું હતું કે હાલના પાર્કિંગનું વિસ્તરણ કરવામાં આવશે. આશ્રમ રોડ બંધ કરી આખો રોડ એકમાં ફેરવાશે. ૩૨૨ એકરનો બાઉન્ડ્રી એરિયા છે, જેમાં ૧૮ મીટરના બે નવા રોડ અને ૩૦ મીટરનો એક રોડ એટલે કે કુલ ૩ રોડ બનાવવામાં આવશે. જેના કારણે આશ્રમ રોડ (ગાંધી આશ્રમ) તરફ આવતા ટ્રાફિકને ડાયવર્ટ કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૧૮ મીટરનો રોડ શરૂ કરવામાં આવ્યો છે. ચંદ્રભાગા નાળા પર બીજો રસ્તો બનાવી શકાય છે. હાલ ૩૦ મીટરનો નવો રોડ બનાવવાનું આયોજન ચાલી રહ્યું છે. તેમણે જણાવ્યું કે જે આશ્રમને ડાયવર્ટ કરવામાં આવી રહ્યો હતો તે અમદાવાદનો લો લાઈન વિસ્તાર હતો. આસપાસના વિસ્તારમાં આવેલ પ્રબોધ રાવલ બ્રિજ અને પરીક્ષિતલાલ બ્રિજ આશ્રમ વિસ્તાર કરતા ૬ મીટર ઉંચા હતા, તેથી તેને સમતળ કરવામાં આવ્યા છે.

જૂના ગાંધી આશ્રમ અને નવા ગાંધી આશ્રમ વચ્ચેના ફેરફાર અંગે આઈ.કે.પટેલે જણાવ્યું હતું કે, વર્તમાન આશ્રમ ૫ એકરનો છે, જેના વિશે ઘણી બધી માહિતી છે, પરંતુ હજુ પણ એવી ઘણી વસ્તુઓ છે જે આશ્રમની બહાર છે, જે વિશે જેની કોઈની પાસે માહિતી નથી, એટલે કે ગાંધીજીના સમયનું મૂળ આશ્રમ અમે પાછું લાવી રહ્યા છીએ. જૂની ઈમારતોના બાંધકામમાં ચૂનો, ગોળ, મેથી, અડદ, ગુગ્ગલ, શંખજીરા, ચિરૌરી અને રીડનો ઉપયોગ થતો હતો. તેવી જ રીતે, આ બાંધકામમાં પણ સમાન વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

### કલેક્ટર કચેરીએ આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી

## જામનગરમાં પાક સળગાવીને વિરોધ કરતા 'આપ'ના ધારાસભ્યની અટકાયત

### પાક નિષ્ફળ જવાને લઈ પૂરતી સહાયની માગ સાથે 'આપ' દ્વારા કરાયું વિરોધ પ્રદર્શન

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૩૦

જામનગરમાં પાક નિષ્ફળ જવા બદલ પૂરતી સહાયની માગ સાથે જામજોધપુરના 'આપ'ના ધારાસભ્ય હેમંત ખવા તેમજ આપના કાર્યકરોએ દેખાવો કર્યા હતા અને નિષ્ફળ પાકનો જથ્થો સળગાવવા પ્રયાસ કર્યો હતો. દરમિયાન પોલીસે ધારાસભ્ય તેમજ 'આપ'ના કાર્યકરોની અટકાયત કરી હતી.

જામનગર પંથકમાં ખેડૂતો માટે નિષ્ફળ ગયેલા પાક મામલે આમ આદમી પાર્ટીના કાર્યકરો અને જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખાવાએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ મામલે કલેક્ટર કચેરીએ આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ કલેક્ટર કચેરી બહાર નિષ્ફળ ગયેલા પાકનો જથ્થો સળગાવવાનો પ્રયત્ન કરતા પોલીસે ધારાસભ્ય હેમંત ખવા સહિત આમ આદમી પાર્ટીના કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. દરમિયાન માહોલ ગરમાતા જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાની પોલીસ દ્વારા અટકાયત કરી લઈ જવામાં આવ્યા હતા.પાક નુકસાની સહાય અંગે રજૂઆત અને ઉગ્ર વિરોધ સમયે તડાફડી થતાં રોડ વચ્ચે ટ્રાફિકજામ પણ સર્જાયો હતો. રોડ ઉપર નિષ્ફળ ગયેલા પાકનો જથ્થો સળગાવવાનો પ્રયાસ ખેડૂતો દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારે પોલીસે પાકને સળગાવવાનો પ્રયાસ નિષ્ફળ કરવાની કોશીશ કરી હતી. જેને પગલે પોલીસ આપ પાર્ટીના દેખાવો કરી રહેલ કાર્યકરોને તેમ કરતાં અટકાવવા સાથે અટકાયતનું શસ્ત્ર ઉગામી બધાને વિખેરી નાખ્યા હતા.

# આજના ભારતીય મુસ્લિમો જ પોતાના ભવ્ય ઈતિહાસથી બેખબર છે : સૈયદ ઉબૈદુર રહેમાન

### મુસ્લિમ શાસકોના સમયગાળા દરમ્યાન હિંદુસ્તાને ભારે પ્રગતિ કરી હતી : મુગલોના શાસન હેઠળ દેશની જીડીપી વિશ્વમાં સૌથી વધુ ૨૬ ટકા હતી, જો મુસ્લિમ શાસકોએ શિક્ષણ, વ્યાપાર ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું ન હોત તો દેશ ત્યારે આટલો આગળ હોત ? મુસ્લિમોએ અનેક યુનિવર્સિટીઓ, શાળા-કોલેજો, હોસ્પિટલો, લાયબ્રેરીઓ સ્થાપી હતી

(અલમદાર બુખારી દ્વારા)

અમદાવાદ, તા.૩૦

જે કોમ પોતાના ઈતિહાસની અવગણના કરે છે કે તેને ભૂલી ચૂકી છે અને જેને પોતાના ઈતિહાસની હકીકત જ ખબર નથી એ કોમ ભટકી જાય છે... ખોટી દિશામાં એનું ગમન થાય છે અને એના માઠાં પરિણામો ભવિષ્યમાં ભોગવવા પડે છે... ભારતીય મુસ્લિમો સાથે પણ કંઈક આવું જ થઈ રહ્યું છે કારણ કે તેમને પોતાના ભવ્ય ઈતિહાસ વિશે જ કોઈ માહિતી નથી... ભારત પર રાજ કરી ગયેલા મોટાભાગના મુસ્લિમ શાસકો વિદ્વાન, દીર્ઘદૃષ્ટિવાળા અને માનવતાવાદી હતા પરંતુ આ શાસકોના ભવ્ય ઈતિહાસની આજના ભારતીય મુસ્લિમોને જ કશી ખબર નથી એ ખૂબ જ દુ:ખની બાબત છે એમ નવી દિલ્હી સ્થિત સ્કોલર, લેખક અને ખાસ તો પ્રખર ઈતિહાસકાર સૈયદ ઉબૈદુર રહેમાને જણાવ્યું હતું.




**દેશના મુસ્લિમ સંગઠનો-શૈક્ષણિક સંસ્થાઓ જાગૃત બને અને પોતાના ભૂલાવી દેવાયેલા ભવ્ય ઈતિહાસને સાચી રીતે પોતાના બાળકો-યુવાનને શીખવાડે : જો તમે જ તમારા ઈતિહાસને યાદ નહીં રાખો તો તમારા ભવ્ય યોગદાનને કોણ યાદ રાખશે : વિખ્યાત ઈતિહાસવિદ્**

ગુજરાત ટુડેના અત્રે સ્થિત મુખ્ય કાર્યાલયની મુલાકાતે આવેલા સૈયદ ઉબૈદુર રહેમાન કે જેઓ વિશિષ્ટ અભિગમ ધરાવતા ઈતિહાસકાર છે અને એમણે ભારતની આઝાદીની લડતમાં મુસ્લિમોના યોગદાનની અનેક અજાણી વાતોને સંશોધન કરીને લોકો સમક્ષ મૂકી છે અને તે પૂર્વેના મુસ્લિમ શાસકોના ઈતિહાસની જબરદસ્ત હકીકતોથી વિશ્વને વાકેફ કર્યા છે. આ માટે તેઓ એકલવીરની જેમ ઝઝૂમે છે અને એકલેહાથે એમણે ભારતીય મુસ્લિમોના ઈતિહાસમાં એટલું સંશોધન અને લેખન કર્યું છે કે ખાસ કરીને છેલ્લા એક દાયકામાં તેમને ઈતિહાસમાં રસ ધરાવતા લોકો તેમજ સામાન્ય વાચકો તરફથી પણ ભારે સમર્થન પ્રાપ્ત થયું છે. તેમણે મધ્યયુગીન તેમજ આધુનિક ભારતીય ઈતિહાસ બંને પર હથોટી મેળવી છે અને આ ઈતિહાસને જ તેઓ સમર્પિત થઈ ચૂક્યા છે. જેના ભાગરૂપે તેમણે સંખ્યાબંધ લેખો, પુસ્તકો લખ્યા છે. દેશ-વિદેશના અગ્રણી અખબારો અને ન્યૂઝપોર્ટલ માટે તેમણે પોતાની કોલમ લખી છે અને તે મારફત ભારતીય મુસ્લિમોના ઈતિહાસ વિશે તેમણે એવી વાતો લખી છે કે જે આજના મુસ્લિમે અગાઉ ક્યારેય વાંચી ન હતી...

ગુજરાત ટુડે સાથે વાતચીત કરતા સૈયદ ઉબૈદુર રહેમાને જણાવ્યું હતું કે ખૂબ જ દુ:ખની વાત છે કે આજના ભારતીય મુસ્લિમો પોતાનો ભવ્ય ઈતિહાસ ભૂલી ચૂક્યા છે. આજે સંઘ પરિવાર સહિત ઘણા લોકો એવો અપપ્રચાર કરી રહ્યા છે કે દેશના મુસ્લિમ શાસકોએ દેશ માટે કંઈ કર્યું ન હતું. જ્યારે હકીકત એ છે કે ભારતના મુસ્લિમ શાસકોએ દરેક ક્ષેત્રમાં દેશ માટે જે કામ કર્યું હતું તે ખૂબ જ મહત્ત્વનું હતું અને દેશની પ્રગતિ માટે તેમના આ કાર્યોની ચાવીરૂપ ભૂમિકા હતી. સૈયદ ઉબૈદુર રહેમાન કહે છે કે શિક્ષણ, વિજ્ઞાન, વ્યાપાર, સ્થાપત્ય સહિતના તમામ ક્ષેત્રોમાં મુસ્લિમ શાસકોનું ભરપુર યોગદાન રહ્યું છે. અખંડ ભારત દેશની સૌથી પહેલી કોલેજ-યુનિવર્સિટી મુસ્લિમ શાસકોના સમયમાં બની હતી. હોસ્પિટલો મુસ્લિમ શાસકોએ સ્થાપી હતી. જે મુગલ શાસકોને બદનામ કરવામાં આવી રહ્યા છે. એ શાસકોના સમયમાં દેશની જીડીપી સમગ્ર વિશ્વમાં સૌથી વધુ એટલે કે ૨૬ ટકા હતી. એ વખતનું હિન્દુસ્તાન યુરોપ-અમેરિકા કરતા ક્યાંય આગળ હતું અને આપણા દેશના ચલણની કિંમત વિશ્વના ચલણ કરતા અનેકગણી વધારે હતી. જો એ વખતના શાસકોએ શિક્ષણ, વ્યાપાર ઉદ્યોગ અને સલામતી-સ્થિરતાનું વાતાવરણ ન અપનાવ્યું હોત તો શું ત્યારના ભારતે એટલી પ્રગતિ કરી હોત ? એ વખતના બાદશાહો પોતે વિદ્વાન હતા અથવા તો કોઠાસૂઝવાળા હતા. મુગલ બાદશાહ અકબરના શાસન કાળમાં એના રાજ્યના દરેક જિલ્લામાં શાળાઓ હતી અને આ સ્કૂલમાં એવો અભ્યાસક્રમ તેણે તૈયાર કરાવ્યો હતો કે વિદ્યાર્થીઓને ગણિત, વિજ્ઞાન, અવકાશવિજ્ઞાન વિવિધ ભાષાઓ સહિતના ઘણા વિષયોનો આ સિલેબસમાં સમાવેશ થઈ જતો હતો. અકબરના સમયમાં સૌથી મોટી લાયબ્રેરી આગ્રામાં હતી જેમાં એ વખતે ૨૪ હજારથી વધુ પુસ્તકો હતા. એ વખતે પુસ્તકોનું છપાઈ કામ એટલું સરળ ન હતું ત્યારે એની લાયબ્રેરીમાં ૨૪ હજાર પુસ્તકોનું હોવું એ બહુ મોટી વાત કહેવાય. શિક્ષણના મેદાનમાં મુસ્લિમ શાસકોએ મોટા કામ કર્યા હતા... શાહજહાંએ દિલ્હીની જામા મસ્જિદ બનાવી હતી તો તેની સાથોસાથ ઈ.સ.૧૬૩૦માં ઈમ્પિરિયલ કોલેજ પણ સ્થાપી હતી. અસફજહાંએ છેક સત્તરમી સદીમાં મદ્રેસા ગાઝીયુદ્દીનની ૧૭૦૭માં સ્થાપના કરી હતી. જેને સૌથી પહેલી યુનિવર્સિટી કહી શકાય જે આજે પણ ઝાકીર વુમેન દિલ્હી કોલેજના નામે કાર્યરત છે. બાદશાહ નાદિરશાહની ઈમ્પિરિયલ લાયબ્રેરીમાં અમૂલ્ય પુસ્તકો હતા. અહેમદશાહ રંગીલાને બદનામ કરવામાં આવે છે પરંતુ દેશની સૌથી પહેલી વેધશાળા સ્થાપવામાં આવી હતી. માત્ર મોગલો જ નહીં પણ દક્ષિણ ભારતમાં પણ મુસ્લિમ શાસકોના કાળમાં દેશે ખૂબ પ્રગતિ કરી હતી. જેમ કે બાહમની સલ્તનતના મહેમુદ ગવાને અનેક મદ્રેસા-કોલેજ-યુનિવર્સિટી અને લાયબ્રેરીની સ્થાપના કરી હતી. તેઓ પોતે શાસક તો હતા પરંતુ સાથોસાથ લેખક, ઉદ્યોગપતિ હતા. ૧૮૫૭ના વિપ્લવ સમયે અંગ્રેજો અને મુસ્લિમ શાસકો વચ્ચે જંગ શરૂ થઈ ત્યારે અંગ્રેજોએ અનેક મુસ્લિમ ઈમારતોને તબાહ કરી. વિદ્યાલયોને પણ નુકસાન કર્યું અને દિલ્હીની જામા મસ્જિદને બેરેકમાં ફેરવી દીધી હતી. પરંતુ એ દરમ્યાન અને એ પહેલા પણ મુસ્લિમ શાસકોએ દેશને પ્રગતિના પંથે લઈ જવામાં ભારે યોગદાન આપ્યું હતું. શિક્ષણ ક્ષેત્રે મુસ્લિમોને પછાત ગણવામાં આવે છે પરંતુ મુસ્લિમ બાદશાહો પોતાના સમયના સ્કોલર્સ કે વિદ્વાન પણ હતા. માત્ર દિલ્હી, આગ્રા કે ઉત્તર ભારતમાં જ નહીં પણ દેશમાં સર્વત્ર મુસ્લિમ શાસકોએ પછી તે નાના રજવાડાઓ હોય તો પણ તેમાં પણ પ્રગતિ થતી જ હતી. ગુજરાતમાં પણ ૧૪મી અને ૧૫મી સદીમાં મુઝફ્ફર શાહી રાજવંશના કાળમાં ઘણો વિકાસ થયો હતો પણ આજના મુસ્લિમોને એની ક્યાં ખબર છે ? મુસ્લિમોએ પોતાના ઈતિહાસને સાચવ્યો નહીં, યાદ રાખ્યો નહીં પરિણામે આજના ઈતિહાસકારો જે કોઈના દ્વારા પ્રેરિત ઈતિહાસ લખી રહ્યા છે એને પુસ્તકોમાં ભણાવાય છે. જેમાં મુસ્લિમ શાસકોને તથ્યથી વિપરીત ચીતરવામાં આવી રહ્યા છે અને આપણા જ બાળકો એવો ઈતિહાસ ભણી રહ્યા છે. એનસીઈઆરટીએ પણ ઈતિહાસના પુસ્તકોમાં એવા ફેરફારો કર્યા છે કે મુસ્લિમો એમના અસલી ઈતિહાસથી વાકેફ ન થઈ શકે ત્યારે મુસ્લિમ સંસ્થાઓ-સંગઠનોએ આ દિશામાં આગળ આવવાની અને ખાસ કાર્ય કરવાની જરૂર છે. એમ કહેતા સૈયદ ઉબૈદુર રહેમાને જણાવ્યું હતું કે મુસ્લિમ સંસ્થાઓ ખાસ કરીને શિક્ષણના ક્ષેત્રમાં કાર્યરત સંસ્થાઓ પણ પોતાના આ અમૂલ્ય વારસા બાબતે સાવ ઉદાસીન વલણ ધરાવે છે. એ દુ:ખની વાત છે તેમણે કહ્યું કે તમે તમારા બાળકોને તમારો સાચો ઈતિહાસ નહીં ભણાવો તો કોણ ભણાવશે ? સરકાર પર આક્ષેપ કરીને બેસી રહેવાથી કંઈ વળવાનું નથી. પાઠ્યપુસ્તકોમાં જો તમારા ઈતિહાસનો છેદ ઉડાડી દીધો હોય તો તમે તમારા વિદ્યાર્થીઓને વધારાની અભ્યાસ પ્રવૃત્તિ રૂપે આ ઈતિહાસ શીખવો. આ અંગે શાળાઓ વકતૃત્વ સ્પર્ધાથી માંડીને ઘણા કાર્યક્રમો કરી શકે. મુસ્લિમો ઠેર ઠેર ઈતિહાસમાં પોતાના વિદ્વાનો તૈયાર કરે.... પોતાના વિદ્યાર્થીઓને ઈતિહાસના સંશોધન-પીએચડી વગેરે માટે તૈયાર કરે... મહાન મુસ્લિમ વિભૂતિઓને ઓળખે. પોતાના અસલી હીરો-નાયકોને ઓળખે... તેમણે કહ્યું હતું કે અખિલ ભારતીય કોંગ્રેસના એક મુસ્લિમ પ્રમુખ મૌલાના અબુલ કલામને મુસ્લિમો જાણે છે પરંતુ આ જ કોંગ્રેસનું અધ્યક્ષ પદ નવ મુસ્લિમ નેતાઓ શોભાવી ચૂક્યા છે એની કેટલા મુસ્લિમોને ખબર છે ? એટલે મુસ્લિમ ઈતિહાસનો એક વિષય શાળાઓમાં શીખવાડવો જોઈએ. તેમણે કહ્યું હતું કે મેં પોતે આ માટે એક અભિયાન શરૂ કર્યું છે જે અંતર્ગત 'ઈન્ડિયન મુસ્લિમ હિસ્ટ્રી' ત્રણ મહિનાનો કોર્સ ઓનલાઈન ચલાવું છું. જેમાં ૨૪ સત્ર હોય છે અને તેમાં દિલ્હી સલતનતથી માંડીને પ્રાદેશિક મુસ્લિમ રાજવંશો અંગે અભ્યાસ કરાવું છું. તેને બહુ સારો પ્રતિભાવ મળ્યો છે. માત્ર ભારત જ નહીં સાત દેશોના લોકો આ કોર્સમાં છેલ્લે જોડાયા હતા.

### સૈયદ ઉબૈદુર રહેમાને તાજેતરમાં લખેલા મુસ્લિમ ઈતિહાસના પુસ્તકો

૧. 'પીસફુલ એક્સપાન્સન ઓફ ઈસ્લામ ઈન ઈન્ડિયા'
૨. 'ફોરગોટન મુસ્લિમ એમ્પાયર્સ ઓફ સાઉથ ઈન્ડિયા'
૩. 'બહમાની એમ્પાયર, મદુરાઈ, બિજાપુર, ગોલ્કોન્ડા એન્ડ મૈસૂર સલ્તનત્સ'
૪. 'બાયોગ્રાફિકલ એન્સાયક્લોપીડિયા ઓફ ઈન્ડિયન મુસ્લિમ ફ્રીડમ ફાઈટર્સ'
૫. 'ઉલેમાસ રોલ ઈન ઈન્ડિયાસ ફ્રીડમ મૂવમેન્ટ વીથ ફોકસ ઓન રેશ્મી રૂમાલ તેહરિક'
૬. 'મુસ્લિમ ફ્રીડમ ફાઈટર્સ : કન્ટ્રીબ્યુશન્સ ઓફ ઈન્ડિયન મુસ્લિમ ઈન ધ ફ્રીડમ મૂવમેન્ટ'
૭. 'મુસ્લિમ મુજાહિદ્દીન એ આઝાદી ઔર તેહરિક એ આઝાદી મેં ઉનકી ખિદમાત'
૮. 'અન્ડર સ્ટેન્ડિંગ મુસ્લિમ લીડરશીપ ઈન ઈન્ડિયા'

આ ઉપરાંત પણ એમણે સંખ્યાબંધ લેખો-પુસ્તકો લખ્યા છે. તેમનું ઈમેઈલ એડ્રેસ syedurahman@gmail.com

### રાજ્ય સરકારના ખેડૂતોના પેકેજથી પણ મોટી જાહેરાત સહકારી બેન્ક દ્વારા કરાતા ચર્ચામાં

## નુકસાનમાં સહારો શોધતા ખેડૂતોને રૂ.૧૦૦૦ કરોડની લોન ઝીરો ટકા વ્યાજે આપવાની જાહેરાત

### કોઈ ડોક્યુમેન્ટ કે જામીન વિના મળશે લોન, બેન્કને ૧૦૦ કરોડનો પડશે બોજ : રાદડીયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

રાજકોટ અને મોરબી સહિત સૌરાષ્ટ્રના અને ગુજરાતના ખેડૂતોને આ વખતે મોટા પાયે નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. વાવાઝોડા, કમોસમી માવઠા, ક્યાંક પાછોતરો વરસાદ આ કારણોસર ખેડૂતોને મોટા પાયે નુકસાન થયું છે. ખેડૂતોને મગફળી, કપાસ, સોયાબીન, તુવેર તથા મરચીના જેવા તૈયાર પાકને ખુબ નુકસાન થયું છે. ત્યારે રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકના ચેરમેન અને ધારાસભ્ય જયેશ રાદડિયાએ આજે રાજકોટમાં પ્રેસ કોન્ફરન્સ કરીને જગતના તાત માટે વવગર વ્યાજની લોન સહિતની મોટી જાહેરાતો કરી છે.

રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકના ચેરમેન જયેશ રાદડિયાએ જણાવ્યું કે રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંક ખેડૂતોને વગર વ્યાજે લોન આપશે. રાજકોટ જિલ્લા બેંક એ ખેડૂતોની બેંક છે. સૌરાષ્ટ્રમાં આ વર્ષે વરસાદને કારણે ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાન થયુ છે. રાજકોટ જિલ્લા બેંક હંમેશા ખેડૂતોની સાથે રહી છે. ખેડૂતોને વરસાદને કારણે થયેલા નુકસાનને કારણે બેંકના બોર્ડે નિર્ણય કર્યો છે. જેમાં રાજકોટ અને મોરબી જિલ્લાના ખેડૂત સભાસદો માટે આ જાહેરાત કરવામાં આવી છે. જે મુજબ ૧૦૦૦ કરોડની લોન ખેડૂતોને ૦ ટકા વ્યાજે ૧ વર્ષ માટે આપવામાં આવશે. ખેડૂતોને ૧ હેકટર દીઠ ૧૦,૦૦૦ રૂપિયા અને ૫ હેકટર સુધી સહાય મળશે. વર્ષે ૧૦૦ કરોડની બેંકને નુકસાની જશે, જે ખેડૂતોને રાહત આપીએ છીએ. બેંક સાથે જોડાયેલા ખેડૂત સભાસદોને આ લોનનો લાભ મળશે. ૨ લાખ ખેડૂતોને આ લાભ મળશે. સૌથી મહત્વની વાત એ છે કે આના માટે કોઈ મોર્ગેજ કે અન્ય ડોક્યુમેન્ટ પ્રક્રિયા કરવાની રહેશે નહીં.

આ સાથે તેમણે આવી સ્થિતિમાં ખેડૂતોને ઊંચા વ્યાજે ક્યાય પૈસા લેવા ન જાય તેવી અપીલ પણ કરી હતી. તેમણે કહ્યું કે અમારી બેંક પાસે ખેડૂતો આવે અને સભાસદ બની લોનનો લાભ લે. એક ખેડૂત વધારેમાં વધારે ૫૦ હજાર રૂપિયાની લોન લઈ શકશે. એક વર્ષમાં લોન પરત કરવાની રહેશે. ખેડૂતોએ કોઈ જ પ્રકારની જામીન આપવાની રહેશે નહીં. ખેડૂતોને ઝીરો ટકા લોન આપવાને કારણે બેંકને ૧૦૦ કરોડ રૂપિયાનો બોજો પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે જયેશ રાદડિયા એ સૌરાષ્ટ્રના પીઢ રાજકારણી અને ખેડૂત નેતા વિઠ્ઠલભાઈ રાદડિયાનો દીકરો હોવાનું સાબિત કરી દીધું છે.



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રિયદાસ સ્વામી મહારાજની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગર પરિસરમાં ૬૦' X ૬૦' સૌર ઊર્જા રંગોળીનું નિર્માણ કરાયું છે. સ્વયં લિખિત સર્વજીવ હિતાવહ શિક્ષાપત્રીનો દ્વિશતાબ્દી મહોત્સવ આવી રહ્યો છે ત્યારે રંગોળીનું આયોજન કરાયું છે. સૌર ઊર્જા રંગોળીમાં અમૃત કુંભ, દીપાવલીનો દીવો, ૧૦' X ૧૦'ની ત્રણ રંગોળ, ભવ્ય ૩૦ ફૂટ ઊંચો દીપમ મંડપમ વિવિધ બેનરો વગેરે આકર્ષણ કેન્દ્ર બન્યું છે

### ધાર્મિક કાર્યક્રમ

## હઝરત ખ્વાજા અબ્દાલ શહીદ (ર.અ.)ના ઉર્સ શરીફની ઉજવણી કરાશે

આસ્ટોડિયા દરવાજા બહાર, ભુતની આંબણી અબ્દાલવાડ, ગુંદીવાડ, બાલાપીરની દરગાહ પાસે આવેલ હઝરત ખ્વાજા અબ્દાલ શહીદ (ર.અ.)ના ઉર્સ શરીફની ઉજવાણી નિમિત્તે આવતીકાલ ગુરૂવારે ઝોહરની નમાજ બાદ કુર્આનખ્વાની, તા.૧-૧૧-૨૪ ઈશાની નમાજ બાદ ગુસલ શરીફ તથા તા.૨-૧૧-૨૪ શનિવારે ઈશાની નમાજ બાદ સંદલ શરીફ અને તા.૩-૧૧-૨૪ રવિવારે ઉર્સ શરીફની ઉજવણી કરાશે જેમાં મગરીબની નમાજ બાદ ગીલાફપોશી તથા નિયાજનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

**જાહેર નોટીસ** આથી અમારા અસીલ મોહંમદ ઈકબાલ મોહંમદ અહેમદ કુરેશી ઠે.: બી-૧૧, ફીરદોશ કમ્પાઉન્ડ, પાનવાલી ચાલી પાસે, શાહઆલમ, અમદાવાદનાઓની સૂચના અને ફરમાઈશથી જાહેર જનતાને આ ચેતવણી આપી જણાવવાનું કે, અમારા અસીલના પુત્ર નામે શાનુ ઈકબાલ કુરેશી ઠે.: ૩૫, ત્રીજો માળ, અલ-રજ્જાક ફ્લેટ, ચિરાગ પાર્ક, દાણીલીમડા, અમદાવાદનાઓ અમારા અસીલના કહ્યામાં નથી અને સ્વચ્છંદી રીતે વર્તન કરતા આવેલા છે તેમજ અમારા અસીલ પ્રત્યે તેઓની કોઈ સામાજિક કે અન્ય પ્રકારની જવાબદારીઓ અને ફરજો અદા કરવામાં પણ સતત નિષ્ફળ ગયેલ છે તેઓ એક જવાબદાર વ્યક્તિ તરીકે વર્તવામાં પણ નિષ્ફળ ગયેલ છે. અમારા અસીલના તેઓ સાથે વર્ષો પહેલાથી કોઈ આર્થિક, નાણાંકિય કે મિલકતને લગતા સંબંધો અસ્તિત્વમાં નથી તેઓના બેજવાબદાર વર્તનના કારણે અમારા અસીલે તેઓને સામાજિક સંબંધોમાંથી પણ બેદખલ કરવાનો નિર્ણય લેવાની ફરજ પડેલ છે. જેથી અમારા અસીલના પુત્ર શાનુ ઈકબાલભાઈ કુરેશી સાથે અમારા અસીલ વતી કે અમારા અસીલના નામે કોઈએ કોઈપણ જાતનો આર્થિક, વ્યવહાર કરવો કે કરાવવો નહી જો કોઈ આવો વ્યવહાર કરશે તો તેની સંપુર્ણ જવાબદારી જે તે વ્યક્તિની પોતાની રહેશે, અમારા અસીલની કોઈપણ જાતની જવાબદારી છે કે રહેશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી, અમદાવાદ તા. ૨૪-૧૦-૨૦૨૪

**અમારી સૂચના અને ફરમાઇશથી : મોહંમદઇકબાલ મોહંમદઅહેમદ કુરેશી**

Salim M. Saiyed (Advocate) 706, Titanium One, Beside Rajpath Club, Nr. Pakwan Cross Road, Bodekdev, S.G. Highway, Ahmedabad-380054. M.: 9737388488

# ભારતમાં સદીઓથી દિવાળી ઊજવતા આવ્યા છે મુસ્લિમો




(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

દિવાળી પર ફટાકડા ફૂટે એટલે દરેક વખતે પર્યાવરણને અને હવામાનને નુકસાનની વાતો થવા લાગે છે અને ચર્ચા અને વાદવિવાદ થતા રહે છે. તો વળી કેટલાક એવું કહે છે કે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકવાનું પગલું એ હિન્દુ વિરોધી કહેવાય પણ ઘણાને એ જાણીને આશ્ચર્ય થશે કે મુસ્લિમો આજથી નહીં સદીઓથી ભવ્ય રીતે દિવાળી ઉજવતા આવ્યા છે અને દિવાળીની આ ઉજવણી અને આ પરંપરાના મૂળ છેક મોગલ શાસકો સુધી પહોંચે છે અને એમના સમયમાં એટલે કે મોગલ સમ્રાટો અને બાદશાહો દ્વારા દિવાળીની શાનદાર રીતે ઉજવણી કરવામાં આવતી હતી અને એ જ આપણી પરંપરા રહી છે. દિવાળીની ઉજવણીના મૂળિયા ઘણા ઊંડા છે અને સદીઓ પાછળ સુધી જાય છે.

દિલ્હી પર ઈ.સ. ૧૩૨૪થી ૧૩૫૧ સુધી શાસન કરનાર મોહમ્મદ બિન તુઘલક નામનો બાદશાહ તેના દરબારમાં હિન્દુ તહેવારની ઉજવણી કરનાર પહેલો બાદશાહ હતો. સમન્વય અને એકતા સાથે અને લહેજતદાર સ્વાદિષ્ટ ભોજનની થાળીઓ સાથે તુઘલક તેની હિન્દુ પત્નીઓ સાથે હિન્દુ તહેવારોની ઉજવણી કરતો હતો. ભલે બહુ ભવ્ય રીતે નહીં પણ સારી રીતે ઉજવણી થતી હતી અને આ પરંપરા મોગલ સમ્રાટ અકબરના સમય સુધી ચાલતી રહી

## મોગલ શાસકો દ્વારા કઈ રીતે ઊજવાતી દિવાળી અને કઈ રીતે સાંસ્કૃતિક અને સામાજિક સમન્વય સાધવામાં આવતો એ જાણવા જેવું અને આજના મુસ્લિમો કેવી રીતે દિવાળી ઊજવે છે એ પણ સમજવા જેવું

એટલે કે પેઢીઓ સુધી ચાલતી રહી. અત્યાર સુધી શાંતિથી ઉજવણી થતી હતી પણ મોગલ સમ્રાટ તરીકે બાદશાહ અકબર ગાદી પર બેઠો એ પછી મોગલ દરબારમાં દિવાળીની ભવ્ય અને આલીશાન રીતે ઉજવણી થવા લાગી હતી અને અકબરના કહેવાથી જ આવી રીતે ભવ્ય ઉજવણી થતી હતી. એ સમયે દિવાળી તહેવાર જશ્ને ચિરાગ તરીકે ઓળખાતો હતો અને લાલ કિલ્લામાં રંગ મહેલમાં દિવાળીની અભૂતપૂર્વ અને શાનદાર ઉજવણી થતી હતી અને મોગલ બાદશાહ અકબરની નજર સામે અને તેની હાજરીમાં દીપાવલીની ઉજવણીના કાર્યક્રમ યોજાતા હતા. દિવાળી પર બધા દરબારીઓને અને આમ જનતાને મીઠાઈની વહેંચણી કરવાની પરંપરા શરૂ કરનાર બાદશાહ અકબર જ હતો અને આ પ્રસંગે મોગલ શહેનશાહના રસોડામાં જાતજાતની સ્વાદિષ્ટ વાનગીઓ તૈયાર કરવામાં આવતી હતી અને મોગલ શહેનશાહના સામ્રાજ્યના તમામ ભાગમાંથી કાબેલ રસોઈયા આવતા હતા અને જાતજાતની અદભુત વાનગીઓ તૈયાર કરતા હતા. ઘેવર, પેઠા, ખીર, પેંડા અને જલેબી, ફિરની તથા શાહી ટુકડા જેવી વાનગીઓ ઉજવણીનો ભાગ બનતી હતી અને શોભા વધારતી હતી અને આવનારા મહેમાનોને આ તમામ સ્વાદિષ્ટ વાનગીઓ પીરસવામાં આવતી હતી. દિપાવલી પર અકબરના દરબારમાં રામાયણનું વાંચન થતું હતું. એ પછી અયોધ્યામાં રામના પુનરાગમન એ વિષય પર ખાસ નાટકનું મંચન પણ કરવામાં આવતું હતું. આ પરંપરાએ અકબરના સામ્રાજ્યને વધુ શક્તિશાળી વિસ્તૃત અને મજબૂત બનાવ્યું હતું. અકબરની આત્મકથા લખનાર અબુલ ફઝલ આઈન-એ-અકબરીમાં લખે છે કે આ પ્રકારની હિન્દુ તહેવારોની ઉજવણીને કારણે અકબરના હિન્દુ રાજાઓ અને જનતા સાથેના સંબંધો વધુ પ્રેમભર્યા અને મજબૂત બન્યા હતા અને આ ઉજવણીમાં જાણીતા મુસ્લિમ વેપારીઓ પણ ભાગ લેવા લાગ્યા હતા. શાહજહાં એક ડગલું આગળ ગયા હતા અને મુસ્લિમોના નવા વર્ષ નવરોજને પણ દિવાળી સાથે મિલાવીને અલગ રીતે બંને તહેવારોની ઉજવણી કરવામાં આવતી હતી અને એ શાહજહાંના સમયના સૌથી મોટા તહેવાર તરીકે મનાવવામાં આવતો હતો. ભારતભરમાંથી કાબેલ રસોઈયા આવતા હતા અને પર્સિયા એટલે કે ઈરાનથી પણ રસોઈયા આવતા હતા અને ૫૬ થાળ મીઠાઈઓના તૈયાર થતા હતા. જે દિવાળીની અનોખી પરંપરા બની રહી હતી. જેવો બાદશાહ પણ દિવાળી પર તમામ દરબારીઓને મીઠાઈ આપતો હતો. એ અત્યારે નોંધવા જેવું છે. ભવ્ય રોશનીનો શણગાર એ મોગલ સામ્રાજ્યમાં દિવાળીની ઉજવણીનો ખૂબ જ રોમાંચક અને આકર્ષક ભાગ ગણાય છે જેને ઈતિહાસકાર આર.નાથ આ રીતે વર્ણવે છે. તેઓ કહે છે કે મોગલ કાળનો અગ્નિ અને પ્રકાશ માટેનો કાયમી સ્ત્રોત સૂરજક્રાંત હતો જે એક ખાસ પ્રકારનો ચમકદાર પથ્થર ગણાય છે જ્યારે સૂર્ય મેષ રાશિમાં પ્રવેશ કરતો ત્યારે શાહી દરબારના નોકરો સૂરજક્રાંત અને સૂર્યના કિરણોની સામે રાખતા હતા અને એક કપડું તેમાં તેની નજીક રાખવામાં આવતું હતું ગરમીને કારણે એ કપડું સળગવા લાગતું હતુ અને તેમાંથી એક અદભુત પ્રકાશ પ્રગટ થતો હતો જે આગીનગીરમાં રાખવામાં આવતો હતો જેને આકાશ દિયા નામ આપવામાં આવતો હતો જેના પ્રકાશના કિરણો ૪૦ થાંભલાની ઊંચાઈ સુધી પહોંચતા હતા. આ આકાશ દિયા મોગલ સામ્રાજ્યની ઉજવણીનો ખાસ હિસ્સો હતો. આ પરંપરા શાહજહાંએ શરૂ કરી હતી જ્યારે તેને શાહજહાંબાદ નામનું શહેર વસાવ્યું હતું ત્યારે તેને આકાશ દિયાની પરંપરાને ધાર્મિક એકતાનું રૂપ આપ્યું હતું. દિવાળી પર યમુના નદીના કાંઠે દર દિવાળી પર ફટાકડા ફોડવાની પરંપરા પણ શાહજહાં દ્વારા શરૂ કરવામાં આવી હતી.

મોગલ સામ્રાજ્યના આખરી શહેનશાહ બહાદુર શાહ ઝફર દિવાળી પર લાલ કિલ્લા ખાતે ખાસ નાટકનું આયોજન કરતા હતા અને લક્ષ્મી પૂજા પણ થતી હતી. જેમાં જાહેર જનતા ભાગ લઈ શકતી હતી. એ પછી જામા મસ્જિદ દિલ્હી પાસે શાનદાર આતશબાજી થતી હતી અને ફટાકડા ફોડવામાં આવતા હતા. આ વખતે બાદશાહ ઝફરની અનાજ, સોનું, ચાંદી વગેરે ચીજોથી વજન તુલા કરવામાં આવતી હતી અને આ તમામ ચીજો ગરીબોમાં વહેંચી દેવામાં આવતી હતી. આ સમયે દરબારના હિન્દુ અધિકારીઓ પણ હાજર રહેતા હતા અને એમને ખાસ ભેટ આપવામાં આવતી હતી. આજના યુગમાં પણ મુસ્લિમો ભવ્ય રીતે આ પરંપરાને આગળ વધારી રહ્યા છે અને દિપાવલીની ઉજવણી કરીને સામાજિક એકતાનો સંદેશો આપી રહ્યા છે. મુંબઈમાં દિપાવલી પર હાજીઅલી બાવાની દરગાહ પર રોશની કરવામાં આવે છે અને ભવ્ય રીતે શણગાર કરવામાં આવે છે. એ જ રીતે દિલ્હીમાં હઝરત નિઝામુદ્દીન ઓલિયાની દરગાહ પર ભવ્ય શણગાર કરવામાં આવે છે અને રોશની પણ કરવામાં આવે છે. મુસ્લિમો દિવાળીની ઉજવણીનો એક અતૂટ હિસ્સો હંમેશા માટે રહ્યા છે. પુણે પાસે શનિવાદવાડામાં આવેલી બાબાહજરત મકબુલ હુસેન મદનીની દરગાહને શણગારવામાં આવે છે અને સેંકડો દીપક પ્રગટાવવામાં આવે છે. ખાસ દિયા પ્રકાશથી આખી દરગાહ ઝગમગી ઊઠે છે. શનિવારવાડાના લોકો ખાસ દિયા ખરીદે છે અને એ તમામ દીપક દરગાહમાં પ્રગટાવવામાં આવે છે. આ દરગાહ ૧૩મી સદીમાં બનેલી છે અને છેલ્લા કેટલાય દાયકાઓથી અહીં દીપ પ્રાગટ્ય દિવાળી પર થાય છે. રાજસ્થાનના ઝુનઝુનુ ખાતે આવેલી કમરૂદ્દીન શાહ બાબાની દરગાહ પર હિન્દુઓ અને મુસ્લિમો દ્વારા દિવાળીની ભવ્ય ઉજવણી સાથે મળીને કરવામાં આવે છે જે અઢીસો વર્ષ પહેલાં સુફી સંત કમરૂદ્દીન શાહ બાવા અને હિન્દુ ચંચલ નાથજીની અઢીસો વર્ષ પહેલા બંધાયેલી અમર દોસ્તીના પ્રતિક રૂપે અઢીસો વર્ષથી આજ દિન સુધી હિન્દુ-મુસ્લિમો સાથે મળીને એ મહાન દોસ્તીના ઉજવણીના ભાગરૂપે દિપાવલીને મનાવે છે. હિન્દુ મુસ્લિમ એકતાનો સંદેશો આપનાર આ બંને મહાન સંતોની પરંપરા અને એક સારા સંદેશાને આગળ દપાવવામાં આવે છે અને દીવડા પ્રગટાવવામાં આવે છે અને ફટાકડા ફોડવામાં આવે છે. આ રીતે સદીઓથી હિન્દુ અને મુસ્લિમો એકતાનો સંદેશો આપીને દિપાવલીની સાથે મળીને ઉજવણી કરતા આવ્યા છે અને આ આપણી સદીઓ જૂની પરંપરા રહી છે એટલે ફટાકડા ફોડવા પર મનાઈના જે મુદ્દા છે એ કોમવાદ નથી પરંતુ પર્યાવરણને લગતો મુદ્દો છે અને એ રીતે જ બંને કોમોએ એ મુદ્દાને નિહાળવો જોઈએ અને તેના કારણે કોમ વચ્ચે વિભાજન થાય એ થવા દેવું ન જોઈએ. આપણે સદીઓથી દોસ્તી તથા એકતા, પ્રેમ અને એખલાસની ભાવના સાથે દિવાળીની ઉજવણી કરતા આવ્યા છીએ અને આપણી આવનારી પેઢીઓને પણ આપણે આવો જ સંદેશો અને તાલીમ આપવાની રહે છે. જેથી કરીને આપણી નવી પેઢીનો એખલાસભર્યા, એકતાભર્યા અને તંદુરસ્ત વાતાવરણમાં ઉછેર થાય. એટલે નાત, જાત અને કોમના ભેદ વગર અને કોઈ વાડાબંધી વગર આવો આપણે સૌ મળીને આપણી સદીઓ જૂની પરંપરાને વધુ આગળ લઈ જઈએ અને પ્રકાશના પર્વની ઉજવણી કરીને પ્રેમ અને ઉષ્માની વહેંચણી કરીએ. સહુને હેપ્પી દિવાળી.




# યુનિવર્સિટી કેમ્પસમાં મહિલાએ નમાજ અદા કરતાં રૂરકીમાં જોરદાર વિરોધ

(એજન્સી) તા.૩૦

ઉત્તરાખંડના રૂરકી જિલ્લાની ક્વોન્ટમ યુનિવર્સિટીમાં તણાવની સ્થિતિ જોવા મળી રહી છે. ત્યાંનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં એક મહિલા કેમ્પસ પરિસરમાં નમાઝ અદા કરતી જોવા મળે છે. આ મામલે જ હોબાળો મચ્યો હતો અને મોટાપાયે દેખાવો થવાની શરૂઆત થઈ હતી. મહિલાની સંમતિ વિના શૂટ કરવામાં આવેલો આ વીડિયો ટૂંક સમયમાં જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થઈ ગયો. જો કે, પરિસ્થિતિ ટૂંક સમયમાં બગડી હતી કારણ કે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નમાઝ અદા કરતી મહિલાનો વિરોધ કરવા ઊતરી આવ્યા હતા અને



જવાબમાં જય શ્રી રામનો નારા લગાવવાનું શરૂ કર્યું હતું. વિરોધનો વીડિયો પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થયો છે. વીડિયોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, મોટાભાગે છોકરાઓ, ધાર્મિક નારા લગાવતા જોઈ શકાય છે. કોલેજના અધિકારીઓ પણ સ્થળ પર હાજર હોવાના સંકેતો મળી રહ્યા છે.

# નવું પુસ્તક દર્શાવે છે કે કેવી રીતે રમખાણોએ બિનસાંપ્રદાયિક રાજ્યનું ભગવાકરણ કર્યું

(એજન્સી) તા.૩૦

એક નવા પુસ્તકે રાજ્યના વ્યવસ્થિત ભગવાકરણમાં મદદરૂપ થયેલા વિવિધ પરિબળો પર પ્રકાશ ફેંક્યો છે. ઈરફાન એન્જિનિયર અને નેહા દાભાડે દ્વારા લખાયેલ પુસ્તક 'હિન્દુ તહેવારોનું શસ્ત્રીકરણ' ૨૦૨૨-૨૩માં રામ નવમીના સરઘસો દરમિયાન થયેલી સાંપ્રદાયિક હિંસા પર પ્રકાશ પાડે છે. તુષાર ગાંધી દ્વારા લખાયેલ પુસ્તક, દાવો કરે છે કે ૨૦૧૪માં સંપૂર્ણ બહુમતી સાથે કેન્દ્રમાં ભાજપ સરકારની ચૂંટણીએ હિંદુ રાષ્ટ્રવાદી સંગઠનોના એક વર્ગને ઉત્તેજન આપ્યું : હવે તેમની પાસે એક તરફ નાણાકીય સંસાધનો છે અને બીજી તરફ રાજ્યનું સમર્થન અને સલામતીની ખાતરી હતી. તેમની 'ધાર્મિક' સરઘસો આધ્યાત્મિક અથવા ધાર્મિક કારણોને બદલે તેમની શક્તિનું પ્રદર્શન કરીને વધુ પ્રેરિત હતી. નવી દિલ્હી સ્થિત ફેરોસ મીડિયા એન્ડ પબ્લિશિંગ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા



પ્રકાશિત ૨૦૯ પાનાના પુસ્તકમાં કહેવામાં આવ્યું છે કે હિન્દુ રાષ્ટ્રવાદીઓ તેમના પોતાના સરઘસો કાઢે છે અથવા પરંપરાગત સરઘસોમાં જોડાયા છે, જ્યાં તેઓ કરી શકે છે અને તેમની શક્તિનું પ્રદર્શન કરી શકે છે. આ પ્રક્રિયામાં તે સામાન્ય બની ગયું છે કે આવા સરઘસો મુસ્લિમ પ્રભુત્વવાળા વિસ્તારોમાંથી પસાર થવા માટે નિયમિત રીતે સંમત અથવા પરવાનગી આપેલા માર્ગોથી ભટકી જાય છે. તેઓ ખુલ્લેઆમ શસ્ત્રો વગાડતા હતા, મસ્જિદો પાસે મુસ્લિમ પ્રાર્થનાના સમય સહિત લાંબા કલાકો સુધી ઊંચા અવાજે ડીજે વગાડતા હતા અને મુસ્લિમોનું અપમાન કરતા સૂત્રોચ્ચાર કરતા હતા. ઈસ્લામોફોબિયાના આ ખુલ્લા પ્રદર્શન દરમિયાન, પુસ્તક કહે છે કે હિંદુ રાષ્ટ્રવાદીઓ કોઈપણ વાંધાનો હિંસક જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર હતા. વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ દરમિયાન, રામનવમીના સરઘસોને કારણે સમગ્ર ભારતમાં અનેક શહેરોમાં સાંપ્રદાયિક હિંસા થઈ હતી.


દિવાળી પૂર્વે એકતાનગરને સબ-ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલથી લઈ વિવિધ સુવિધાઓની મળી ભેટ

# વડાપ્રધાન મોદી દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે રૂા.૨૮૪ કરોડના પ્રોજેક્ટસનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

## બોન્સાઈ ગાર્ડન, ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સ્માર્ટ બસ-સ્ટોપ, સોલાર પ્રોજેક્ટ વગેરે આકર્ષણો ઉમેરાશે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૩૦

પ્રકાશપર્વ દિવાળી અને સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની પૂર્વ સંધ્યાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકતા નગરને મોટી ભેટ આપતાં રૂા. ૨૮૪ કરોડથી વધુના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. આ અવસરે તેમણે નવા પ્રવાસન અને આકર્ષણ કેન્દ્રોની સાથે સાથે પ્રવાસન કાર્યના વિકાસને પ્રોત્સાહન આપતાં પ્રોજેક્ટ્સનું અનાવરણ કર્યું હતું, જે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારને વધુ વૈશ્વિક પ્રતિષ્ઠા અપાવશે.તેમજ એકતાનગર ખાતે આવતા પ્રવાસીઓને વૈશ્વિક કક્ષાની સવલતો પ્રાપ્ત થશે. વિશ્વ પ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી આજકાલ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. આ વૈશ્વિક પ્રવાસન સ્થળની સ્થાપનાને વધુ મજબૂત બનાવવા માટે આજે વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ થયું. બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર



સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર જેવા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ અને ૫૦ બેડની ક્ષમતા ધરાવતી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના ઉદ્ઘાટન સાથે હવે એકતા નગરમાં આરોગ્ય અને જનસુવિધાઓ બંનેને નવી ઉંચાઈ મળી છે. વડાપ્રધાનએ ૨૨ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું, જેની સાથે ટ્રોમા સેન્ટર, સિટી સ્કેન, ICU, લેબર રૂમ અને ઓપરેશન થિયેટર જેવી પ્રાથમિક આરોગ્યસુવિધાઓ નાગરિકો માટે ઉપલબ્ધ થશે. આ સાથે, ICU ઓન-વ્હીલ્સની નવી સેવાઓ પણ શરુ કરવામાં આવી છે, જેને કારણે વિકટ પરિસ્થિતિઓમાં પણ તાત્કાલિક સારવાર ઉપલબ્ધ થશે. ટ્રાફિક વ્યવસ્થાપન અને એકતાનગરની સુંદરતાને વધારવા વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક સર્કલ્સ બ્યુટીફિકેશન બનાવવામાં સાથે ૧૦ સ્માર્ટ બસ સ્ટોપ અને ૧૦ પિક-અપ સ્ટેન્ડનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેના પ્રથમ તબક્કાનું લોકાર્પણ કરાયું હતું. અગાઉ ૨૦ દિવસના શિલ્પ સિમ્પોઝિયમના ભાગરૂપે 'પાણી, પ્રકૃતિ અને એકતા' પર આધારિત ૨૪ શિલ્પકૃતિઓ બનાવવામાં આવી હતી. આ શિલ્પો હવે એકતાનગરના વિવિધ જાહેર સ્થળોએ સ્થાપિત કરવામાં આવ્યા છે, જે આકર્ષણમાં વધારો કરશે. વડાપ્રધાને બસખાડીથી વ્યુપોઈન્ટ-૧ સુધીના વૉકવે તેમજ એકતા દ્વારથી શ્રેષ્ઠ ભારત ભવન સુધીના નવનિર્મિત માર્ગોના પ્રથમ તબક્કાનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. આ સાથે વડાપ્રધાને રૂા.૨૩.૨૬ કરોડના ખર્ચે ૪ મેગાવોટ સોલાર પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કર્યું, ૨૦૨૩માં આવેલા પૂરનાં નુકસાનને ધ્યાનમાં રાખીને કેક્ટસ ગાર્ડન નજીક પ્રોટેક્શન વોલનો વિસ્તાર કરવામાં આવશે, ગરૂડેશ્વર ખાતે રૂા.૯૦ કરોડના ખર્ચે હૉસ્પિટાલિટી ડિસ્ટ્રિક્ટના પુનર્વિકાસ માટે જમીનનું સ્તર ઊંચું કરવાનું કામ હાથ ધરાયું છે, જેથી ભવિષ્યમાં પૂરથી સુરક્ષા મળે અને વિકાસ યથાવત્ રહે. પ્રધાનમંત્રીએ એકતાનગર ખાતે સાકાર થઇ રહેલા પ્રકલ્પ-પ્રોજેક્ટ પ્રદર્શનિનું નિરિક્ષણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય સચિવ રાજકુમાર, નર્મદા નિગમના CMD અને SOU ઓથોરિટીના ચેરમેન મુકેશ પુરી, SOUના મુખ્ય કારોબારી અધિકારી ઉદિત અગ્રવાલ, સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ભાજપમાંથી બળવો કરી અપક્ષ ઉમેદવારી કરનારને મનાવવાના પ્રયાસો રહ્યા નિષ્ફળ

# વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં હવે ત્રિપાંખિયો જંગ ખેલાશે : કુલ ૧૦ ઉમેદવાર રહ્યા મેદાનમાં

## ગેનીબેન ઠાકોરના કૌટુંબિક કાકા માની જતા ફોર્મ પરત ખેંચ્યું : હવે ઠાકોર-રાજપૂત-ચૌધરી વચ્ચે ટક્કર

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૩૦

વાવ વિધાનભાની પેટાચૂંટણી માટે રાજકીય પક્ષો જોરશોરથી પ્રચારમાં લાગી ગયા છે. ત્યારે બીજી તરફ ચૂંટણી જંગનું ચિત્ર હવે સ્પષ્ટ થઈ રહ્યું છે. વાવ વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણી માટે આગામી તા.૧૩ નવેમ્બરના રોજ મતદાન યોજાનાર છે. ત્યારે તા.૧૮ ઑક્ટોબરથી તા.૨૫ ઑક્ટોબર દરમિયાન કુલ ૨૧ ઉમેદવારીપત્રો ભરાયા હતા. જેની આજે તા.૨૮ ઑક્ટોબરના રોજ ચકાસણી અને તા.૩૦ ઑક્ટોબર સુધીમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ હવે કુલ ૧૦ ઉમેદવારો વાવ વિધાનસભા બેઠક માટે ચૂંટણી જંગમાં રહેશે.

વાવ વિધાનસભા મતદાર વિભાગ માટે ભરાયેલા કુલ ૨૧ ઉમેદવારો પૈકી ચકાસણી અને ફોર્મ પાછા ખેંચાવાની પ્રક્રિયા બાદ માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય સ્તરના રાજકીય પક્ષના એટલે કે ભાજપ-કોંગ્રેસના બે ઉમેદવારો તથા નોંધાયેલા રાજકીય પક્ષના એક ઉમેદવાર ઉપરાંત સાત અન્ય સાત અપક્ષ ઉમેદવાર મળી કુલ દસ ૧૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ યોજાશે. આમ હવે ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલ વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાશે. ગેનીબેન ઠાકોર સાંસદ બન્યાં બાદ ખાલી પડેલી વાવ વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી યોજાઈ રહી છે. ઉમેદવારીપત્ર પરત ખેંચવાની મુદત પૂર્ણ થઈ ચૂકી છે. ૫ અપક્ષોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી લેતા વાવની પેટાચૂંટણીના જંગમાં હવે કુલ ૧૦ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ભાજપમાંથી બળવો કરી અપક્ષ તરીકે ફોર્મ ભરનાર માવજી પટેલને મનાવી લેવા માટે પ્રયાસો કરાયા હતા. પરંતુ, માવજી પટેલે મંગળવારે રાત્રે જ પોતાની ઉમેદવારી યથાવત રાખવાની જાહેરાત કરી દીધી હતી. તો બીજી તરફ ગેનીબેન ઠાકોરના કૌટુંબિક કાકા ભૂરાજી ઠાકોરને પણ ભાજપે ટિકિટ ન આપતા અપક્ષ તરીકે ઉમેદવારી કરી હતી. જો કે, આજે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ભૂરાજીને સમજાવવામાં ભાજપના નેતાઓ સફળ રહ્યા હતા. વાવ વિધાનસભાની પેટાચૂંટણીમાં માવજી પટેલે પોતાની ઉમેદવારી યથાવત રાખતા હવે ઠાકોર, રાજપૂત અને ચૌધરી ઉમેદવારો વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળે તેવી પૂરી શક્યતા છે. કારણ કે, માવજીભાઈ ભૂતકાળમાં જે ચૂંટણી લડ્યા છે તેમાં હાર્યા હોય કે જીત્યા હોય પરંતુ નોંધપાત્ર મત મેળવવામાં તેઓ હંમેશાં સફળ રહ્યા છે. વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ફોર્મની ચકાસણી પૂર્ણ થયા બાદ કુલ ૧૫ ઉમેદવારોના ફોર્મ મંજૂર કરાયા હતા. ત્યારબાદ અપક્ષ તરીકે ઉમેદવારી કરનારા જામાભાઈ ચૌધરી, ભૂરાજી ઠાકોર, ગોવિંદરામ ગામોટ, ચમનસભાઈ પીરાબાઈ સોલંકી અને કલાલ નાગરજીભાઈએ પોતાની ઉમેદવારી પરત ખેંચી લેતા હવે પેટાચૂંટણીમાં કુલ ૧૦ ઉમેદવારો રહ્યા છે. જેમાં ગેનીબેન ઠાકોરના કૌટુંબિક કાકા ભૂરાજી ઠાકોરે પણ ભાજપે ટિકિટ ન આપતા નારાજ થઈને અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. જો કે, આજે ફોર્મ પરત ખેંચવાની મુદત પૂર્ણ થાય તે પહેલા જ ભૂરાજીએ અપક્ષ તરીકેની પોતાની ઉમેદવારી પરત ખેંચી હતી. અપક્ષ ઉમેદવાર માવજી પટેલે કહ્યું હતું કે, મેં કોઈ પક્ષવિરોધી પ્રવૃતિ નથી કરી. લોકશાહીમાં અધિકાર છે ટિકિટ ન આપે તો હું ચૂંટણી લડી શકું. હું તો લોકોનો જનપ્રતિનિધિ થઈશ અને રહીશ. અગાઉ ઘણી ચૂંટણી લડ્યો છું અત્યારે તે રીતે જ લડીશ. પ્રદેશના આગેવાનોના ફોન આવ્યા હતા તેઓએ નારાજગી અંગે પૂછ્યું હતું. મારો કોઈ નારજગી નથી.

ભાજપે માવજીભાઈને મનાવવાના પ્રયાસો કર્યા હતા પરિસ્થિતિ ભાપી જતા ભાજપે પણ માવજીભાઈનાં મનામણાં શરૂ થયાં હતાં. બે દિવસ પહેલાં થરાદમાં આવેલી માવજી પટેલની શૈક્ષણિક સંસ્થામાં બનાસકાંઠાના પૂર્વ સાંસદ પરબત પટેલ, મહામંત્રી કનુભાઈ વ્યાસ અને ભાજપના આગેવાન વસંત પુરોહિતે માવજીભાઈ સાથે બેઠક કરી હતી. મનાવવા પ્રયાસો કર્યા હતા.

દિવાળીના તહેવારોમાં ટ્રાફિક અવેરનેસ માટે પોલીસ તંત્ર અપનાવશે નવતર અભિગમ

# રાજ્યમાં હાઈવે-ટ્રાફિક જંકશન સહિતના વિસ્તારોમાં ટ્રાફિક પોલીસ ગુના બદલ ફૂલ આપતી જોવા મળશે

## તા.૩૦થી ૬ નવેમ્બર દંડ નહીં પરંતુ ફૂલ અને ભૂલ અંગે પેમ્ફલેટ આપી સમજાવાશે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૩૦

ગુજરાત પોલીસ દ્વારા દિવાળીના તહેવારો દરમિયાન રાજ્યભરમાં ટ્રાફિક અવેરનેસ માટે એક નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ તહેવારોમાં અલગ અલગ માર્કેટ પ્લેસ, હાઈવે કે વિવિધ સર્કલ ઉપર ઉભી રહેતી પોલીસ 'પાવતી બુક' લઈને દંડવા માટે નહિ, પરંતુ ફૂલ અને ટ્રાફિક અવેરનેસ પેમ્ફલેટ લઈને ઉભેલી જોવા મળશે. ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહન ચાલકને પોલીસ દ્વારા ફૂલ આપીને તેમણે જે નિયમનો ભંગ કરવાની ભૂલ કરી છે તેનાથી તેમને તથા તેમના પરિવારને શુ નુકશાન થઈ શકે છે અને માનવજીવનનુ મુલ્ય વાહનચાલકના પોતાના પરિવાર માટે કેટલુ વિશેષ છે તેની સમજ આપવામાં આવશે. દિવાળીના તહેવારો દરમિયાન રાજ્યમાં વાહનોની અવર-જવર વધુ પ્રમાણમાં રહેશે. જેથી, રાજ્યભરમાં માર્ગ સલામતિ અંતર્ગત ટ્રાફિકના નિયમોની અમલવારી કરાવવા માટે તેમજ વાહન ચાલકોમાં જાગૃતિ લાવવા ઉપરાંત માર્ગ અકસ્માતોના બનાવો ન બને અને વાહન ચાલક તેમજ તેમના પરિવારની સલામતિ જળવાય તે માટે ટ્રાફિક અવેરનેસનો આ નવતર અભિગમ અપનાવ્યો છે. આજે તા.૩૦મી ઓક્ટોબરથી તા.૦૬ઠ્ઠી નવેમ્બર દરમિયાન હેલ્મેટ, સીટ બેલ્ટ, ઓવર સ્પીડ, રોંગ સાઈટ ડ્રાઈવીંગ તેમજ લેન ભંગ સહિતના ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકને તેમણે જે નિયમ ભંગ કર્યો છે તે મુજબનું અવેરનેસ પેમ્ફલેટ પોલીસ દ્વારા આપવામાં આવશે. તેની સાથે સાંકેતિકરૂપે વાહન ચાલકને ફૂલ આપી ટ્રાફિક નિયમોની સમજ આપવામાં આવશે અને હવેથી ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા સમજાવવામાં આવશે. એટલે કે રાજ્યભરમાં લોકોને ભવિષ્યમાં દંડાત્મક કાર્યવાહીથી બચાવવા તથા પોતાનું હિત જોવા માટે જાગૃત કરવામાં આવશે.

# CBSE સ્કૂલોમાં શિક્ષક બનવા ૧૪ ડિસેમ્બરે પરીક્ષા લેવામાં આવશે

## CTETની પરીક્ષા દેશના ૧૩૬ શહેરોમાંથી લેવાનું બોર્ડ દ્વારા આયોજન કરાયું | પરીક્ષાને લઈને આગામી દિવસોમાં બોર્ડ દ્વારા એડમિટી કાર્ડ ઈશ્યુ કરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૦

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) સંલગ્ન સ્કૂલોમાં શિક્ષક બનવા માટેની CTETની પરીક્ષા ૧૪ ડિસેમ્બરના રોજ લેવામાં આવશે. અગાઉ આ પરીક્ષા ૧૫ ડિસેમ્બરના રોજ લેવાનું આયોજન કરાયું હતું, પરંતુ અમુક રાજ્યોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓને ધ્યાને લઈને પરીક્ષા ૧૪ ડિસેમ્બરના રોજ લઈ જવામાં આવી છે. આ માટે આગામી દિવસોમાં બોર્ડ દ્વારા એડમિટ કાર્ડ ઈશ્યુ કરવામાં આવશે. આ પરીક્ષા દેશના ૧૩૬ શહેરોમાં ઓફલાઈન મોડથી લેવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ટૂંક સમયમાં જ સેન્ટ્રલ ટીચર એલિજિબિલિટી ટેસ્ટ (CTET) માટે એડમિટ કાર્ડ જાહેર કરવાનું આયોજન કરાયું છે. આ વર્ષની પરીક્ષા ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી પરીક્ષા માટેના ઉમેદવારો ટૂંક સમયમાં સત્તાવાર વેબસાઈટ પર જઈને તેમના એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકશે. એકવાર એડમિટ કાર્ડ જાહેર થઈ ગયા પછી, તેને ડાઉનલોડ કરવાની પ્રક્રિયા એકદમ સરળ હશે. જોકે, CBSE બોર્ડ હજુ સુધી એડમિટ કાર્ડ જાહેર કરવાની ચોક્કસ તારીખ જાહેર કરી નથી.

CBSE બોર્ડ દ્વારા અગાઉ ૧ ડિસેમ્બરના રોજ પરીક્ષા લેવાનું આયોજન કરાયું હતું. જોકે, ત્યારબાદ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને ૧૫ ડિસેમ્બરના રોજ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ કેટલાક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ લેવામાં આવનાર હોવાથી ઉમેદવારોને મુશ્કેલી પડે તેમ હતું. જેના કારણે, CTET પરીક્ષા ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ શેડ્યૂલ કરવામાં આવી છે. જોકે, જો કોઈ શહેરમાં ઉમેદવારોની સંખ્યા વધુ હશે તો પરીક્ષા ૧૫ ડિસેમ્બરે પણ લેવામાં આવી શકે છે.

CTETની પરીક્ષા પેટર્ન પ્રમાણે બે પેપર લેવામાં આવશે. જેમાં CBSE બોર્ડ સંલગ્ન સ્કૂલોમાં ધોરણ-૧થી ૫ની સ્કૂલોમાં શિક્ષક બનવા માટે ઉમેદવારોએ પેપર-૧ની પરીક્ષા આપવાની રહેશે. જ્યારે ધોરણ-૬થી ૮ની સ્કૂલોમાં શિક્ષક બનવા માટે ઉમેદવારોએ પેપર-૨ની પરીક્ષા આપવાની રહેશે. જોકે, બંને સ્તરે ભણાવવા માંગતા ઉમેદવારોએ બંને પેપર માટે હાજર રહેવાનું રહેશે. આ પરીક્ષા દેશના ૧૩૬ શહેરોમાં ઓફલાઈન મોડમાં લેવામાં આવશે. પરીક્ષા કેન્દ્ર પર દસ્તાવેજો લઈને જવાનું રહેશે. જેમાં ઉમેદવારોએ પરીક્ષા કેન્દ્ર પર તેમના પ્રવેશ કાર્ડ સાથે માન્ય ફોટો ID સાથે રાખવું આવશ્યક છે. આમાં મતદાર આઈડી કાર્ડ, આધાર કાર્ડ અથવા પાસપોર્ટ લઈ જઈ શકાશે. એડમિટ કાર્ડ અને આઈડીની ગેરહાજરીમાં પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. ઘણા કિસ્સામાં ઉમેદવારો માત્ર એડમિટ કાર્ડ લઈને પરીક્ષા આપવા માટે પહોંચી જતાં હોવાથી આઈડી કાર્ડના અભાવે તેમને પરીક્ષા આપતા અટકાવવામાં આવતા હોય છે.

# ખાનગી સ્કૂલોની ફીના સ્લેબ વધારા માટેની કાર્યવાહી એક વર્ષથી ઠેરની ઠેર

- એક વર્ષ પહેલા સમિતિની રચના કરાઈ હતી, પરંતુ હજુ સુધી કોઈ નિર્ણય ન કરાયો
- ફી નિયમન વિધેયક બાદ હજુ સુધી ફીના સ્લેબમાં સુધારો કરવામાં આવ્યો નથી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૦

રાજ્યમાં આવેલી ખાનગી સ્કૂલોનું ફીનું ધોરણ સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યાને સાત વર્ષ થવા આવ્યા બાદ સરકારે ફીના સ્લેબમાં વધારો કરવા માટે કમિટીની રચના કરી હતી. પરંતુ આ કમિટીની રચનાને પણ એક વર્ષ જેટલો સમય થયો હોવા છતાં હજુ સુધી નવા સ્લેબ નક્કી કરવામાં આવ્યા ન હોવાનું જાણવા મળે છે. સ્લેબમાં વધારો થયો ન હોવાના લીધે છેલ્લા કેટલાક વર્ષોથી એફિડેવીટ કરનારી સ્કૂલોને પણ હવે દરખાસ્ત કરવાની ફરજ પડી રહી છે. જેથી દરવર્ષે અન્ય સ્કૂલોની જેમ સ્બેલમાં વધારો કરવામાં આવે તેવી માગણી થઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ૨૦૧૭માં સરકાર દ્વારા ખાનગી સ્કૂલોની ફી પર લગામ કસવા માટે ફી નિયમન વિધેયક પસાર કર્યું હતું. ત્યારબાદ સ્કૂલોની ફીના સ્લેબ નક્કી કરવામાં આવ્યા હતા. જેમાં પ્રાથમિક માટેની ફી રૂા.૧૫ હજાર, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક માટે રૂા.૨૫ હજાર અને સાયન્સ માટે રૂા.૩૦ હજારની ફી સ્લેબ નક્કી કરવામાં આવ્યો હતો. જેથી આ સ્લેબ જેટલી અથવા તેના કરતા ઓછી ફી લેવા માંગતી સ્કૂલોએ ફી કમિટી સમક્ષ એફિડેવીટ કરવાની હોય છે. જ્યારે વધુ ફી લેવા માંગતી સ્કૂલોએ દરખાસ્ત કરવાની હોય છે. દરમિયાન, લાંબા સમય સુધી ખાનગી સ્કૂલોની ફીના સ્લેબમાં ફેરફાર કરાયો ન હોવાથી શિક્ષણ વિભાગ દ્વારા એક વર્ષ પહેલા ખાનગી સ્કૂલોની ફીના સ્લેબમાં સુધારો કરવા માટે સમિતિની રચના કરી હતી. આ સમિતિ દ્વારા વિવિધ પક્ષોને સાંભળ્યા બાદ તે અંગેનો અહેવાલ સુપરત કરવામાં આવનાર હતો અને તેના આધારે શિક્ષણ વિભાગ દ્વારા ખાનગી સ્કૂલોના સ્લેબમાં વધારો કરવાના હતા. જોકે, આ સમિતિની રચના બાદ પણ એક વર્ષ જેટલો સમય થયો હોવા છતાં હજુ સુધી સ્બેલમાં વધારો કરવા અંગેનો નિર્ણય લેવાયો ન હોવાનું જાણવા મળે છે. મોટાભાગે સ્કૂલોની ફીમાં દરવર્ષે વધારો કરવામાં આવતો હોય છે. જેથી સંચાલકો દ્વારા પણ ફીના સ્લેબમાં દરવર્ષે વધારો કરવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે. જોકે, ફીના સ્લેબ અસ્તિતત્વમાં આવ્યા બાદ હજુ સુધી તેમાં એક પણ વખત વધારો કરવામાં આવ્યો ન હોવાથી તાકીદે તેમાં વધારો કરવા માંગણી કરી રહ્યા છે. આ સ્લેબમાં વધારો કરવામાં આવે તો અનેક સ્કૂલો કે જેમને હાલમાં દરખાસ્ત કરવાની રહે છે તે સ્કૂલોને પણ એફિડેવીટ દ્વારા ફી મંજૂર કરાવવા મળી શકે છે.

ડાયમંડ સિટી સુરતના હીરા ઉદ્યોગની કથળતી સ્થિતિ વચ્ચે પડ્યા પર પાટું !

# બેલ્જિયમમાં ૩૦ વર્ષથી ફાયનાન્સ અને ટ્રેડિંગ કરતી પેઢીએ રૂા.૧૪૨ કરોડની નાદારી નોંધાવી

## અનેક નાના-મોટા વેપારીઓ આર્થિક સંકડામણમાં મૂકાઈ જવાના ભયે ચિંતાનો માહોલ

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૩૦

ડાયમંડ સિટી તરીકે જાણીતું બનેલા સુરત શહેરમાં હીરા ઉદ્યોગને છેલ્લા ત્રણ વર્ષથી મંદીની નજર લાગી છે. કોરોના બાદ હીરા ઉદ્યોગને માર પડવાનું શરૂ થઈ ગયું હતું. ત્યારથી લઈને અત્યાર સુધીમાં અનેક નાના-મોટા હીરાના કારખાના બંધ થઈ ગયા. જેના લીધે હજારો રત્નકલાકારો બેરોજગાર બન્યા, આ વચ્ચે યુક્રેન અને રશિયા વચ્ચે અને તે બાદ ઈઝરાયેલ અને પેલેસ્ટીન વચ્ચે જે પ્રકારે યુદ્ધ ચાલી રહ્યું છે તેને જોતાં હીરા ઉદ્યોગ ફરી બેઠો થાય એવું લાગી રહ્યું નથી. ત્યારે આવી



કપરી પરિસ્થિતિમાં બેલ્જિયમની હીરા પેઢીએ ૧૪૨ કરોડની નાદારી નોંધાવતા હીરા ઉદ્યોગ પર પડતા પર પાટું જેવી સ્થિતિ સર્જાઈ છે.

હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તર પર જે પ્રકારે પરિસ્થિતિ સર્જાયેલી છે તેના લીધે બેલ્જિયમમાં ૩૦ વર્ષથી ટ્રેડિંગ-ફાઈનાન્સ કરતી સુરતની જાણિતી કંપનીએ નાદારી નોંધાવી છે. મૂળ સૌરાષ્ટ્રની અને સુરતમાં બિઝનેસ કરતી પેઢીએ ઉઠમણું કરતા હીરા ઉદ્યોગમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. કારણ કે સુરતના વેપારીઓના બેલ્જિયમની બેંકમાં નાણા ફસાઈ ગયા છે. જેના લીધે દિવાળી ટાણે ખરાબ સમચાર મળતાં સુરતના હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓ ચિંતિત થયા છે. વર્ષો જૂની કંપની ૧૪૨ કરોડનું ઉઠમણું કરતાં અનેક નાના મોટા વેપારીઓ આર્થિક સંકડામણમાં મૂકાઇ જશે તેમ જણાય છે.

### ડાયમંડ ઉદ્યોગમાં મંદીને પગલે રોજગારીનો કકળાટ

ડાયમંડ ઉદ્યોગમાં મંદીના પગલે આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યો છે. ઘણા હીરા કારખાનાઓમાંથી રત્ન કલાકારોનેને છૂટા કરવામાં આવી રહ્યા છે. ડાયમંડ ઉદ્યોગ હાલ ભયંકર મંદીમાંથી પસાર થઈ રહ્યો હોવાથી રત્નકલાકારો બેરોજગાર બની રહ્યા છે. જેને લઈ આર્થિક ભીંસમાં રત્નકલાકારો આપઘાત કરી રહ્યા છે. ગત ૧૮ મહિનામાં ૭૦ જેટલા રત્નકલાકારોએ આપઘાત કરી જીવન ટુંકાવ્યું છે.

સગીર પુત્ર દ્વારા કાર અકસ્માતમાં વોચમેનનાં મોતના ચર્ચાસ્પદ મામલામાં

# બિલ્ડર પિતાને જામીન આપતા હુકમ સામે હાઈકોર્ટનો સ્ટે; પોલીસ ફરી ધરપકડ કરી શકે

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૦

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ સંદિપ ભટ્ટે બુધવારે મેજિસ્ટ્રિયલ કોર્ટ દ્વારા બિલ્ડર મિલાપ શાહને જામીન આપવાના આદેશ પર સ્ટે મૂક્યો હતો. બિલ્ડરના સગીર પુત્રએ બોપલ વિસ્તારમાં ચોકીદાર પર મર્સિડીઝ કારની ટક્કર મારતા તેનું મૃત્યુ થયું હતું. ૧૪ સપ્ટેમ્બરના રોજ બનેલી ઘટના પછી, પોલીસે શાહની ધરપકડ કરી છે કારણ કે તેણે તેના સગીર પુત્રને કાર ચલાવવાની મંજૂરી આપી હતી. સગીર પુત્ર પાસે લાઈસન્સ નથી અને અકસ્માતનું કારણ બની શકે છે તે જાણતા હોવા છતાં કાર આપી હતી. બોપલ પોલીસે શાહને મોટર વાહન અધિનિયમ અને બીએનએસની કલમો હેઠળ આરોપી બનાવવા અંગેનો રિપોર્ટ તૈયાર કર્યો હતો અને બાદમાં મેજિસ્ટ્રેટે ૧૭ સપ્ટેમ્બરના રોજ રિપોર્ટની મંજૂરી આપી હતી. જો કે, જ્યારે પોલીસે શાહને રજૂ કર્યો અને ૧૯ સપ્ટેમ્બરના રોજ ત્રણ દિવસના રિમાન્ડની માંગણી કરી, ત્યારે અન્ય મેજિસ્ટ્રેટે તેમને જામીન આપવાનો આદેશ આપ્યો કે પોલીસે ધરપકડ કરવી જોઈએ નહીં અને ધરપકડ કાયદેસર નથી. મેજિસ્ટ્રેટે પોલીસ પાસેથી ખુલાસો પણ માંગ્યો હતો.

FIR મુજબ, સગીર, કોલેજનો વિદ્યાર્થી, ૧૪ સપ્ટેમ્બરે મિત્રો સાથે જન્મદિવસ ઉજવવા માટે તેના પિતાની મર્સિડીઝ કાર લઈને ગયો હતો. તે સાંજે બોપલના સોબો સેન્ટર નજીક કાર ચલાવી રહ્યો હતો. તે સમયે શાશ્વત બંગ્લોઝમાં કામ કરતો સિક્યોરિટી ગાર્ડ ગોવિંદસિંહ (૩૪) રોડ ક્રોસ કરી રહ્યો હતો. ઝડપથી આવી રહેલી મર્સિડીઝે તેને ટક્કર મારતાં તે હવામાં ફંગોળાયો હતો. તેને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જોકે, ટૂંકી સારવાર બાદ તેનું મૃત્યુ થયું હતું. તપાસ કરતાં જાણવા મળ્યું કે આ કાર મિલાપ શાહ નામના બિલ્ડરની છે, જેનું ઘર બોપલ-આંબલી રોડ પર આવેલું છે. બોપલ પોલીસે શાહ વિરૂદ્ધ તેમના સગીર પુત્રને વાહન ચલાવવાની પરવાનગી આપવા બદલ ગુનો નોંધ્યો છે. પોલીસના જણાવ્યાં મુજબ, જોકે સગીરે તેના પિતાને અકસ્માતની જાણ કરી હતી, પરંતુ બાદમાં તેણે પોલીસને જાણ કરી ન હતી અને તેના પુત્રને બચાવવાનો પ્રયાસ કર્યો હતો.

ગુજરાત ટુડે દિપોત્સવી વિશેષાંક

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ 'ગુજરાત ટુડે' દૈનિક દિપોત્સવી વિશેષાંક પ્રસિદ્ધ કરવા જઈ રહ્યું છે. આપની જાહેરખબર શુક્રવાર તા.૧ નવે.૨૦૨૪ બપોરના ૧.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

.....તો સત્વરે આપની જાહેરખબર અમારા આપના વિસ્તારના પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી ખાતે સીધી મોકલાવી શકાશે.

વ્યવસ્થાપક
જાહેરખબર વિભાગ, ગુજરાત ટુડે દૈનિક,૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮
ફોન : ૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧
E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS